

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

# કુમાર

વર્ષ ૬૯ મું • એપ્રિલ ૧૯૯૬
તંત્રી : ધીરુ પરીખ

૮૧૯ મો અંક

સંસ્થાપક : રવિશંકર મ. રાવળ



'ઑર્કિડ અને વાંસ' (ચિત્રકાર : ત્ઝેન્ગ શિએ)

ચીનના જિઆન્ગસુ રાજ્યના ગરીબ-કુટુંબમાં ત્ઝેન્ગ શિએ—૧૬૯૩-૧૭૬૫નો જન્મ થયેલો. એ હજી નાના હતા ને માતા મૃત્યુ પામી ત્યારથી જ તેઓ ચિત્ર કરતા, ને ચિત્રો વેચીને ગુજારો ચલાવતા શીખી ગયા. પછીથી મિત્રોની મદદથી એમણે ચિત્રકળાનો વ્યવસ્થિત અભ્યાસ શરૂ કર્યો.

પૈસાની જરૂર હોય ત્યારે પણ ગમે તે વ્યક્તિને એ ચિત્ર વેચતા નહીં. કહેતા, 'હું ઑર્કિડ ને વાંસ ને પાષાણ ચીતરું છું તે સામાન્ય લોકોના આનંદ માટે છે, નહીં કે પૈસાદારોના પ્રમોદ માટે.' એ કવિ પણ હતા. જીવનની કઠિનાઈ તેમજ આધ્યાત્મિક વિચારો નિરૂપતાં એમનાં લખાણ પાંચ ભાગમાં સંગૃહીત થયેલાં છે.

એમનાં ચિત્રોના વિષયમાં બહુ વૈવિધ્ય જોવા મળતું નથી, પણ પ્રસ્તુત ચિત્રમાં છે તેવાં તત્ત્વોના નિરૂપણમાં એમની હથોટી હતી. પીંછીના થોડા જ લસરકાથી એમણે અહીં વાંસનાં પાન, સુકોમળ ફૂલ ને તીક્ષ્ણ કોણવાળા પાષાણોને ઉપસાવ્યાં છે. એમની કુટિરની આસપાસ ફૂલો ને વાંસ ઊગેલાં રહેતાં. કુદરતી રચના જ એમને પ્રેરણા આપતી. એમણે કહ્યું છે, 'હું જ્યારે વાંસ ચીતરું છું ત્યારે બીજા ચિત્રકારોની શૈલીને નથી અનુસરતો. પણ બારીના કાચ પર કે સફેદ દીવાલો પર પડતાં એમનાં પ્રતિબિંબ, અથવા સૂર્ય ને ચંદ્રના પ્રકાશમાં છતી થતી એમની છાયાની હું નકલ કરું છું.' વાંસ-ચિત્ર પરના એક લેખમાં પોતાની સર્જન-કળાની પ્રક્રિયા એમણે થોડા જ શબ્દોમાં, ખૂબ ઊંડાણથી, વર્ણવી છે : 'ખરેખર તો, મનની આંખોમાંના વાંસ બહારથી દેખાતા વાંસથી જુદા હોય છે. તેથી જ્યારે તમે ચિત્ર માટેની કાળી શાહી તૈયાર કરો, ચિત્ર માટેનો કાગળ પાથરો, અને પીંછીને છૂટથી એના પર ફરવા દો ત્યારે તમારા હાથમાંથી જે વાંસ સર્જાશે તે બરાબર તમારા મનમાંના વાંસ જેવા નહીં હોય.' —પ્રીતિ સેન ગુપ્તા

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

# કુમાર

વર્ષ ૬૯મું    અંક ૪

સ્થાપના : ૧૯૨૪



## સૂચના

- કુમાર દર માસની ૧૫મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઑફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.
- અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.
- લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું.
- સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.
- ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. ગ્રાહક નંબર લખવાથી પત્રવ્યવહારમાં વિલંબને ટાળી શકાશે.

એપ્રિલ    ૧૯૯૬

# સાંકળિયું

કુમાર સળંગ અંક ૮૧૮



કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુભાઈ ઈ. પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, બઉવાની પોળ સામે, અમદાવાદ ૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)
પ્રિન્ટર્સ : નરેશ પટેલ, પ્રિન્ટોગ્રાફ, ૩૩૪, સર્વોદય કો. સેન્ટર, સલાપસ રોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૧ (ફોન નં. ૫૫૦૫૬૫૦)
વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦; પરદેશમાં હવાઈ માર્ગે ડૉલર ૨૫ અથવા રૂ. ૭૫૦
આ અંકની છૂટક કિંમત રૂ. ૧૦.૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૨.૦૦

## વાચકો લખે છે

ડિસેમ્બર ૧૯૯૫ના 'કુમાર'ના મુખપૃષ્ઠ પરના ચિત્ર સંદર્ભે વિવરણ છે : 'હસ્તી અને યોદ્ધો : ઈ.સ. ૧૨૪૦થી ૧૨૮૦ દરમિયાનના કોણાર્ક સૂર્યમંદિરના ઉત્તર દરવાજા પાસેના આ શિલ્પમાં હાથી તેની સૂંઢમાં રણભૂમિમાંથી ઉઠાવીને લઈ જાય છે તેમાં પશુની અનુકમ્પા કંડારાઈ છે.'

કોણાર્ક મંદિર બંધાવ્યું પૂર્વગંગા વંશના રાજવી નરસિંહ-દેવ-પહેલાએ, શાસનકાળ ૨૬ વર્ષનો; ઈ.સ. ૧૨૩૮થી ઈ.સ. ૧૨૬૪, નહિ કે 'કુમાર'ના કથન અનુસાર ૪૦ વર્ષોનો ઈ.સ. ૧૨૪૦ થી ઈ.સ. ૧૨૮૦. નરસિંહદેવ વાસ્તવમાં નર-સિંહ, મહાન યોદ્ધો, શૂરવીર, કવિ, કવિઓનો આશ્રયદાતા, 'રસિકવલ્લભ', રસિયો જીવ.

એક વૃત્તાંત અનુસાર નરસિંહદેવ કુષ્ઠરોગી, રક્તપીત્તિયો હતો. રોગયુક્ત થયો. રોગમુક્તિ સાંપડવાને કારણે કોણાર્ક સૂર્યમંદિર બંધાવ્યું.

કોણાર્ક મંદિરમાં નરસિંહદેવનાં કેટલાંક શિલ્પો સાંપડેલ છે, જેમાંનાં થોડાંક નવી દિલ્હીના રાષ્ટ્રિય મ્યૂઝિઅમમાં ભોંયતળિયે પ્રદર્શિત છે. એક શિલ્પમાં નરસિંહદેવ રાણી-આવાસમાં હિંડોળે હિંચકે છે, શિલ્પના તળભાગમાં પાંચ મહિલા કલાકારો સંગીતની રમઝટ જમાવે છે.

કોણાર્ક સૂર્યમંદિર બહુધા ધરાશાયી છે. પુરાતત્ત્વવિદ્ જેઈમ્સ ફરગ્યુસને ઈ.સ. ૧૮૩૭માં મંદિરની મુલાકાત લીધી ત્યારે શિખરનો કેટલોક ભાગ હસ્તી ધરાવતો હતો. ઈ.સ. ૧૮૬૦માં મંદિર બહુધા ધરાશાયી, ખાસ કરીને શિખર.

LATERITEમાં કંડારિત કોણાર્ક સૂર્યમંદિરની પ્રતિમા પ્રસ્તુત મ્યૂઝિઅમમાં (નવી દિલ્હી) ભોંયતળિયેના પ્રવેશખંડમાં આગંતુકને દર્શન આપે છે, પ્રતિમા Static છે. આંગળીથી કોણી સુધી પ્રતિમાના બંને હાથ ખંડિત છે. પ્રતિમાના રંગીન ફોટા માટે જુઓ, MARG કલા પ્રકાશન 'INDIA AND EGYPT - INFLUENCES AND INTERACTIONS' ૧૯૯૩, પૃ. ૭. ફોટો સુરેખ, ધારદાર, આબેહૂબ છે. સૂર્યનાં પટરાણીઓ છાયા અને સુવરચાસા, દ્વારપાલ દંડ અને પિંગલ શિલ્પમાં કંડારિત છે. શિલ્પને તળિયે સપ્ત અશ્વ આરૂઢ અરુણ જાણે કે આકાશમાં વિહરે છે. સૂર્યનારાયણે કલાત્મક મુકુટ, કનકકુંડલો, હારમાળાઓ અને જનોઈ ધારણ કરેલ છે.

ચૌલ રાજકુમારી રાજસુંદરીનાં લગ્ન પૂર્વગંગા વંશમાં થયેલ, નરસિંહદેવ-૧ તેનો વંશજ, એક સંદર્ભ અનુસાર અશ્વ અને પૈડું (ચક્ર) ચૌલપ્રતીકો, કોણાર્ક સૂર્યમંદિર રથરૂપે, એક તરફ ચાર અને બીજી તરફ ત્રણ અશ્વો જાણે કે મંદિરને આકાશમાં ખેંચે છે. રથનાં ચોવીસ પૈડાં, ઊંચાઈમાં દસેક ફૂટ. નવી દિલ્હીની 'અશોક હોટેલ'માં પ્રવેશ કરતાં ડાબી બાજુએ પૈડાંની આબેહૂબ પ્રતિકૃતિ છે.

ગ્વાલિઅરમાં લાલ પથ્થરમાં તાજેતરમાં કોણાર્ક મંદિરની પ્રતિકૃતિરૂપ મંદિર બંધાયેલ છે, કલાત્મક છે, મોહક છે.

કોણાર્ક મંદિર બાર હજાર કારીગરો દ્વારા બાર વર્ષો દરમ્યાન બંધાયું, અધૂરું રહ્યું.

ભારતમાં ઉત્તર દિશામાં માર્તંડનું સૂર્યમંદિર, પૂર્વે ઓરિસ્સામાં કોણાર્ક સૂર્યમંદિર, દક્ષિણમાં સૂર્ય નાગરકોવિલ અને પશ્ચિમમાં મોઢેરા સૂર્યમંદિર સુખ્યાત છે.

મુંબઈથી પૂણે જતાં ડાબા હાથે વિશ્વખ્યાત કાલીગુફાઓ, જમણે હાથ ભાજાની ગુફાઓ જેમાંનું સૂર્યશિલ્પ (ઈ.સ. પૂર્વે બીજી સદી) સુખ્યાત છે.


૧. 'હિસ્ટરી ઑફ ઇન્ડિયન અને ઇસ્ટર્ન આર્કિટેક્ચર'- જેઈમ્સ ફરગ્યુસન, ગ્રંથ ૨, પ્રથમ આવૃત્તિ ઈ.સ. ૧૮૭૬, દ્વિતીય ભારતીય આવૃત્તિ ૧૯૭૨, પૃ. ૧૦૫, ગત સદીમાં પ્રકાશિત બંને ગ્રંથો પાયાનું પુરાતત્ત્વ સંશોધન છે.

૨. '5000 Years of the Art of India'- Mario Bussagli અને સી. શિવરામમૂર્તિ, અંગ્રેજીમાં અનૂદિત, પૃ. ૨૦૬, ગ્રંથમાં પૂરા કદની કોણાર્ક સૂર્યપ્રતિમા અને હિંડોળ હીંચતા નરસિંહદેવનાં શિલ્પોના રંગીન ફોટાઓ છે.

૩. ઇન્ડિયન આર્કિટેક્ચર (બુદ્ધિસ્ટ અને હિંદુ) પર્સી બ્રાઉન, પુનર્મુદ્રણ ૧૯૮૩, પૃ. ૧૦૬. કોણાર્ક સૂર્યમંદિર ધરાશાયી હોતાં તેનું કલ્પિત સ્થાપત્ય મુદ્રિત છે.

૪. ધી આર્કિટેક્ચર ઑફ ઇન્ડિયા. બુદ્ધિસ્ટ અને હિંદુ-સતીશ ગ્રોવર, ૧૯૮૦, પૃ. ૧૮૫.

૫. હિસ્ટરી ઍન્ડ કલ્ચર ઑફ ધી ઇન્ડિયન પીપલ, ગ્રંથ ૫, ભારતીય વિદ્યાભવન પ્રકાશન, તૃતીય આવૃત્તિ, ૧૯૭૯, પૃ. ૨૦૭.

૬. સૂર્ય (અંગ્રેજીમાં) - શક્તિ એમ. ગુપ્તા, સોમૈયા પ્રકાશન, ૧૯૭૭, પૃ. ૨૬-૩૧. કોણાર્ક સૂર્યમંદિરની સૂર્યપ્રતિમાનો પૂરા કદનો બ્લૅક અને વ્હાઈટ ફોટો તેમજ અન્ય ફોટાઓ યુક્ત છે. ભાજા ગુફાના સૂર્યશિલ્પનો ફોટો ગ્રંથમાં આમેજ છે.

૭. 'મહારાષ્ટ્ર' (અંગ્રેજીમાં) દળદાર Marg કલાપુસ્તક, ૧૯૮૫, ભાજાગુફામાં સૂર્યશિલ્પ, પૃ. ૨૧૦. કલાઇતિહાસવિદ્ કલાવિવેચક (સ્વ.) કાર્લ ખંડાલાવાલાનો લેખ Rock-Cut Temples, પૃ. ૨૦૯-૨૩૦ દિલચસ્પ છે.


(અનુસંધાન પૃ. ૨૧૫ ઉપર)

## બીડ

(શિખરિણી • સૉનેટ)

ઘણું લાંબું પ્હોળું ચડઊતર લાગે, જમીન તો
હતી છાતી જેવી સખત, ખડ હાલે સમીરણ
વિના, કાંટાળાં ઝાંખર બિચ રમે આવળફૂલો.
અને ખાડાટીંબા તરુ ટચૂકડાં ચૂપ, તપતાં.
ચડી આવે જો મેઘ બસ પલળી આભ ચીતરે,
વળી પાછું નાચે શિશુ સહજ પી લેઈ તડકો
દહાડે : રાત્રે તો નીરખી નીરખી ચન્દ્ર, હસતું.
અમાવાસ્યે જાગી પડ્યું પડ્યું ગણે તારકગણો.
પછી એ ઘેટાં, ધેનુધણ, ચરતાં ઢોર, બકરાં
કીડીમંકોડી કીટકદળ મહીં મ્હાલતું સદા.
કદી પંખી સાથે રણકતું ઊડે મૂકી ટહુકા.
મળે જો જોવા સ્ત્રીપુરુષ તણું જોડું, મનમુદા.
ગણે સારું-ખોટું નહિ, જીવતું હંમેશ નિજમાં,
બની બેસે ખાંભી બીડ, કદીક અંધાર વચમાં.

રામચન્દ્ર પટેલ

## અમથાજી

(ગાન)

અમથાજી આ અડાબીડ અટવીમાં ભૂલા પડ્યા
મારગ જાતાં એને એના પડછાયાઓ નડ્યા.
ચરણ ટાંકડા ચાલે, લથડે, ચાલે, લથડે, ચાલે;
આજ આટલો પંથ કપાયો, વધુ કાપશું કાલે,
એમ વિચારી અમથાજી તો એવું ઝોકે ચડ્યા!
આજકાલ કરતામાં તો ભૈ વરસો વિત્યાં જાય
અમથાજી એવું અટવાયા, હજુ ન પહોંચ્યા ક્યાંય;
ચડ્યું શૂરાતન, તો પોતાના પડછાયાથી લડ્યા.
એમ આપણું કર્યું ! કારવ્યું આવે છે ક્યાં કામ
વહી જતો આ કાળ રોકવા ક્યાં છે એકે ઠામ?
નામ-ઠામ ભૂલી અમથાજી દોડ્યા, ને દડબડ્યા!

રમણીક સોમેશ્વર

**બીડ** • આજના નગરનિવાસી મનુષ્યને બીડ શું તેનો કદાચ ખયાલ ન આવે. પરન્તુ આ સૉનેટમાં એનું જે તાદૃશ વર્ણન કરવામાં આવ્યું છે તે પરથી તે સ્પસ્ટ થશે. અન્તે જતાં બીડ નિમિત્તે જીવનસંદર્ભ અભિવ્યંજિત થયો છે તે પણ કળી શકાશે.
**અમથાજી** • કાવ્યનાયકનું આ નામ જ વ્યંગપ્રધાન છે. મનુષ્યને આજે જાણે એનો પડછાયો પણ નડતરરૂપ થાય છે. માણસ ક્યાં જવા માગે છે ? જીવનદિશાવિહન આજની માનવદોડને લક્ષતું ગાન.
**પટારો ખૂલતાં** • પટારો ખૂલે છે અને ભૂતકાલીન સંસ્મરણો નાયિકાના ચિત્તને ઘેરી વળે છે! વર્તમાનની વિપણ્ણતાને પડ છે અતીતનો ઉલ્લાસ ચીતરીને કવિએ વર્તમાનને વધુ વેદનામય બનાવ્યો છે. અહીં ગ્રામવાતાવરણ પણ આસ્વાદ્ય બન્યું છે.
**બરફનાં માણસો** • માણસની જીવનલીલા કેવી શુષ્ક બની ગઈ છે, કેવી સંતપ્ત બની ગઈ છે તેને નિરૂપતી ગઝલ. -પી.પ.

## પટારો ખૂલતાં

(ગાન)

જરી પટારો ખૂલતાં ઊખળે સમરણ કેરા સળ,
ઘરચોળામાં આડાઅવળા પડી ગયા રે વળ.

સંકેલી ચોપાટ, કૂકરી દડતી ભીતર-બહાર,
આઠે પ્હોરે રમત-રીડની રહે દદડતી ધાર;
નકોર ભોંયે ખહરા સાટે ફરી વળ્યાં રે હળ.

કોઈ સ્વાદના હવે ઓરતા સપને પણ ના થાય,
ઊભડક ઊભડક જીવ્યાં, મરતાં જન્મારો રે જાય;
એક બુંદને દડવા દેતાં, છલી વળ્યાં રે જળ.

ઊજમશી પરમાર

## બરફનાં માણસો

(ગઝલ)

ન હોવામાં જ હોવાનો અમે દેખાવ લઈ દોડ્યા;
અભાવોની સૂકી સીમે લીલૂડા ભાવ લઈ દોડ્યા.

સળગતા-સૂર્યના - રસ્તે ઉઘાડા પાંવ લઈ દોડ્યા;
બરફનાં માણસો પીગળી જવાના દાવ લઈ દોડ્યા.

તરસનું રણ તમારે કંઠ ફેલ્યાનું કહ્યું લૂએ;
અમે ખોબા મહીં પીધા વગરની વાવ લઈ દોડ્યા.

ભળકડે સ્વપ્ન ભાળ્યું કે, ડૂબે છે દરિયો દરિયામાં;
અને જાગી જઈ સૌ ખારવાઓ નાવ લઈ દોડ્યા.

કરસનદાસ લુહાર

જેની શોધને ૧૦૦ વર્ષ પૂરાં થયાં તે ક્ષ-કિરણોના શોધક અને
તે માટેનો નોબેલ પુરસ્કાર પ્રાપ્ત કરનાર



રોંજને લીધેલી પોતાની પત્નીના હાથની સૌપ્રથમ ક્ષ-કિરણ તસવીર

# વિલ્હેમ કોન્રાડ રોંજન

## સુધીર પંડ્યા • પ્રહ્‌લાદ છ. પટેલ

જે વિષયના ક્ષેત્રે ચૌદ ચૌદ નોબેલ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા છે તેવા ક્ષ-કિરણોની શોધ ૮ નવેમ્બર, ૧૮૯૫ના રોજ ફિઝિકલ ઇન્સ્ટિટ્યૂટ વુર્ઝબર્ગ યુનિવર્સિટી, (જર્મની) ખાતે વિલ્હેમ કોન્રાડ રોંજને કરી હતી. આ શોધને આજે સો વર્ષ પૂરાં થયાં છે. આ સમયગાળા દરમ્યાન, પ્રયુક્ત પ્રકૃતિને કારણે ક્ષ-કિરણોની શોધે વિજ્ઞાન અને ટેક્‌નોલૉજિની લગભગ બધી જ શાખાઓમાં પ્રવેશ કર્યો છે. એટલું જ નહિ, પણ આ ક્ષેત્રોની સીમાઓ વટાવી દીધી છે. વૈદક, શસ્ત્રક્રિયાશાસ્ત્ર, ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન, જીવવિજ્ઞાન, ભૂસ્તરવિજ્ઞાન, ખગોળવિજ્ઞાન, ધાતુવિદ્યાવિજ્ઞાન, ઇજનેરી અને કૃષિ જેવાં કેટલાંય અન્ય ક્ષેત્રોમાં ક્ષ-કિરણોએ પોતાની ઉપયોગિતા અને ઉપકારકતાને કારણે જડબેસલાક ધાક જમાવી છે. કયો વિષય કે ક્ષેત્ર ક્ષ-કિરણોથી અસ્પૃશ્ય છે તે કળવું મુશ્કેલ છે. ક્ષ-કિરણોએ માનવજાતિની બેહદ સેવા કરી છે. આધુનિક વિજ્ઞાનમાં એવી બીજી કોઈ શોધ નજરે પડતી નથી, જેમાંથી માનવજાતનું માત્ર કલ્યાણ જ થયું હોય. ક્ષ-કિરણોની શોધે કેવળ વિધાયક કામ કર્યું છે તે તેનું મોટામાં મોટું જમા પાસું છે. ક્ષ-કિરણોમાં વિઘાતકપણું નથી એ તો એથીય ઘણી મોટી વાત થઈ. બીજી શોધો ક્ષ-કિરણોની શોધ કરતાં જરૂર મોટી હશે, પણ આવી કેટલીક શોધો સર્જનાત્મક તેમજ વિનાશાત્મક પ્રકૃતિ ધરાવે છે. જેમ કે, તારાપુર કે કાકરાપાડ જેવાં કેટલાંય અણુ-રિઍક્ટરોએ અસંખ્ય ઘરોમાં રોશની અને શીતળતાનું પ્રદાન કર્યું છે. સાથેસાથે હિરોશિમા અને નાગાસાકી જેવાં ભર્યાંભાદર્યાં શહેરો સ્મશાનભૂમિમાં ફેરવી નાખી લાખો નિર્દોષ લોકોને અગ્નિસ્નાન કરાવ્યું છે. એટલું જ નહિ આજે પણ લોકો રેડિયો ઍક્ટિવ વિકિરણોની માઠી અસરથી મુક્ત નથી. અત્યારે ફ્રાંસ, આખાય જગતની મરજી વિરુદ્ધ જઈને, દરિયામાં પ્રાયોગિક અણુધડાકા કરીને દરિયાઈ સંપત્તિ અને પર્યાવરણનો ભંગ કરીને ધીમી ગતિવાળા વિનાશને નિમંત્રણ આપી રહ્યું છે. જીવશાસ્ત્રના ક્ષેત્રે ડી.એન.એ. (D.N.A.)નું રૂપાંતરણ કરીને ઉત્કૃષ્ટ તેમજ નિકૃષ્ટ માનવ-નમૂનો તૈયાર કરવાનું શક્ય બન્યું છે. આવી બીજી કેટલીક શોધો ગણાવી શકાય જે સર્જન અને વિનાશની ક્ષમતા ધરાવે છે. ક્ષ-કિરણો એકાંગી છે અને તે માત્ર સર્જનાત્મક પ્રકૃતિ ધરાવે છે.

જર્મનીના ર્‌હાઈન પ્રાંતમાં, કોલગ્ને સમીપ, લેનેપ ખાતે ૨૮ માર્ચ, ૧૮૪૫ના રોજ રોંજનનો જન્મ થયો હતો. તેના પિતાનો તે એકનો એક પુત્ર હતો. તેના પિતાને લેનેપમાં કાપડ-ઉત્પાદન અને વેપારનો વ્યવસાય હતો. લેનેપ મધ્યયુગથી વેપારનું મોટું મથક રહેલું છે. તેની માતા શાર્લોટ એમ તો લેનેપની મૂળ વતની પણ કેટલાક સમયથી તેના કુટુંબે હોલૅન્ડમાં વસવાટ કર્યો હતો. રોંજનની ઉંમર ત્રણ વર્ષની હતી ત્યારે સમગ્ર પરિવારે જર્મનીથી હોલૅન્ડના એપેલ્ડુર્ન ખાતે સ્થળાંતર કર્યું હતું. તેણે ત્યાં ઇન્સ્ટિટ્યૂટ ઑફ માર્ટિનસ હર્મન વાન ડુમ નિવાસી શાળામાં રહીને અભ્યાસ ચાલુ કર્યો. ત્યાર બાદ ૧૮૬૨માં રોંજને અલ્ટ્રે ટેક્‌નિકલ સ્કૂલમાં પ્રવેશ લીધો. અહીં એક દુર્ઘટના બની જેનો ભોગ રોંજન બન્યો. આ ઘટનાની વિગત એવી હતી કે કોઈ બીજા વિદ્યાર્થીએ વર્ગમાં કોઈ શિક્ષકનું વ્યંગ-ચિત્ર દોર્યું હતું. યોગ્ય તપાસ કર્યા સિવાય સંસ્થાએ રોંજનને બરતરફ કર્યો અને આમ તે બિચારો કુટાઈ ગયો! ખૂબીની વાત તો એ છે કે તેણે આ બાબતે પોતાનો બિલકુલ બચાવ કર્યો નહિ અને શિક્ષા સ્વીકારી લીધી. વ્યંગચિત્ર દોર્યું કોઈ બીજાએ અને તેની આટલી ભારે શિક્ષા રોંજનને, તે પણ નિર્દોષને!!!

આ રીતે રોંજનના વિધિસર શિક્ષણનું સાતત્ય તૂટી ગયું એટલું જ નહિ, પણ અલ્ટ્રે યુનિવર્સિટીએ તેને નિયમિત વિદ્યાર્થી તરીકે ન જ સ્વીકાર્યો. આથી તેને અને તેનાં માતાપિતાને ભારે દુઃખ થાય તે સ્વાભાવિક છે. ત્યાર બાદ તેણે ટેક્‌નિકલ સ્કૂલમાં અઢી વર્ષ અભ્યાસ કર્યો. દરમિયાન તેણે થોડોક સમય ફિલસૂફીના વર્ગો ભર્યા. ત્યાર બાદ તેણે સ્વિટ્ઝર્લૅન્ડની ઝૂરિચ પોલિટેક્‌નિકમાં પ્રવેશ મેળવ્યો. ઝૂરિચમાં રહીને તેણે મિકૅનિકલ

ઈજનેરીનો અભ્યાસ કર્યો. ૧૮૬૮માં મિકેનિકલ ઈજનેરીમાં ડિપ્લોમા મેળવ્યો અને માત્ર એક જ વર્ષ બાદ, ૧૮૬૯માં, ૨૫ વર્ષની ઉંમરે પીએચ.ડી.ની ઉપાધિ આપવામાં આવી. આ સમાચાર સાંભળી અલ્ટ્રે ટેક્નિકલ સ્કૂલને પસ્તાવો થયો હોવો જોઈએ.

રોંજન કંઈ કિતાબનો કીડો ન હતો. તે પોતાનો ઘણોખરો સમય ઘરની બહાર જ પસાર કરતો હતો. તે સમાજસેવામાં વધુ પ્રવૃત્ત રહેતો હતો. તેને બોટિંગ, ખેલકૂદ અને પર્વતારોહણનો ભારે શૉખ હતો. સ્વિટ્ઝરલૅન્ડમાં મોજમજા કરતો હતો તેવે સમયે તેના ભાગ્યનો દરવાજો ખૂલી ગયો અને ખ્યાતનામ તથા તેજસ્વી વિજ્ઞાની કુન્ડ (Kundt)નો ભેટો થયો. આ એ જ કુન્ડ છે જેના નામે 'કુન્ડની નળી' ઉપર કોલેજના વિદ્યાર્થીઓ પ્રયોગ કરીને ધ્વનિના તરંગોનો અભ્યાસ અને આવિર્ભાવ કરે છે. અત્યારે આપણી કૉલેજોમાં આ પ્રયોગ કરતા વિદ્યાર્થીઓના હાથે ફોલ્લા પડે છે અને અધ્યાપકોના ટાંટિયા દુઃખે છે. કુન્ડ યુવાન અને ઝૂરિચ પોલિટેક્નિકમાં ભૌતિકવિજ્ઞાનના પ્રાધ્યાપક હતા. કુન્ડની મિત્રતા, માર્ગદર્શન અને ટેકાથી રોંજનની કારકિર્દીના રંગો જ બદલાઈ ગયા. આ સમયે રોંજનને વધુ કામ કરવાનો રસ જાગ્યો, ભારે ઉમંગથી કામ કર્યું. આ સમયે તેને જીવનનું લક્ષ્ય સમજાયું. આ ટાણે અન્ના બર્થા લુડવિગ સાથે પરિચય થયો, પ્રેમ થયો અને તે લગ્નમાં પરિણમ્યો. તેઓ લાંબા સમય સુધી નિઃસંતાન રહ્યા અને આખરે ૧૮૮૩માં છ વર્ષની જોસેફિન બર્થા લુડવિગને દત્તક લીધી.

ઝૂરિચ ખાતે પીએચ.ડી.ની ઉપાધિ મેળવ્યા બાદ રોંજને કુન્ડ સાથે ૧૮૬૯માં વુર્ઝબર્ગ ખાતે પ્રયાણ કર્યું. અહીં તેની સાચી શૈક્ષણિક અને સંશોધનની કારકિર્દી શરૂ થઈ. પ્રારંભમાં વુર્ઝબર્ગ યુનિવર્સિટી ખાતે શૈક્ષણિક હોદ્દો ન મળતાં થોડીક નિરાશા સાંપડી, પણ થોડાક જ સમયમાં સ્ટ્રાસબર્ગ યુનિવર્સિટીમાં વ્યાખ્યાતાનું પદ મળ્યું અને ૧૮૭૫માં વુર્ટેમબર્ગમાં હોહેનહિન ખાતે કૃષિ અકાદમીમાં પ્રાધ્યાપકની નિમણૂક મળી ગઈ. ૧૮૭૬માં સ્ટ્રાસબર્ગમાં ભૌતિકશાસ્ત્રના પ્રાધ્યાપક બનવાનું સદ્ભાગ્ય સાંપડ્યું. ત્રણ વર્ષ બાદ ગિસેન યુનિવર્સિટીના નિમંત્રણથી ત્યાં જવાનું નક્કી કર્યું. ૧૮૭૯ થી ૧૮૮૮ સુધી ગિસેન યુનિવિર્સિટી ખાતે ઉચ્ચ કોટિનું મૌલિક સંશોધન કર્યું. અલ્પ સમયમાં રોંજનની પ્રતિષ્ઠામાં પૂર આવ્યું, આથી તો જેના ઉપર નિયમિત વિદ્યાર્થી તરીકે પ્રતિબંધ ફરમાવી બરતરફીનો હુકમ બજવ્યો હતો તેવી અલ્ટ્રે યુનિવર્સિટીએ પ્રાધ્યાપક તરીકેનું નિમંત્રણ આપ્યું આને યુનિવર્સિટીને ભૂલનું ભાન થયું એમ ગણવું કે ખેલદિલી? પણ રોંજન આ પ્રલોભનથી લપટાયો નહિ. તેની કદર વુર્ઝબર્ગ યુનિવર્સિટીએ કરીને તેને જોડિયા પ્રાધ્યાપક અને નિર્દેશક તરીકે ૧૮૮૮માં નિયુક્ત કર્યો. ૧૮૯૪માં વુર્ઝબર્ગ યુનિવર્સિટીના રેક્ટરનું પદ આપવામાં આવ્યું, જે અહીંના વાઇસ ચાન્સેલરની સમકક્ષ છે.

૧૮૯૫માં ક્ષ-કિરણોની શોધ કરી ભારે ધડાકો કર્યો. જીવનની અર્ધી સદીના અંતે રોંજન આંતરરાષ્ટ્રિય ખ્યાતિ ધરાવતો થઈ ગયો. ૧૯૦૦માં મ્યુનિક યુનિવર્સિટીમાં ભૌતિકશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે, બેવેરિયન સરકારની ખાસ વિનંતિથી, જવાનું પસંદ કર્યું. મોટાંમોટાં પ્રલોભનો જેવાં કે લિપઝિગ યુનિવર્સિટીમાં ભૌતિકશાસ્ત્રના અધ્યક્ષ, બર્લિન અકાદમીની ભૌતિકશાસ્ત્રની અધ્યક્ષતા વગેરે બધું જ જતું કર્યું અને બાકીની જિંદગી મ્યુનિક ખાતે પૂરી કરી.

પ્રાયોગિક ભૌતિકશાસ્ત્ર સંબંધિત અનેક ક્ષેત્રોમાં રોંજને ખેડાણ કર્યું છે અને સાચે જ સપ્તરંગી મેઘધનુષ્યની યાદ અપાવે તેવું કાર્ય કર્યું છે : વાયુઓની વિશિષ્ટ ઉષ્મા, પ્રકાશિકી, વિદ્યુત અને ચુંબકત્વ, સ્ફટિક ભૌતિકવિજ્ઞાન, વાયુમાં વિદ્યુતવિભાર વગેરે. શરૂઆતની કારકિર્દી સમયે અને કુન્ડ સાથેના સહસંશોધન દરમિયાન સાધનોનું કે પ્રયોગશાળાનું ઠેકાણું ન હતું. કોઈ ટેક્નિશિઅન ન મળે. આથી પોતે જ ટેક્નિશિઅન અને પોતે જ વિજ્ઞાની. પોતાની સૂઝથી જરૂરી સાધનો પ્રયોગશાળામાં પોતે જ તૈયાર કર્યાં. સંશોધન માટે વૈજ્ઞાનિક સાધનસામગ્રી પ્રત્યે સ્વનિર્ભરતા પ્રાપ્ત કરી. આવા જ માણસો મહાન બને છે. જીવનમાં નોંધપાત્ર કાર્યસિદ્ધિ મેળવી લક્ષ્યને પહોંચે છે. આપણે ત્યાં 'રામન ઘટના' ઉપર નોબેલ પુરસ્કાર મેળવનાર સર સી.વી. રામને તે માટેનાં જરૂરી સાધન પોતે જ પ્રયોગશાળામાં તૈયાર કર્યાં હતાં. આથી ભારત જેવા દેશમાં સાધનો ન હોવાની બુમરાણ મચાવીને સંશોધનની જવાબદારી ખંખેરી નાખનારને તુલા રાશિના મહાનુભાવો - રોંજન અને રામન - ગાંધીચીંધ્યો (સ્વદેશીપણાનો) કારગત માર્ગ બતાવે છે. પ્રાયોગિક અવલોકનો અને પરિણામો પ્રત્યે રોંજન પૂરેપૂરો ગુંદરિયો હતો. અને આ જ તેની અનુપમ સિદ્ધિનું રહસ્ય છે.

રોંજને ૫૮ સંશોધન લેખો-લખ્યા છે. વાયુની વિશિષ્ટ ઉષ્માનો ગુણોત્તર, સ્ફટિકમાં ઉષ્માનું વહન અને વાયુમાં પ્રકાશના ચાર લેખો લખ્યા હતા. ગિસેનમાં રહીને આઠ લેખો પ્રસિદ્ધ કર્યા. અહીં તેણે પ્રકાશ અને વિદ્યુત વચ્ચે સંબંધ સ્થાપિત કર્યો. સ્ફટિકના અભ્યાસ પ્રત્યે જીવનભર તેણે ઊંડો રસ દાખવ્યો છે. અને તેમાંથી તાપ-વૈદ્યુત (Pyroelectrical) અને દાબ વૈદ્યુત (Piezoelectrical) ઘટના ઉપર તલસ્પર્શી અભ્યાસ કર્યો. વાયુ અને પ્રવાહીઓની દબનીયતાને લગતા અભ્યાસથી તેની નિપુણતા અને રુચિ અભિવ્યક્ત થાય છે. પરાવૈદ્યુત માધ્યમમાં વિદ્યુતક્ષેત્ર બદલવાથી ચુંબકીયક્ષેત્ર પેદા થાય છે તેવા

મેક્સવેલના વિદ્યુત ચુંબકીય સિદ્ધાંતની કસોટીનો અભ્યાસ કર્યો. ૧૮૮૮માં તેણે મેક્સવેલના સિદ્ધાંતની વાસ્તવિકતા નિઃશંકપણે નિર્દેશિત કરી. વુર્ઝબર્ગમાં ૧૧ વર્ષના નિવાસ દરમિયાન ૮ સંશોધન-લેખો પ્રસિદ્ધ કર્યા, જેમાં પાછલા ત્રણ લેખો ક્ષ-કિરણો ઉપર હતા. આ ત્રણ લેખોએ કાળની કેડી ઉપર રોંજનને અમર બનાવી દીધો. આ સમયે મ્યુનિકમાં વહીવટી કામનો ભારે બોજ હોવા છતાં ૧૯૦૦ થી ૧૯૨૧ વચ્ચે સાત સંશોધન-લેખો પ્રસિદ્ધ કર્યા. અહીં તેણે સ્ફટિકના ગુણધર્મોનો વિશદ અભ્યાસ કર્યો. વિકિરણની આ ગુણધર્મો ઉપર શી અસર થાય છે તે તો વિશેષ.

ક્ષ-કિરણોની શોધની કહાણી રસપ્રદ અને ઉદ્દીપ્ત કરે તેવી છે. પોતાની પ્રયોગશાળાના ટેબલના એક ખાનામાં એક દિવસે બેરિયમ પ્લેટિનોસાઈનાઈડના પાતળા સ્તરવાળી કાગળની શીટ રાખી હતી. અને વાયુ-વિભારનો પ્રયોગ કરવાનો હતો તેથી આ પ્રયોગશાળા સંપૂર્ણપણે અંધારી બનાવી હતી. જેમ જેમ વાયુ-વિભાર નળીમાં શૂન્યાવકાશ સતત વધતો જતો હતો અને વાયુને ઉત્તેજિત કરવામાં આવી રહ્યો હતો તેવે ટાણે પેલી બેરિયમ પ્લેટિનોસાઈનાઈડના સ્તરવાળી શીટમાં દીપ્તિ (Glow) દેખાવા લાગી. આ દ્રવ્ય સંદીપ્તશીલ (Luminescent) તો હતું, પણ પ્રકાશની ગેરહાજરીમાં દીપ્તિ જોવા મળી. જ્યારે વિભાર-નળીમાં વિદ્યુતદબાણ વધારવામાં આવે છે ત્યારે જ દીપ્તિ નજરે પડે છે. જેવું વિદ્યુતદબાણ રદ કરવામાં આવે કે તરત જ દીપ્તિ અદશ્ય થાય છે. આ પ્રયોગનું અવારનવાર પુનરાવર્તન કર્યું, અને જાણી શકાયું કે આવું વિકિરણ જાડા કાગળમાં થઈને પસાર થઈ શકે છે અને ધાતુની પાતળી તક્તીમાંથી પસાર થતું તેણે નોંધ્યું, આવા અજ્ઞાત વિકિરણને તેણે ક્ષ-કિરણો જેવું નામ આપ્યું, જે નામ, આજે સમગ્ર જગતે હોંશભેર સ્વીકારી લીધું છે. પણ જર્મનીમાં તો આ વિકિરણને 'રોંજન સ્ટ્રહ્લેન' કહે છે. અને તે રીતે જેમ બળના એકમ સાથે ન્યૂટન, કાર્યના એકમ સાથે જૂલ, આવૃત્તિના એકમ સાથે હર્ટ્ઝનું નામ જોડવામાં આવ્યું છે તેમ ક્ષ-કિરણોની માત્રાના એકમ સાથે રોંજનનું નામ જોડવામાં આવ્યું છે.

પૂરી ધીરજ અને ખંત સાથે રોંજને ક્ષ-કિરણો ઉપર પ્રયોગો કર્યા અને તેને આધારે ક્ષ-કિરણોના કેટલાક ગુણધર્મો સ્થાપિત કર્યા. જેમ કે, (૧) ક્ષ-કિરણો સામાન્ય પ્રકાશની જેમ સુરેખ ગતિ કરે છે. અને તેના ઉપર ચુંબકીય કે વિદ્યુતક્ષેત્રની અસર થતી નથી. (૨) જે વાયુમાં થઈને પસાર થાય છે તેનું આધુનિકીકરણ કરે છે. (૩) કાળા કાગળમાં લપેટેલી ફોટોગ્રાફિક પ્લેટ ઉપર અસર કરે છે. (૪) સ્ફટિકમાં દીપ્તિનું સર્જન કરે છે. (૫) તે દ્રવ્યમાં થઈને આરપાર પસાર થાય છે.

સાત વર્ષ બાદ મેક્સ વૉન લૉવેના પ્રયોગ ઉપરથી સિદ્ધ થયું કે ક્ષ-કિરણો, દશ્ય પ્રકાશની જેમ, વિદ્યુત ચુંબકીય તરંગો છે. આથી તે દ્રવ્યમાન અને વિદ્યુતભાર ધરાવતાં નથી. હા, આથી ક્ષ-કિરણો સંગત તરંગો હોવાની ગેરસમજ દૂર થઈ.

ક્ષ-કિરણોની અજોડ શોધ કર્યા પછી રોંજન ઉત્તેજિત થાય તે સ્વાભાવિક છે; પણ પોતાનું સંશોધનકાર્ય પ્રસિદ્ધ કરવા માટે કોઈ જ પ્રકારની ખોટી દોડાદોડ તેણે કરી ન હતી. તેથી ઊલટું તેણે સાત અઠવાડિયાં સુધી ભારે જહેમત સાથે પોતાના પ્રયોગનું કેટલીક વખત પુનરાવર્તન કર્યું. અને ૨૮ ડિસેમ્બર, ૧૮૯૫ના રોજ તેણે ક્ષ-કિરણોની શોધનો લેખ વુર્ઝબર્ગની મેડિકલ અને ફિઝિકલ સોસાયટીના જર્નલને સુપરત કર્યો. ક્ષ-કિરણો ઉપરનો બીજો અને ત્રીજો લેખ અનુક્રમે ૧૮૯૬ અને ૧૮૯૭માં પ્રસિદ્ધ કર્યો. રોંજને ખાસ કરીને વૈદક અને ધાતુવિદ્યાના ક્ષેત્રે ક્ષ-કિરણોનો ઉપયોગ કર્યો હતો. અને તે રીતે રોંજન 'રેડિયોલૉજિ'નો સંસ્થાપક બન્યો.

રોંજનનાં ક્ષ-કિરણોને લગતાં પ્રાયોગિક પરિણામોની પ્રસિદ્ધિ બાદ વિશ્વભરના વિજ્ઞાનીઓ ક્ષ-કિરણો ઉપર સંશોધન કરવા મચી પડ્યા. અવિરત અને ઉન્માદમય Hectic પ્રવૃત્તિઓના પરિણામરૂપે ક્ષ-કિરણોની ઉત્પાદન પદ્ધતિ અને તે માટેનાં ઉપકરણો તથા વિજ્ઞાનના વિવિધ ક્ષેત્રે ક્ષ-કિરણોના વિનિયોગ (application) બાબતે નોંધપાત્ર સુધારો થયો છે. ક્ષ-કિરણોનું મહત્ત્વ એટલું બધું વધી ગયું કે આ ક્ષેત્રે વિવિધ સંશોધન માટે ચૌદ ચૌદ નોબેલ પુરસ્કાર એનાયત થયા છે. વિનાશક પ્રકૃતિવાળા ડાયનેમાઈટના શોધક નોબેલ આલ્ફ્રેડ દ્વારા સ્થાપિત નોબેલ પુરસ્કાર સૌપ્રથમ રોંજનને એનાયત કરવામાં આવ્યો, જેણે સર્જનાત્મક પ્રકૃતિવાળાં ક્ષ-કિરણોનું પ્રદાન કર્યું. ક્ષ-કિરણોની સીમાચિહ્નરૂપ મહત્ત્વની ઝલક નીચે પ્રમાણે છે :

| | | |
|---|---|---|
| ૧૯૦૧ | ડબ્લ્યુ કોન્રાડ રોંજન | ક્ષ-કિરણોની શોધ |
| ૧૯૧૪ | મેક્સ વૉન લોવે | ક્ષ-કિરણોનું વિવર્તન |
| ૧૯૧૫ | ડબ્લ્યુ એચ. બ્રાગ (પિતા) ડબ્લ્યુ એલ. બ્રાગ (પુત્ર) | ક્ષ-કિરણોથી સ્ફટિકતા બંધારણનો અભ્યાસ |
| ૧૯૧૭ | સી.જી. બાર્કલા | તત્ત્વોનાં લાક્ષણિક ક્ષ-કિરણોની શોધ |
| ૧૯૨૪ | કે.એમ.જી. સિંગબ્હાન | ક્ષ-કિરણ વર્ણપટ |
| ૧૯૨૭ | એ.એચ. કોમ્પ્ટન | કોમ્પ્ટન ઘટનાની શોધ |
| ૧૯૩૬ | પિટર ડિબાઈ | વાયુમાં ઇલેક્ટ્રોન અને ક્ષ-કિરણોનું વિવર્તન |
| ૧૯૪૬ | એચ.જે. મૂલર | ક્ષ-કિરણોના કિરણો વડે ઉત્પરિવર્તન (mutation)નું ઉત્પાદન |
| ૧૯૬૨ | જે. વૉટ્સન; એફ. કીક અને એમ. વિલ્કીન્સ | ડી.એન. એ.ની સંરચનાનો નિર્ણય |
| ૧૯૬૨ | જે.સી. કેન્ડુ અને | માયોગ્લોબિન અને હિમોગ્લોબિનની |

| | | |
|---|---|---|
| | એમ. એફ. પેરુટ્ઝ | સંરચના |
| ૧૯૬૪ | ડોરોથી સી. હોડ્કિન | બી$_{૧૨}$ વિટામિનની સંરચના |
| ૧૯૭૬ | ડબ્લ્યુ. એન. લિપ્સેકૉંબ | બોરાનીસની સંરચના |
| ૧૯૭૯ | એ.એમ. કોર્મેક | CAT (Computer Technology) |
| | જી.એન. હાઉન્સફિલ્ડ | નો વિકાસ |
| ૧૯૮૫ | એચ.એ. હાઉપ્ટમેન | સ્ફટિકની સંરચનાના નિર્ણય |
| | જેરોમ કાર્લો | વિષે અભ્યાસ. |

ભિન્નભિન્ન વિશ્વવિદ્યાલયો અને વિશ્વસંસ્થાઓ તરફથી માન, મેડલ, ખિતાબ, ઇનામ, સભ્યપદ, ફેલોશિપ, ડૉક્ટરેટ ઉપાધિની ધોધમાર વર્ષા આવા ઇન્સાન ઉપર થાય તેમાં કંઈ નવાઈ નથી. રોંજન પાસેથી માનવ-જગતે જે મેળવ્યું છે તેની સામે આ બધું કંઈ વિસાતમાં નથી. આધુનિક ભૌતિકવિજ્ઞાનના ક્ષેત્રે રોંજનના નામે ધ્રુવપદ ધારણ કર્યું છે. આ બધું હોવા છતાં તેણે પોતાની મૌલિકતા અને લાક્ષણિકતા તો અકબંધ રાખ્યાં હતાં. તેની શરમાળ, મિલનસાર તથા નમ્ર પ્રકૃતિમાં કોઈ ફેર પડ્યો ન હતો. પ્રયોગશાળામાં અગાઉની ઢબે જ કામ અવિરતપણે ચાલુ રાખ્યું હતું. બીજાના વિચારો અને મુશ્કેલીઓ સમજવા તે ભારે ગડમથલ કરતો. બીજા વિષે ચિંતવન કરી કંઈ પણ કરવાનો ગુણ આજે સ્વકેન્દ્રી માનવમાંથી લુપ્ત થતો જાય છે. થોડીક નિરાશા સાથે ૧૯૨૦માં મ્યુનિકના ભૌતિકશાસ્ત્ર વિભાગના અધ્યક્ષપદેથી એણે નિવૃત્તિ લીધી.

પોતાની પ્રગતિમાં પત્નીનો સારો એવો સહયોગ રહ્યો. એક વખતે મોડી રાત સુધી રોંજન ભોજન માટે ઘેર ન આવતાં પત્ની બર્થા પ્રયોગશાળામાં પહોંચી ગઈ. મહાશય એકલા સાધનો સાથે ગડમથલ કરતા હતા. મધુર અને મૃદુ સ્વરે બર્થાએ ઘેર પધારવાનું કહ્યું ત્યારે રોંજને ગળે પડે તેમ પ્રયોગમાં મદદ કરવા જણાવ્યું. વિનમ્રતા સાથે બર્થાએ જણાવ્યું કે, તે થોડી વિજ્ઞાની છે કે મદદ કરી શકે! રોંજને કહ્યું, 'ભલે, તમે આ નળીની સામે એક ક્ષણ માટે તમારો હાથ સ્થિર રાખશો?' તેણે સૂચના મુજબ હાથ સ્થિર રાખ્યો અને ક્ષ-કિરણો વડે તેના હાથની વિશ્વની સૌપ્રથમ તસ્વીર તૈયાર થઈ. આ શુભ દિન હતો ૨૨ ડિસેમ્બર, ૧૮૯૫.

રોંજનને પ્રસિદ્ધિ ગમતી ન હતી. જાહેરમાં તે ભારે શરમ અનુભવતો. નોબેલ પુરસ્કારની ગ્રહણવિધિ માટે સ્વીડન જતાં ગભરાતો હતો. મિત્રોએ ભારે દબાણ કરી સ્વીડન તો મોકલ્યો, પણ નોબેલ વ્યાખ્યાન આપ્યા સિવાય સ્વીડનમાંથી નીકળી ગયો.

બેવેરિયાના રાજાએ ભાગ્યે જ કોઈને અર્પણ કરાતો ઉમરાવ-(Noble)નો ઇલકાબ આપવાની જાહેરાત કરી પણ તેણે પૂરી અદબ અને નમ્રતા સાથે તેનો અસ્વીકાર કર્યો.

ક્ષ-કિરણોની પેટન્ટ મેળવવા મિત્રોએ અનહદ દબાણ કર્યું, પણ મેળવી નહિ. તેણે ઉન્નત ભાવના સાથે જણાવ્યું કે, ક્ષ-કિરણોની શોધ ભલે તેણે કરી પણ તે તેની મૂડી નથી. ક્ષ-કિરણોની શોધ તો સમગ્ર માનવજાતની મૂડી છે. તેના ઉપર માનવજગતનો અધિકાર છે. પેટન્ટ મેળવી હોત તો તે દુનિયાભરનો પ્રથમ ક્રમનો ધનાઢ્ય નાગરિક હોત. કેવી ઉમદા સમજ અને કેવડો મોટો ત્યાગ! પીડ પરાઈ જાણનાર આ વૈષ્ણવજન તો એક ડગલું આગળ નીકળી ગયો અને નોબેલ પુરસ્કારનાં બધાં જ નાણાં વુર્ઝબર્ગ યુનિવર્સિટીને વૈજ્ઞાનિક પ્રવૃત્તિઓ આગળ ધપાવવા અર્પણ કરી દીધાં! પ્રથમ વિશ્વયુદ્ધના અંતે ફુગાવો બેહદ વધી જતાં ઘણા લોકો તેના સપાટામાં આવી ગયા. આર્થિક કટોકટીનાં વાદળો રોંજનના માથા ઉપર ઘેરાવા લાગ્યાં. મુશ્કેલીઓ જૂથમાં આવવાનું પસંદ કરે છે. પશ્ચિમની સંસ્કૃતિ મુજબ દત્તક દીકરી પુખ્ત થતાં એણે જીવનસાથી શોધી લીધો. હવે રોંજનને સાથ આપનાર એક જ સ્વજન હતું અને તે તેની પત્ની બર્થા. જીવનભર પાકો સધિયારો આપનાર બર્થા પણ લાંબી માંદગીને અંતે ૧૯૧૯માં સ્વર્ગવાસી બની. હવે તો જિંદગીના ઉત્તરાર્ધમાં, ઢળતા સૂર્યની જેમ, રોંજનનું તેજ ઓસરવા લાગ્યું. વૃક્ષ ઉપરથી વેગળા થયેલા પાનખરના પીળા પાનની જેમ દિવસો યાતનામય બનતા જતા હતા. સામાન્ય માણસ તો પાણીને બદલે આંસુઓથી એકલતાની આગનું શમન કરે, પણ રોંજન અસામાન્ય હોઈ તે તેમ પણ કરી શક્યો નહિ. સ્વજનની ઉષ્માના અભાવ અને એકલતાના દિવસોમાં રોંજનને આંતરડાના કૅન્સરની બીમારી લાગુ પડી. ક્ષ-કિરણો આ રોગ પ્રત્યે સારો પ્રતિસાદ આપે છે. વિધિની વક્રતા તો એ છે કે ક્ષ-કિરણોના શોધકને જ ક્ષ-કિરણો બચાવી શક્યાં નહિ!

સરકાર કે સંસ્થાના કર્મચારીઓએ સેવા-શુશ્રૂષા કરી ખરી, પણ પોતાનું તો કોઈ નહિ ને? વિષાદમય પળો વચ્ચે ૨૩ ફેબ્રુઆરી, ૧૯૨૩ના રોજ જિંદગીનો છેલ્લો શ્વાસ લઈને રોંજને પોતાની જીવનયાત્રા પૂરી કરી. □

# ઉકળાટ

જનક ત્રિવેદી

અનંત બસ મુકાવાની રાહ જોતો ઊભો છે. લગ્નની સીઝન પૂરબહારમાં છે. ડેપોમાં ભીડ જામી છે. ગમે તે રૂટની બસ ગમે ત્યાં મુકાઈને ઊપડી જતી હતી. તેથી બસનું પાટિયું વંચાય તેમ ડેપોના મેદાનને સામે છેડે ખુલ્લામાં ઊભો છે.

સવારનો તડકો બેસતા શિયાળાની ઠંડીમાં હૂંફાળો લાગતો હતો. ઝબ્બાની ચાળ અને સફેદ લાંબા વાળ વારેઘડીએ સૂકી ઠંડી હવામાં ઊડતાં હતાં. જમણો હાથ ખભે ભેરવેલા થેલામાં પુસ્તક પર ફરતો હતો. વાંચવાનો સમય નહોતો. બબ્બે મિનિટે બસ મુકાતી હતી અને ઊપડતી હતી. પોતાની બસ ખૂણેખાંચરે મુકાઈને ધ્યાનબહાર ઊપડી ન જાય તે માટે આવતી-જતી દરેક બસનું ધ્યાન રાખવું જરૂરી હતું.

સામેથી હસતા આવતા એક ઊંચા પહોળા માણસ તરફ અનંતનું ધ્યાન ગયું. એ એકલો જ ઊભો હતો, તેથી ચોક્કસ એની પાસે જ આવતો હતો.

એ સામે આવી ઊભો રહ્યો. ઓળખ્યા-પાળખ્યા વગર હાથ શું મેળવવો - અનંતે વિચાર્યું. પેલાએ એવું કંઈ વિચાર્યા વગર અનંતનો હાથ પોતાના હાથમાં લઈ હલાવતાં બોલ્યો, 'કાં ગોરઅદા, કેમ છો?'

પરસેવો અને ખેતરાઉ માટીથી કધોણા થયેલા પાણકોરાના ચોરણી-પહેરણવાળા પાંત્રીસેકના કદાવર ખેડુ જુવાન તરફ અનંતે જોયું. એની જાડી ગામઠી મૂછો નીચે દાંત ચમકતા હતા. સુદૃઢ જડબાં અને હડપચી પર વધેલા કાળાભમ્મર વાળનાં પરસેવામાં ભીનાં થયેલાં ઠીંગાં તડકામાં ચમકતાં હતાં. માથે ઢઢળવઢળ બાંધેલા પનિયામાંથી ધૂળથી રજોટાયેલા કાળા વાંકડિયા વાળની લટો બહાર ઝૂલતી હતી. અનંતને ઓળખાણ ન પડી.

જુવાન હસ્યો. પછી આત્મીયતાપૂર્વક અનંતનો હાથ પકડી રાખ્યો અને બોલ્યો, 'ઘામ, કાંય ઘામ!'

અનંતને પોતાની યાદશક્તિ ઉપર ખીજ ચડી. આ તો ઓળખે છે, ને મને તો કંઈ સાંભરતું નથી! પરિચયનો ઝાંખોપાંખોય સંદર્ભ પકડાયો નહિ. દિમાગ ઉપર જોર દીધું તો અવળી-સવળી વાતો યાદ આવી. આવો જ અબૂધ દેખાતો એક ગામડિયો એને બનાવી ગયેલો. વતન પંચાળનું નામ સાંભળી પોતે કેવો ભાવુક બની ગયેલો અને પેલો લફંગો કેટલી સહેલાઈથી પચાસ રૂપિયાનું વતું કરી ગયેલો, તે સાંભરી આવતાં અનંત સતર્ક બની ગયો. તેણે શંકાથી જુવાન સામે જોયું. જુવાનની આંખોમાં ચમકતો સદ્ભાવ અને એના હાથની ઉષ્મા વિશે અનંતે વિચાર્યું, પેલોય એવો જ દેખાતો હતો. એણે અવિશ્વાસ અને સતર્કતાપૂર્વક જુવાનનો ચહેરો તપાસ્યો.

માથાબંધણાના છેડાથી પરસેવો લૂછતાં જુવાન બોલ્યો, 'ભારી બફરો છે, કાં અદા?'

'મને તો ઠંડી લાગે છે' એવું કહેવાનું અનંતને મન થયું. પણ બોલ્યો, 'હા.' પછી હસતાં હસતાં કહી નાખ્યું, 'માળું, ઓળખાણ નો પડી.'

'લે, આલ્લે, નો ઓળખાણ પડી! કલાકારુંનો વાંધો જ આ. ભુલકણા ભારી હોય.' જુવાને સ્મિત કર્યું.

અનંત ખાલી માથું ધુણાવી ખસિયાણું હસ્યો.

'હજી તો હમણે જ મળ્યા ને ભૂલી ગ્યા. હા, બાપા, રેડિયો કળાકાર કાંય અમ જેવા ભોથાંવને થોડા ઈયાદ રાખે.'

અચાનક એક ગંધ અનંતના શ્વાસમાં ધસી આવી. સ્મૃતિકોષોમાં સચવાઈ રહેલી એક સુગંધ. ખેતરાઉ માટીની સુગંધ, જે ક્યારેય ખોટું બોલતી નથી. ખેડુ જુવાન તરફથી આવતી ગંધને ઓળખી અનંત મનમાં બબડ્યો, 'હવે વાંધો નહિ.'

'એવું તો ન હોય, પણ હવે બહુ યાદ રહેતું નથી. બાવન થવા આવ્યાં. ક્યાં મળ્યા હશું!' જુવાનની સદ્ભાવનાના માપની નમ્રતા રાખી અનંત બોલ્યો.

'ક્યાં શું, ભંડારિયે.'

'પણ મેં તો ભંડારિયું...'

'લ્યો, રાખો હવે. શિવરાતે રાત આખી તમે ભજન ગાયાં'તાં, ને મેં તમ હાર્યે દોકડ વગાડી'તી... મનજી સાવલિયાને ઘરે... બવ જલસો કાર્યો'તો... ને પાછા કયેછ ભૂલી ગ્યા. કલાકારુંનો વાંધો જ આ.' જુવાને પોપટ-મોરલાનાં ભરત ભરેલી થેલીથી હવા ખાતા કહ્યું.

'ભંડારિયું જોયું નથી' એવું કંઈક બોલવા જતા અનંતની વાત કાપી નાખી જુવાન બોલ્યો, 'તમે અદા, ભલે ઠોળ કરો, પણ આ જીવરાજ લખમણ કથીરિયા તમને નો ભૂલે હો.'

'તમે ભંડારિયાના?' અનંતે પૂછ્યું.

'ના. નાગવદરનો.'

'કયું, આ...કે ઓલ્યું?'

'ઓલ્યું. બાબરાની ઓલીપાનું.'

'તો અહીં ભંડારિયે?'

'મનજી સાવલિયાને ઘરે. આપડો જાયભાય થાય. ભજનુંનો

ભારી શૉખીન... આપડા સિવાય કોઈને દોકડ અડવા નો દે.'

'ઠીક.' અનંત બોલ્યો. પછી વિચાર્યું, હાંકે રાખું લોલેલોલ. ના, બીજો હોત તો ઊંઠાંપૂંઠાં ભણાવી દેત. પણ આવાં ભોળીયાંવને છેતરાય નહિ.

'જસદણ મારું વતન છે, તે આવતાં-જતાં બસમાં તમે કદાચ મને જોયો હોય.' અનંતે કહ્યું.

'ના, બસ-ફસમાં નહિ, ભંડારિયે જ. મનકાભાઈ સાવલિયાને ઘરે જ. આ ગઈ શિવરાતે.'

'તમારી કંઈક ભૂલ થતી લાગે છે. મેં ભંડારિયા જોયું જ નથી.'

'પણ, શિવરાતે તો આપડે...'

'ના. શિવરાત્રીએ તો હું ઘેલા સોમનાથ હતો.'

ખેડુજુવાન ક્ષણેક અચકાયો. પછી બોલ્યો, 'લ્યો કરો વાત! એમ ભૂલ શેની થાય. ઇ જ ધોળી દાઢી. ઇ જ ધોળાં ઓડિયાં ને ઇ જ બથડિયું ડિલ. પછી સાન્તુઅદાને શેનો ભૂલું.'

અનંતને કહેવાનું મન થયું, કે - હા, ભઈ, છઉં. તારો સાન્તુઅદો જ છઉં. બોલ, શું કામ છે તારે. પરંતુ બોલ્યો નહિ... જે હોય તે, પણ મારા જેવા કોઈની છબી આ ભોળિયાના ચિત્તમાં આબાદ છપાઈ ગઈ લાગે છે. નહિ તો હું કંઈ જોનાથન સીગલ નથી કે બે જુદી જુદી જગ્યાએ એક સમયે દેખાણો હોઉં.

અનંતનો હાથ હજી જુવાનના હાથમાં હતો... ખરો છે, છોડતો જ નથી. અનંતે ધીમેથી હાથ સરકાવવાનો પ્રયત્ન કર્યો. હાથની પકડ આસ્તેઆસ્તે ઢીલી પડતી હોય તેમ અનંતને લાગ્યું. એને નિરાશ કરવા બદલ રંજ થયો. એણે ચહેરા પર હમદર્દીની રેખાઓ ઉપસાવી જુવાન સામે જોયું. જુવાને પ્રયત્નપૂર્વક હાસ્ય જાળવી રાખ્યું, પરંતુ અનંતનો હાથ છોડ્યો નહિ.

...બિચારો ભોંઠો પડે છે. મારે કંઈ ફેર પડવાનો નથી. અનંત હોઉં, શાન્તિલાલ હોઉં, કે પછી એનો સાન્તુઅદો હોઉં. ફેર પડવાનો હોય તો એને પડવાનો છે. કોને ખબર એ માટે જ આવ્યો હોય. તો પછી સાન્તુઅદાવાળી મુઠ્ઠી...

'આ બાજુ કેમ ભૂલા પડ્યા.' અનંતે પૂછ્યું.

'આપડું આથમણું પડું છે ને, ન્યાં કણે કૂવો ગળાવવો છ.'

'પણ તેમાં અહીં..'

'લોન સાટુ. જિલ્લા ખેતીવાડીમાં અરજી કરી'તી.'

'કેટલાની?'

'ત્રીસેક હજારનું ખરચ પડે. આમ તો જાયુંભાયુંમાંથી મળી રહે. આપડો વહેવાર પાકોને.'

'લઈ લેવા જોઈએ. સરકારી લફરામાં કોણ પડે!'

''ઇ બરાબર. પણ વારેઘડીએ જાયુંભાયુંને શું તકલીપ દેવી. ને માસુખ તળાટીએ કીધું'તું, 'હોફિસર તારા માયલો કણબી છે. નાત હારે નાડી છોડે જ ને. ફટ્ટલોન પાસ કરી દેશે.'

'પછી?'

'પછી શું? ચાંચુડી ઘડાવુંવાળું. કાબરભાઈ ધક્કા ખાતી થઈ ગઈ. આપડને એમ કે ઉનાળા મૉર્ય કાવડિયાં મળી જાય તો ટાઢી રત્યમાં કૂવો ગળાઈ જાય, ને ચૉમાસે મેની વાટ જોઈન બેઠા નો રેવું પડે. માંડવી ઓરવી દઈ રૂડી.'

'પછી?'

'પછી શું. આપડો જણ - આપડો જણ કયા કરે. પણ માળો, લોન પાસ કરવાનું નામ નો લ્યે.'

'પછી...?'

''પછી શું. માસુખને પૂછ્યું તો કયે, 'નિવેદ ઝારી આવ્યને.' લ્યો, કો અદા, કાગડો કાગડાની માટી ખાતો હોય એની આપડા જેવાને શું કબર હોય. આવું તે હોય.''

'એવું જ છે. માથામાં પાણો વાગે ને લોહી નીકળે એવું.'

'એની ય ક્યાં ના હતી. પણ મોઢામાંથી કાંક ફાટે તો ને. સામેથી પૂછ્યું તો કીધું - ત્રણ હજાર. મેં કીધું, દેશું. પણ અમારા રોંસા કીધા અટલે હાંવ. લોન નો કાઢી. આ ચાર મહિના થઈ ગ્યા.'

'પછી કાવડિયાંની જોગવાઈ થઈ?'

'થાય જ ને. પણ સરકારે ગરીબ ખેડુ સારુ લોનું કાઢિયુંછ તે એમ કે જાયુંભાયુંને તકલીપ દેવી નહિ. પણ દેવી પડી. પચ્ચી દીધા લાલાવદરવાળા બનેવીએ ને દસ દીધા મનજી સાવલિયે. આપડું કામ સરેડે ચડી ગ્યું. નકર આવતાં વરસેય કૂવો નો ગળાત.'

'વાહ. આપણું કામ રડી ગયું ને, ભલા માણસ. પછી શું જોઈએ?'

'કામ તો ઠીક. પણ ખેડનાં કામ મેલી, ગાંઠનાં બસભાડાં ખરચીને મહિને પાંચ ધક્કા ખાઈ, ને તોય આપડા હકનું નો આપે. આવો અન્યા?'

'વાત સાચી. પણ એમાં ત્રેવડ જોઈએ - નાણાંની. તું નાણાંવાળો છો?'

'ના. તો લોન સારું ધોડા શું કરવા કરું?'

'ગૂંજામાં નાણાં હોય તો ન્યાય-અન્યાયની વાત થાય. બાકી હકબકની વાતુંનું કંઈ ઊપજે નહિ.'

'પણ અદા, આ તો ખોટું કેવાયને? વાડ જ ચીભડાં ગળે પછી જાવું ક્યાં?'

'એ તો ગળવાની જ. તને નહિ સમજાય. સાચાં-ખોટાં જેવું કંઈ છે જ નહિ. બધુંય સરખું. માનો તો ખોટું છે, ને ન માનો તો સાચું છે.'

'તો પછી ગરીબ ખેડૂને મદદની યોજનાઉંનું શું?'

'કાગળમાં. કાગળ ફાઈલુંમાં, ને ફાઈલું સાહેબુંનાં ટેબલનાં ખાનાંમાં. જડબેસલાક. બસ. જેના હાથ પહોંચે એ લઈ લે.'

'પણ આનો કોઈ ઉપાય ખરો કે નહિ.'

'ના. બગડેલાં લોહીનો ઉપાય મૃત્યુ.' તરત અનંતને વિચાર આવ્યો, આને પેલી દાઝ ઉતારવી છે, ને હું એને ઉપદેશ ધાબડવા માંડ્યો. પછી બોલ્યો, 'ઉપાય છે, કરવો હોય તો. બોલ, પૈસા લેતો પકડાવી દેવો છે?'

'ના, કોઈના પેટ ઉપર પાટુ નો મરાય.'

'તો છાપે ચડાવવો છે? ઉપવાસ, આંદોલન, ફરિયાદ કે એવું કંઈ?'

'ના. આપડે કાંય કરવું નથી. કાળ તો મનેય ચડ્યો'તો, બે અડબોથ ઠોકી દઉં.'

'ઠોકી જ દેવાય.' અનંતથી જરા મજાકમાં બોલાઈ જવાયું. પરંતુ જુવાન સમજ્યો નહિ.

''આમ તો ખોપરી હલી ગઈ'તી. પણ કડવો ઘૂંટડો ગળી લીધો. તોય કાળમાં બે કડવાં વેણ બોલાઈ જવાણાં ઈ માફ. કહેવાઈ ગ્યું. 'જો, આ તારી સગલી રોકડી હાથમાં આવી ગઈ. તારી લોન ગઈ જાનમની ખાડ્યમાં.'''

'સારું કર્યું. આપણે શા માટે હાથ કાળા કરવા જોઈએ?' અનંતે જુવાન સામે જોઈ વિચાર્યું, કંઈ કરવું નથી તો પછી આને જોઈએ છે શું? પછી પૂછ્યું, 'હવે?'

જવાબમાં પહાડ જેવા આદમીએ નિસાસાની જેમ શ્વાસ છોડ્યો. પછી પનિયાના છેડાથી કપાળે વળેલો પરસેવો લૂછ્યો. પછી હોઠ વચ્ચે આવેલી મૂછ થોડી વાર ચાવતો રહ્યો. પછી એના ચહેરા પર રાહત ફરી વળી. આંખોમાં અને ચહેરા પર ફરી સ્મિત ફરકતું થયું. પછી એણે અનંતનો હાથ હળવેથી છોડી દીધો. પછી હાથ ઊંચો કરી આકાશ તરફ આંગળી ઊંચી કરી. પછી અનંત કંઈ બોલે તે પહેલાં પીઠ ફેરવી આવ્યો હતો તે બાજુ મૂંગો મૂંગો ચાલતો થયો.

અનંતે ઘડિયાળમાં જોયું. અગિયાર વાગવા આવ્યા છે. હજી બસ મુકાણી નથી. મોડી થઈ ગઈ. ગામડાંની બસોનું એવું. રઝળાવીય મૂકે.

હવાની એક લહેરખી આવી. ઠંડક વરતાણી. ખ્યાલ આવ્યો, પરસેવો વળ્યો છે. એણે થેલામાંથી રૂમાલ કાઢી, ચશ્માં ઉતારી પરસેવો લૂછ્યો. પછી ચશ્માં ચડાવી રૂમાલ થેલામાં મૂકતાં વિચાર્યું, 'ગરમી વધતી જાય છે.'

પછી તડકામાંથી ડેપોના બિલ્ડિંગ તરફ આવ્યો. બસની વાટ જોતાં, આમ તેમ રઘવાયાં ફરતાં, અડિંગો જમાવી બેઠેલાં સ્ત્રી-પુરુષો વચ્ચેથી પસાર થઈ સાત નંબરના પ્લેટફોર્મના બાંકડા તરફ એ આગળ વધ્યો. એકે બાંકડો ખાલી નહોતો. એને બેસવું નહોતું. એક પંખા નીચે ઊભો રહ્યો. થોડી રાહત થઈ.

પાછળથી એના ખભે થોડું અડી કોઈ બોલ્યું, 'કાં, કેમ છો ?'

અનંતે પાછળ જોયું, 'અરે હરિભાઈ, તમે!'

'કેમ દેખાતા નથી?' હરિભાઈએ સામે આવી પૂછ્યું.

'મારી નોકરીનું તો તમે જાણો છો. ભાગ્યે જ ઘરે હોઉં.'

'એ તો બરાબર. પણ હો ત્યારે તો ક્યારેક મળતા હો!'

'એક તો થાક્યા-પાક્યા બહાર નીકળવાનું મન ન થાય. ને બીજું, થાય તો ય મળવાનું તો એકલા આપણે બેયે જ ને. હું મારી વાર્તા સંભળાવું, ને તમે તમારી. બસ, પછી?'

'હવે ક્યાં વાંધો છે.'

'કેમ. વાર્તાકારો આકાશમાંથી ટપકી પડ્યા કે શું!'

'હા, એમ જ માનોને. એક આવ્યો ચિત્તલની નિશાળમાં- વસંત ગોસ્વામી. અને બીજા ચક્કરગઢની હાઈસ્કૂલના આચાર્ય લવજીભાઈ પરમાર. ઓળખ્યાને.'

'હા. લવજીભાઈ 'ચાંદની' વખતના અચ્છા વાર્તાકાર. અને વસંતનેય ઓળખું. ને ત્રીજો કોણ?'

'ત્રીજો કાંતિ સવાણી. ઓળખોને?'

'હા. નામથી. ગુજરાતી વાર્તાનો નવી પેઢીનો માસ્ટર સ્ટોરી ટેલર.'

'માસ્ટર જેવું કંઈ લાગે નહિ. સાવ સાધારણ માણસ જેવો'.

હું કલ્પના કરું છું, કદાચ એની વાર્તાઓ જેવો. નીચલા થરના આમમાનવીના જીવનની સાદીસીધી વાર્તાઓ. ગ્રામ-જીવનની રોજિંદી ઘરઘરાઉ વાતો, કૌટુમ્બિક વ્યવસ્થાની ઘટનાઓ, આંચલિક નૉસ્ટાલ્જિયાની ખટ્ટીમીઠી વાતો. પ્રેમ, નાનાં તુચ્છ સુખ, કોઠે પાડવી પડેલી પીડાઓ, જીવવા માટે ઝાંવાં નાખતા માણસ પ્રત્યેની એની હમદર્દી, માણસનાં જિન્સમાં પ્રવેશી ચૂકેલી શોષણખોરી અને એની વિરુદ્ધ એના આક્રોશ અને પ્રકોપની સાચૂકલી અભિવ્યક્તિ અને કવેતાઈ પ્રપંચોના ઘટાટોપ વગરની સરળ ભાષાવાળી એની વાર્તાઓ મેં વાંચી છે. એમ સમજો કે તેમાં અનુભવાતી સચ્ચાઈનો હું પ્રશંસક છું.'

'ટૂંકમાં કમિટેડ કહોને.' હરિભાઈ બોલ્યા.

'નૉટ એક્ઝેક્ટલી કમિટેડ, બટ ડેડિકેટેડ. ડેડિકેટેડ ટુ રીઅલ લાઈફ. એક કલાકાર યાતનાઓથી પીડિત મનુષ્ય પ્રત્યે સમભાવ દાખવે, એની વિટંબણાઓને વાચા આપે તેમાં ખોટું શું છે. પછી કમિટેડ કહો તોય શું?'

'સોશિયાલિસ્ટ, સોશિયાલિસ્ટ.' હરિભાઈ તાળી પાડી મોટેથી કટાક્ષમાં હસ્યા; 'કલા એટલે કલા. એમાં વળી પાછાં ફૂમકાં?'

'કોઈ ચાહે તે કહે. પ્રતાડનાઓની પરકીય તેમજ સ્વકીય

(અનુસંધાન પાન ૧૮૪ ઉપર)

શહેરીકરણની આડઅસર તરીકે વ્યક્તિવિમુખ થયેલા આવાસને સાંપ્રત સમયમાં સંવેદનશીલ સ્થપતિઓ દ્વારા ફરીથી વ્યક્તિલક્ષી બનાવવાની કોશિશ થઈ રહી છે તે

# ધરતીનો છેડો ઘર

હેમન્ત વાળા



સમાજ એ માનવીની અને માનવીને સાંકળતી કડીઓ વડે ઉદ્ભવેલી વ્યવસ્થા છે. માનવી અને માનવી વચ્ચેના સંબંધનો પ્રકાર અને ઘનિષ્ઠતા સામાજિક માળખાને અસર કરે છે. કુટુંબ એ પ્રાથમિક તેમજ સૌથી મહત્ત્વની સામાજિક સંસ્થા છે, જે અમુક માનવ સમૂહને ઘનિષ્ઠતાપૂર્વક એકબીજા સાથે સાંકળે છે. એક દૃષ્ટિકોણથી જોઈએ તો સામાજિક વ્યવસ્થા એ વિવિધ કુટુંબોના પારસ્પરિક સંબંધથી ઉદ્ભવેલું સમીકરણ જ છે. આમ, કુટુંબ એ સામાજિક વ્યવસ્થામાં અતિ મહત્ત્વનું અંગ હોઈ તેના સમાવેશ માટે બનાવવામાં આવતું મકાન - 'આવાસ' એ માનવનિર્મિત વાતાવરણનું અગત્યનું અંગ બની રહે છે.

આવાસ તથા આવાસ-સમૂહની રચના એક રીતે સામાજિક વ્યવસ્થા રજૂ કરે છે. આવાસની રચના વડે કુટુંબની વ્યક્તિઓનો એકબીજા સાથેનો તથા તેમનો અને વ્યવહારના વિશ્વનો સંબંધ નિર્ધારિત થાય છે. આ સંબંધ સામાજિક વ્યવસ્થાનું એક મહત્ત્વનું અંગ બની રહે છે. રહેવાસીની જીવનસરણી થકી ઉદ્ભવતા વ્યક્તિત્વને પ્રતિબિંબિત કરતા આવાસને સમજવું જેટલું સરળ છે તેટલું જ જટીલ છે.


આવાસની રચના પર અસર કરતાં પરિબળોમાં સ્થાનિક આબોહવા, પરંપરાગત રીતે સ્વીકારાયેલાં સામાજિક તથા સાંસ્કૃતિક મૂલ્યોથી ઉદ્ભવતી જીવનસરણી તથા બાંધકામની મુખ્ય સાધન-સામગ્રી અને તેને લગતું તકનિકી જ્ઞાન મુખ્ય છે. આ ઉપરાંત આવાસરચનામાં સ્થાનિક કાયદા-કાનૂન તથા જમીન તેમજ બાંધકામની કિંમત પણ મહત્ત્વનાં બની રહે છે. આવાસની રચનામાં વ્યક્તિ પોતાના વ્યક્તિત્વને પ્રતિબિંબિત કરવા પણ ઇચ્છુક હોય છે. જોકે વ્યાપારી ધોરણે બનતા આવાસોમાં માત્ર વ્યાપારી અભિગમ જ મહત્ત્વનો બની રહે છે.

કુદરતનાં વિપરીત પરિબળો સામે રક્ષણ મેળવવા માટે માનવીએ ગુફામાં આશરો લીધો ત્યારથી છેક અત્યાર સુધીની માનવ-ઉત્ક્રાંતિની તવારીખમાં આવાસની રચના તથા વ્યવસ્થાનો ઇતિહાસ અખૂટ રહ્યો છે. આદિકાળમાં આવાસ એ માત્ર શરણ આપતું સ્થાન હતું, પરંતુ માનવીએ જેમ જેમ તેની સંવેદનશીલતા, કાર્યદક્ષતા તેમજ વૈચારિક અભિગમ વધુ સાંદર્ભિક બનાવ્યાં તેમ તેમ તેણે આવાસમાં જુદાં જુદાં પરિમાણો ઉમેર્યાં અને આવાસ એ માત્ર કુદરતનાં વિપરિત પરિબળો સામે રક્ષણ આપતું સ્થાનમાત્ર ન રહેતાં માનવીના વ્યક્તિત્વને પ્રતિબિંબિત કરતું અને તેના અસ્તિત્વ સાથે સઘન રીતે સંકળાયેલું સ્થાન બની રહ્યું. જીવન સરણી અનુસાર નિર્ધારિત થતો આવાસ કાળક્રમે ભવિષ્યની પેઢીઓની જીવનસરણીને પણ અસર કરતું થયું.

આદિ માનવે ગુફા ઉપરાંત ઝાડનો પણ આવાસ તરીકે ઉપયોગ કર્યો હતો. પરંતુ ઝાડ તથા ગુફા પ્રત્યેક સ્થળે પ્રાપ્ત ન હોવાથી અને તેમના ઉપયોગમાં મૂળભૂત તકલીફો પણ રહેલી હોવાથી માનવીએ પોતાની જરૂરિયાત મુજબ નિર્ધારિત સ્થળે આવાસ સર્જવાની ચેષ્ટા કરી હશે. આ માટે શરૂઆતમાં તેણે ઝાડ અને ગુફાની રચનાના સિદ્ધાંતો જ બાંધકામમાં પ્રયોજ્યા હશે. માનવ-નિર્મિત ગુફા બનાવવા, જેમ કે, તેણે પથ્થરોને વિવિધ યુક્તિથી ગોઠવ્યા હશે અને સાથે સાથે ઝાડની ડાળીઓને એક સ્તંભ પર ટેકવી ગોળાકાર છાપરું બનાવ્યું હશે. જેમ જેમ માનવીનું જે તે સામગ્રી વિશેનું તકનિકી જ્ઞાન તેમજ તેના ઉપયોગમાં સંભવિત કલાત્મકતા વિષેની જાણકારી વધતાં ગયાં



ગરમ-સૂકી આબોહવા-વાળા પ્રદેશના પરંપરાગત આવાસ મધ્યેનો ખુલ્લો ચોક આબોહવાના વિપરીત પરિબળોનાં નિયંત્રણ માટે ખૂબ મહત્ત્વનો ભાગ ભજવતો.



ગ્રામવિસ્તારના પરંપરાગત આવાસ જીવનશૈલીની ઓળખ સમા બની રહેતા



શહેરી વિસ્તારના આવાસ ઘણી વાર જીવનશૈલીને બંધનકર્તા હોય છે.

તેમ તેમ આવાસની રચનામાં ઉપયોગિતામાં, અસરકારકતા, અનુકૂળતા અને કળાત્મકતાની માત્રા વધતી ગઈ. પરિણામે આવાસ વધુ યથાર્થ, તેમજ સાંદર્ભિક તેમજ વ્યક્તિગત બનતો ગયો.

મધ્યકાલીન યુગથી શરૂ થઈને ૧૯મી સદી સુધી આવાસની રચનામાં એક પ્રકારની પૂર્ણતા આવી હતી એમ કહેવાય છે. આ સમયગાળામાં પ્રાપ્ય સામગ્રીનો પ્રાપ્ય તકનિકી જ્ઞાન પ્રમાણે અસરકારક ઉપયોગ કરી સ્થાનિક આબોહવા તેમજ જીવનસરણીને અનુરૂપ આવાસો બનતા ગયા. ગરીબ તેમજ તવંગર વ્યક્તિને પ્રાપ્ય બાંધકામની સામગ્રીમાં નોંધપાત્ર તફાવત હોવા છતાં તે સમયે બનતા આવાસોમાં જીવનસરણી તથા આબોહવાને બધા જ આવાસોમાં એકસરખી કક્ષાનો સર્જનાત્મક પ્રતિભાવ મળતો. વળી, મહદ્અંશે આવાસ સ્થાનિક સ્તરે પ્રાપ્ય સામગ્રીમાંથી બનાવાતા જેથી જે તે સ્થાન સાથેનો તેમનો સંબંધ ઘનિષ્ઠ રહેતો. આવાસની બાંધણી નક્કી કરવામાં અને ત્યાર બાદ બાંધકામની પ્રવૃત્તિમાં પણ વ્યક્તિ પોતે સામેલ થતી હોવાથી તે પોતાની ઇચ્છા, જરૂરિયાત તથા વ્યક્તિત્વને અનુરૂપ આવાસ બનાવી શકતી. આ રીતે આવાસ તથા આવાસ-સમૂહમાં સમૃદ્ધતા આવતી. તેથી જ પરંપરાગત આવાસો સ્થાપત્યની દૃષ્ટિએ મૂલ્યવાન રહ્યા છે. કોઈ પણ પ્રદેશમાં જે તે સમયગાળામાં કેવા પ્રકારની સામાજિક ચેતના તથા વ્યવસ્થા હતી તે તે સમયના પરંપરાગત આવાસની રચના પરથી અનુમાનિત કરી શકાય છે.

પરંપરાગત આવાસો આ સદીની શરૂઆત સુધીમાં પ્રાંતીય ઓળખ બની રહ્યા. ક્રમશઃ શહેરી વિસ્તારોમાં આવાસની વધતી માગ, ઔદ્યોગિક ક્રાંતિથી બાંધકામની સામગ્રી તથા તેને લગતાં તકનિકી જ્ઞાનનો થયેલ વિકાસ, વિચારો તથા પદાર્થોના વિનિમય માટે બનેલી ઝડપી વ્યવસ્થા તથા માનવીના બદલાયેલા અભિગમને કારણે આવાસની પ્રાંતીય ઓળખ લુપ્ત થતી ગઈ અને 'વૈશ્વિક' રચનાના સિદ્ધાંતો પ્રત્યે માનવી ઢળ્યો. આના પરિણામે આવાસની રચનામાં પ્રાંતીય વૈવિધ્ય લુપ્ત થતું ગયું અને બીબાંઢાળ બંગલા, ટેનામેન્ટ્સ - કે જેમાં બે કે વધુ આવાસો વચ્ચે એક કે વધુ દીવાલો સામાન્ય હોય છે - રો-હાઉસીઝ કે જ્યાં આવાસો હારબંધ ગોઠવાયા હોય છે તથા એપાર્ટમેન્ટ કે ફ્લૅટ કે જેમાં આવાસોને એકબીજા પર ગોઠવાય છે - બનાવાતા થયા. આ ઉપરાંત આવાસના ડુપ્લેક્ષ, ટ્રિપ્લેક્ષ તથા પેન્ટહાઉસ જેવા અન્ય પ્રકારો પણ પ્રચલિત થયા.

આ પ્રકારની આવાસ-રચનામાં રહેનાર માનવીની જીવનસરણી, સ્થાનિક આબોહવા તેમજ સાંદર્ભિક સંજોગો જેવાં પરિબળોની ભૂમિકા ગૌણ બનતી ગઈ. આવાસનો જે તે સ્થાન-પ્રાંત સાથેનો સંબંધ પણ ઓળખ વિનાનો બની રહ્યો. વિશ્વના કોઈ પણ ખૂણે બનાવી શકાય તેવી વૈશ્વિક આવાસ-રચના પાછળ સ્થપતિઓ તથા સમાજે પણ આંધળી દોટ મૂકી. ક્રમશઃ આવાસો ચહેરા વિનાના બનતા ગયા અને વ્યક્તિના વ્યક્તિત્વને વ્યક્ત કરવાને બદલે રહેવા માટેના મશીન સમા બની ગયા. વધતી જતી આબાદી, પ્રાપ્ય સાધનસામગ્રીનું બિનસંતુલિત વિતરણ, સ્થાનિક તકનિકી જાણકારી પ્રત્યેનું દુર્લક્ષ, આવાસક્ષેત્રે સંકળાયેલ સરકારી તેમજ અર્ધસરકારી સંસ્થાઓમાં દુરંદેશીપણાનો અભાવ, તકનિકી જ્ઞાન ધરાવતા શિક્ષિત વ્યાવસાયિકોની સમાજના મર્યાદિત વર્ગને જ અપાતી સેવાઓ, સત્તા પર બિરાજમાન વ્યક્તિનો ચૂંટણીલક્ષી અભિગમ, વહીવટ-કર્તાઓની બિનવ્યવહારુ નીતિ તેમજ સમાજના સળગતા પ્રશ્નો પ્રત્યે આમસમાજની ઉદાસીનતા - આ બધું જ આવાસની સમસ્યાને દિનપ્રતિદિન જટીલ બનાવે છે.

'કુમાર'ની વિવિધ યોજનાઓ માટે જુઓ આ અંકનું પૂઠું ત્રીજું. આપ આમાંની કોઈ એકાદ યોજનામાં ના જોડાઈ શકો ?



# આપણા સ્વરકાર (૫)

## રસિકલાલ ભોજક

• નટરાજ બ્રહ્મભટ્ટ •

ગીતને જોઈને જેનું મન એકાએક મોર બની થનગાટ કરવા લાગે, ગીતના શબ્દોના ભાવાનુસાર મધુર સ્વરો સહજ રીતે જેના કંઠે સરી પડે તેની ગણના એક અચ્છા સ્વરકાર તરીકે થાય ખરી, પણ ગીત પોતે જેને જોઈને તાનમાં આવી જાય અને ઊલટભેર કોઈ બેમિશાલ બંદીશ થવાની તાલાવેલી જાગે ત્યારે સમજવું કે આ કોઈ સવાયો સ્વરકાર હોવો જોઈએ. રસિકલાલ ભોજક આવા સવાયા સ્વરકારની શ્રેણીમાં શોભે એ કોટિના સ્વરકાર હતા.

રસિકભાઈનો જન્મ ૧૯૨૬ની ૨૯મી ડિસેમ્બરના રોજ ભાવનગર મુકામે થયો હતો. આમેય સંગીત અને નાટક એ ભોજક જ્ઞાતિને વરેલો વૈભવશાળી વારસો ગણાય છે. રસિકભાઈના પિતા ચિમનલાલ ભોજક ભાવનગર સ્ટેટના એ જમાનાના જાણીતા રેવન્યૂ કમિશનર હતા. તેઓ સંગીતના ભારે રસિયા. ગ્રામોફોન રેકૉર્ડ્ઝ વસાવવાના પણ એટલા જ શોખીન જીવ. બાળ રસિકને પોતાની પાસે બેસાડી મનગમતી રેકૉર્ડ્ઝ વગાડવાનો લગભગ નિત્યક્રમ બની ગયો હતો. નિયમિત શ્રવણને કારણે આ બાળકના કાન એવા તો કેળવાયા હતા કે એની ચાર-પાંચ વર્ષની વયે પિતાજીની મનગમતી રેકૉર્ડ્ઝ બરાબર પારખી એમના હાથમાં હોંશભેર ધરી દેતો!

ભાવનગરની આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં કિશોર રસિકે સંગીત-સ્પર્ધામાં જ્યારે જ્યારે ભાગ લીધો હતો ત્યારે ત્યારે પ્રથમ ઇનામના વિજેતા તરીકે એનું જ નામ જાહેર થતું. એ અરસામાં ભાવનગર રાજ્યના નામાંકિત દરબારી સંગીતકાર તરીકે દલસુખરામ ભોજકનું નામ ખૂબ જાણીતું. રસિકભાઈના એ પિતરાઈ ભાઈ હોઈ એમની પાસે શાસ્ત્રીય સંગીતની એમણે પ્રાથમિક તાલીમ મેળવી હતી. પછીથી શામળદાસ કૉલેજમાં આ કલાકાર વિદ્યાર્થીએ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં સક્રિય ભાગ લઈ સારી એવી નામના મેળવી હતી. સાથે સાથે ઇતિહાસ અને રાજ્યશાસ્ત્રના વિષયો લઈ સ્નાતક થયા. એવામાં વડોદરા ખાતે મહારાજા સયાજીરાવ ગાયકવાડે સ્થાપેલા 'ધ ડાયમંડ જ્યુબિલી બ્રોડ કાસ્ટિંગ સ્ટેશન' દ્વારા લેવાયેલ સ્વરપરીક્ષામાં સફળ થતાં જ ગાયક તરીકે સુગમ સંગીતના કાર્યક્રમમાં અવારનવાર ભાગ લેતા રહ્યા અને કલાકાર તરીકે ઠીક ઠીક ખ્યાતિ મેળવતા રહ્યા. મુંબઈની એચ.એમ.વી. ગ્રામોફોન કંપની દ્વારા એમનાં ચાર ગીતો ધ્વનિમુદ્રિત થયાં અને એમાંનું એક ગીત 'આવા તે વાયદા ન થાય સાજન અષાઢી રેન હાલી જાય' ગીતે એમને સારી લોકચાહના અપાવી.

એમની આ તબક્કાની સ્વરસાધનામાં પ્રજ્ઞાચક્ષુ ગંગેશ્વરાનંદજી મહારાજની ભક્તિ અને ઇચ્છાબા તથા નર્મદામાશીનો સ્નેહભાવ પ્રેરણારૂપ હતાં.

૧૯૫૦માં એઓ આકાશવાણી અમદાવાદ કેન્દ્ર પર સ્ટાફ આર્ટિસ્ટ તરીકે જોડાયા. એમની નિષ્ઠા અને કાર્યકુશળતાને કારણે આકાશવાણીના અધ્યક્ષનું દિલ જીતી લેતાં એમની સંગીત એકમના કમ્પોઝર તરીકે નિમણૂક થઈ અને એકાદ વર્ષમાં તો સીધા સંગીત વિભાગના પ્રોડ્યુસર તરીકે બઢતી મળી. એ જ અરસામાં ગુજરાતમાં 'સુંદરી' તરીકે સુવિખ્યાત થયેલા જયશંકરભાઈને નટમંડળ દ્વારા રજૂ થતા સંગીતપ્રધાન નાટક 'મેનાગુર્જરી'ના દિગ્દર્શકની જવાબદારી નિભાવવાની હતી અને આ નાટકના સંગીત-નિર્દેશનની જવાબદારી રસિકભાઈએ સુપેરે નિભાવી. 'મેનાગુર્જરી'નાં ગીતોએ ગુજરાતને જબરું ઘેલું લગાડેલું. એમાંય 'જોબનિયું આજે આવ્યું ને કાલ જાશે જોબનિયું કાલ જાતું રે'શે.' ગીતે તો ગુજરાતમાં ડંકો વગાડ્યો. 'ઓલ્યા પાંદડાને ઉડાડી મેલો રે પાંદડું પરદેશી' આ ગીત પણ લોકજીભે સારું ચડેલું. સુમધુર સંગીતને કારણે આ નાટક આકાશવાણીના ઓપેરા રાષ્ટ્રિય કાર્યક્રમમાં રજૂ થતું. ઓરિએન્ટ કૉન્ફરન્સ ઑફ ઓપેરાના અવસરે દિલ્હી ખાતે 'મેનાગુર્જરી' રજૂ થતાં તેના મધુર સંગીતથી પાશ્ચાત્ય સંગીતકારો મંત્રમુગ્ધ થઈ ગયા હતા.

૧૯૫૧થી લગભગ ૧૯૫૯ સુધી આકાશવાણી - અમદાવાદ કેન્દ્ર અને થોડો વખત આકાશવાણી - રાજકોટ કેન્દ્ર ખાતે સુગમ સંગીત વિભાગના અધ્યક્ષ તરીકે રહ્યા, ત્યારે એક એકથી ચડિયાતી રચનાઓ એમણે રેડિયો સ્ટેશન પરથી રેલાવી હતી. 'ઝાંઝર અલકમલકથી આવ્યું રે' સરોજબહેનના મધુર માદક કંઠે રજૂ થતું હતું. 'મોરલી તે ચાલી રંગરૂસણે રે' આ જ કલાકારના કંઠે રજૂ થતાં ગુજરાતમાં ખૂબ લોકપ્રિય બન્યું હતું. વળી, રાજકોટ ખાતે ગુજરાતના અષાઢીલા કંઠના કસબી હેમુ ગઢવી અને દિના ગાંધર્વનાં યુગલ લોકગીતોએ રેડિયો પર સારી એવી રમઝટ બોલાવી હતી. જાણીતા કલાકાર યશવંત ભટ્ટ, મુગટલાલ જોશી

જેવા ભજનના ભાવિક કલાકારના કંઠે રસિકભાઈની રઢિયાળી રચનાઓ અવારનવાર રજૂ થતી રહેતી હતી.

એ જ અરસામાં આકાશવાણી અમદાવાદ કેન્દ્ર પર આજના ઝી ટી.વી. પર રજૂ થતા સારેગમ કાર્યક્રમ જેટલો જ સ્વાદિષ્ટ કાર્યક્રમ 'શ્રવણમાધુરી' રજૂ થતો હતો. કાર્યક્રમની ગામેગામ બોલબાલા જામી ગઈ હતી.

૧૯૫૭થી ૧૯૬૨ સુધી એલ.એ. શાહ લૉ કૉલેજના રસોત્સવમાં લાગલાગાટ છ વર્ષ એક એકથી ચડે એવી રવીન્દ્ર ઠાકોર રચિત નૃત્યનાટિકાઓ રજૂ કરી હતી.

૧૯૫૯માં રસિકભાઈની ઈન્દોર ખાતે બદલી થઈ. રસિકભાઈ ગુજરાતી ગીતોને સૂરથી સજાવતા હતા, એથીયે વિશેષ હિન્દી રચનાઓને રાજેન્દ્ર શુક્લ, સ્વતંત્ર ઓઝા, સુમન દાંડેકર, કુસુમ બરોડકર જેવા કસાયેલા કંઠના કલાકારો પાસે દેશભક્તિ અને દેવભક્તિની રચનાઓ આકાશવાણી ઈન્દોર પર અવારનવાર રજૂ કરતા રહ્યા.

૧૯૬૩માં ભારત પર ચીની આક્રમણ થતાં લોકોમાં દેશદાઝની ભાવનાને પ્રેરતો એક સંગીત કાર્યક્રમ યોજાયેલો. આ કાર્યક્રમમાં હરિકૃષ્ણ પ્રેમી રચિત એક ઉત્કૃષ્ટ કથાગીત 'શહીદકી માઁ'ને રસિકભાઈએ એવી ભાવવાહી સુરાવલીથી ભરી દીધી કે હૃદયવેધક કંઠે એ રેલાતાં સમગ્ર શ્રોતાવર્ગની આંખો અશ્રુભીની થઈ હતી. ભારતનાં અમર શહીદ ભગતસિંહનાં માતુશ્રી અને ભાભીનાં હૈયાંને એ મધુર ઘેરા સ્વરો એવા તો સ્પર્શી ગયા કે શહીદની માએ રસિકભાઈને ગળે લગાડી ગદ્ગદ કંઠે કહ્યું કે, 'બેટા! આજ તુને મેરે લાડકે કી યાદ દીલા દી'. આ હતી રસિકભાઈના સ્વરની સચ્ચાઈ અને ઊંચાઈ. ઈન્દોરમાં રહ્યા ત્યાં લગી બસ્તર અને છત્તી ગઢ ડિલ્લાના પ્રાદેશિક લોકસંગીતને જાણી-માણી-પિછાણી એની પ્રેરણાથી ગીત-ગઝલ અને ભજનને ભાવવાહી સ્વરોમાં ઘૂંટી, ગૂંથી, રજૂ કરી એ ભૂમિનું ઋણ અદા કર્યું.

૧૯૬૫માં રસિકભાઈનું અમદાવાદ ખાતે પુનરાગમન થતાં રેડિયો પર સંગીતના કાર્યક્રમોની રેલમછેલ થવા લાગી. નવરાત્રી નિમિત્તે આમંત્રિતોની ઉપસ્થિતિમાં ગરબા-મહોત્સવ ઉજવાતા રહ્યા. એ જમાનામાં રસિકભાઈના ખૂબ લોકપ્રિય ગરબાઓના આકર્ષણમાં આજે પણ જરાય ઓટ વરતાતી નથી. 'મહીથી ભરેલ કાન તારી મટૂકી', 'છોરા ચ્યોં ચ્યોં જ્યો તો હજારી ફૂલનો વેંઝવોણો', 'નવા નગરની વહુવારુ તારો ઘૂમટો મેલ', 'બેડલે બંધાણો મારો જશોદાનો જાયો', 'સૂની શેરીમાં ઘ ઘઘરા ઘૂઘરો વાગ્યો', 'વાંસળી વાગી રે જમુનાને આરે' હેલે ચડાવી છે. આદિ અનેક ગરબાથી રસિકભાઈએ ગુજરાતણોને ગરબે ઘૂમતી કરી છે. રસિકભાઈ જેટલા ગરબાના ગુલાબી રંગમાં ખીલતા દેખાય છે, એથીયે વિશેષ ગેરુડાના રંગમાં જમાવટ કરી શકે છે. 'બિરહિની કો સિંગાર ન ભાવે', 'મૈં નિરગુણિયા', 'યહ બિનતિ સૂનો રઘુરાઈ', 'કોઈ પીઓ પિયાલા રામ રસકા', કબીરજીના દૂહા ભાવને જાળવી સ્વરોનું સિંચન કર્યું છે. 'માઈ રી મૈંને મધુબનમેં નિરખ લીઓ નંદલાલ', જેવા કન્યાના મુગ્ધ ભાવોને રસિકભાઈએ મઝાના સ્વરોથી મઢી લીધા છે.

રસિકભાઈનું મોટું યોગદાન હોય તો તે પુષ્પદંત-રચિત શિવમહિમ્ન સ્તોત્ર. આ રચનાએ તો રસિકભાઈને ભારતભરમાંથી લોકચાહના અપાવી છે. એ જ રીતે 'સંભવામિ યુગે યુગે', 'રામચરિત માનસ', 'ગીતગોવિન્દ', નરસિંહ અને દયારામની મોહક રચનાઓથી શ્રોતાજનોનું કર્ણરંજન કર્યું છે.

રસિકભાઈની છેલ્લે છેલ્લે તો એવી દમદાર સ્વરરચનાઓ થઈ કે આકાશવાણી મુંબઈ, અમદાવાદ અને રાજકોટ પર અવારનવાર રજૂ થતી રહી. ખાસ કરીને વિનોદ જોશીની કૃતિ 'ખડકટ ઉઘાડી હું અમથી ઊભી'તી મને ઉંબર લઈ ચાલ્યો બજારમાં.' આ રસદાર યુગલ ગીત અને આ લખનારનું 'પીછાને પી પી ને પાંગરેલી રાધા તો વ્રજને વીંટિલી ભલે વેલ છે પણ મીરાં થાવું તો મુશ્કેલ છે' બન્ને ગીતો મિતાલી મુખરજીના મધ ઝરતા કંઠે રજૂ થયાં છે.

રેડિયો પરના રિહર્સલમાં કલાકારની ચુસ્ત નિયમિતતાના તેઓ હિમાયતી અને આગ્રહી તેમ જ સ્પષ્ટવક્તા પણ ખરા જ. સમૂહગાનમાં સ્વરની સંવાદિતા અને ભાવગાનમાં પણ ખાસ ખટકો રાખનાર, ગીતના મૂળ ભાવને પ્રામાણિકપણે વફાદાર રહી સ્વર-રચના કરનાર, સંગીત-કાર્યક્રમનું સુશ્લીષ્ટ આયોજન કરનાર, કાર્યક્રમમાં મોડા આવનાર કલાકારને એ વેણથી કહેવા કરતાં વેધક નેણથી ધાર્યું કામ લેતા. કાર્યક્રમની રજૂઆત પહેલાં વજ્ર જેવા લાગતા રસિકભાઈ કાર્યક્રમને અંતે હળવા ફૂલ જેવા થઈ કલાકારોને બિરદાવતા. કાર્યક્રમનો સઘળો યશ કલાકારો અને સાજિંદાઓને આપતા.

સ્વરકાર તરીકે રસિકભાઈનું એક બીજું જમા પાસું એ રહ્યું છે કે ગુજરાતનો કોઈ એવો જાણીતો ગીતકાર નહિ હોય કે જેની ગીતરચનાની રસિકભાઈએ સ્વરગૂંથણી ન કરી હોય અને કોઈ એવો ગાયક કલાકાર નહીં હોય કે રસિકભાઈની બંદીસ એના કંઠે ન ગાઈ હોય. આ સ્વરકારની જીવનલીલા સંકેલાઈ ગઈ છે પણ એમની પાછળ લીલીવાડી સમો ભાતીગળ બંદીશોનો બૃહદ્ પરિવાર મૂકીને ગયા છે. એમનો કલાકારોનો કબિલો પણ નાનોસૂનો નથી. રાષ્ટ્રિય કક્ષાના કલાકારોની યાદી નજર સમક્ષ તાદૃશ્ય થાય છે : શ્રી ગુલામ મુસ્તુફા, અહેમદહુસેન-મહંમદહુસેન (હુસેન બ્રધર્સ), મન્નાડે, મહેન્દ્ર કપુર, ભૂપેન્દ્રસિંગ,

(અનુસંધાન પાન ૧૮૪ ઉપર)

# પસ્તીનાં પાનાં

ડૉ. પ્ર. ચુ. વૈદ્ય

## ઘડપણ કોણે મોકલ્યું?

**તા. ૨-૩-૮૪ :** ૨૦મી ફેબ્રુઆરીએ મહાશિવરાત્રી હતી અને રવિશંકર મહારાજનો ૧૦૧મો જન્મદિવસ હતો. અગાઉ મેં લખ્યું હતું તેમ જીવિત વ્યક્તિની શતાબ્દી કેમ ઊજવવી તેની મીઠી મૂંઝવણ ગુજરાતમાં વર્તાતી હતી. પણ છેવટે તેનો ઉકેલ આવી ગયો છે. 'ઊર્ધ્વ માનુષ', 'રાજ વિનાનો મહારાજ', 'માણસાઈનો દીવો', 'મૂઠી ઊંચેરો માનવી', 'પુણ્યનો પર્વત' એવાં અનેક બિરુદો આપી તેમની સેવાને બિરદાવવામાં આવી. ૧૯૬૦માં ગુજરાત રાજ્યની સ્થાપના થઈ ત્યારે તેનો મંગળ પ્રારંભ રવિશંકર મહારાજને હાથે થયો હતો તેથી રાજ્ય ધારાસભાએ ખાસ ઠરાવ કરીને Living Legend of Gujarat (ગુજરાતની જીવંત દંતકથા) કહીને તેમને અંજલિ આપેલી.

મારે મહારાજ સાથે સીધો સંપર્ક થયો નથી પણ આડકતરો સંપર્ક થયો છે. ૧૯૪૪ના મે માસમાં ઇંટોલા મુકામે એક યુવક શિબિર યોજાયો હતો. ૧૯૪૨ની 'હિન્દ છોડો' ચળવળ બંધ થઈ ગઈ હતી. ગુજરાતના યુવા કાર્યકરોમાં થોડી હતાશાની લાગણી ઊભી થઈ હતી. તેમાંથી યુવકોને પુનઃ સંગઠિત કરવા માટેનો આ રાજકીય કૅમ્પ હતો. આ કેમ્પના શિબિર-પતિ તરીકે મેં કામ કર્યું હતું. પણ તે જ સમયે મલાડના પૃથ્વીસિંહના વ્યાયામ શિબિર સાથે હું સંકળાયેલો હતો. એટલે હું ઇંટોલા કૅમ્પમાં પાંચમે દિવસે પહોંચ્યો. પહેલા ચાર દિવસ શિબિરનું સંચાલન રવિશંકર મહારાજ અને બબલભાઈ મહેતાએ કર્યું. આમ, એક જ શિબિરના સંચાલનમાં મેં મહારાજ પાસેથી જાણે ચાર્જ સંભાળ્યો! રવિશંકર મહારાજની જન્મશતાબ્દી નિમિત્તે અમારાં છાપાંએ સરસ આયોજન કર્યું. 'પાનખરની શોભા', 'આપણા મુરબ્બી વૃદ્ધોના સમગ્ર સમાજને,સમાજની સમગ્ર વૃદ્ધ બિરાદરીને સલામ રૂપે' એક વિશિષ્ટ પૂર્તિ પ્રકટ કરી. અમેરિકામાં વૃદ્ધો માટે એક રૂપાળો શબ્દ senior citizen વપરાય છે. કદાચ તે આર્થિક રીતે સ્વાવલંબી બન્યો છે પણ સામાજિક રીતે જાણે બહિષ્કૃત હોય તેવી તેની સ્થિતિ છે. જ્યારે છાપાના લેખ પ્રમાણે 'ભારતમાં ઉત્તરાવસ્થાને નિરાશાથી નહિ ગૌરવ અને ઉમંગથી જોવાય છે. ભારતીય તત્ત્વજ્ઞાન પરંપરામાં જીવનની પાનખર શોભતી છે, સન્માનનીય છે.'

અને આ તત્ત્વજ્ઞાનને પુષ્ટિ આપે તેવા પાંચ-છ લેખો આ પૂર્તિમાં છાપ્યા છે - તેમાં ગંભીર લખાણો છે તો હળવાં લખાણો પણ છે. ચંદ્રકાંત બક્ષીએ તેની હળવી શૈલીના લેખમાં લખ્યું છે કે, 'હિંદુસ્તાનમાં બૂઢાઓ પ્રમાણમાં ઘણાં ખુશકિસ્મત છે અને સત્તાના ક્ષેત્રમાં બૂઢાઓએ હજી ખુરશીઓ, આસનો, સિંહાસનો, મોભા, પ્રતિષ્ઠાનો છોડ્યાં નથી.' (મોરારજી ૮૮, ચરણસિંહ ૮૪, જગજીવનરામ ૮૩ને હજુ ભારતના વડાપ્રધાન થવાની મહેચ્છા ખરી!) મીરાં ભટ્ટે - 'જીવન સંધ્યાનું સ્વાગત' મથાળા નીચે સરસ લેખ લખ્યો છે. લેખની વાનગી -

'માવડી મારી, માથાના આ વાળને ધોળા કરવા માટે મેં મારી જિંદગીનાં મહામૂલાં પચાસ પચાસ વર્ષો ખરચ્યાં, તે આમ પાણીના મૂલે ઘડીકમાં એને કાળા કરાવી દઉં! ના, માવડી, ના !' ભારતીય પરંપરામાં વાર્ધક્યને ઉમંગથી વધાવી લેવાની ભાવનાનું કેવું સચોટ શબ્દ-ચિત્ર!!

ગુજરાત કૉલેજમાં અંગ્રેજીના એક પ્રોફેસર હતા C. N. પટેલ. હું મારું નામ પ્ર. ચુ. વૈદ્ય એમ લખું એટલે એ કહેતા કે, 'આટલા બધા વેદિયા થવાની શી જરૂર છે?' એ જ C. N. પટેલ ચી. ના. પટેલ થઈ ગયા!! તેમના લેખનું શીર્ષક છે 'ઘડપણ કોણે મોકલ્યું?' આ નરસિંહ મહેતાના ભજનની કડી છે. ગાંધી-સાહિત્ય વાંચીને જીવન તરફની દૃષ્ટિ કેવી બદલાઈ ગઈ તે તેમના લેખ ઉપરથી પ્રતીત થાય છે : 'ઉંમર ૬૫ છે પણ છેલ્લાં અઢાર વર્ષથી શરીરમાં ઘડપણની નિર્બળતા આવી ગઈ છે. પહેલી વાર જોનારને ૮૦ ઉપર ઉંમર લાગે. ખાવાપીવાની ખૂબ તકલીફ છે. લાકડી વિના ક્યાંય ઘર બહાર જઈ શકાતું નથી. ચાલતાં શરીર ડોલે છે... તોય હજુ જીવવાનો કંટાળો નથી આવતો. મરણની બીક નથી લાગતી. જ્યારે આવે ત્યારે જવા તૈયાર છું પણ જવાની ઉતાવળ નથી. હું જ્ઞાની, ભક્ત કે યોગી નથી છતાં મન આમ શરીરથી સ્વતંત્ર થઈ ગયું છે.'

આખો લેખ મારાં પત્ની રસપૂર્વક વાંચી ગયાં અને પછી કહ્યું - એના વિચાર આપણા વિચારને કેટલા મળતા આવે છે!!

આમ, રવિશંકર મહારાજને ૧૦૦ વર્ષ થયાં તેની ઉજવણી સમગ્ર વૃદ્ધ સમાજને સલામ કરીને અમારાં છાપાંએ કરી.

## જોન હિગિન્સ અને કર્ણાટકી સંગીત

તમે જોન હિગિન્સનું નામ સાંભળ્યું છે કે નહિ તે તો ખબર નથી. આ અમેરિકન કર્ણાટકી સંગીતનો વિખ્યાત ગાયક છે - છે નહિ હતો - કારણ કે બે મહિના પહેલાં અમેરિકામાં તેનું મૃત્યુ થયું. ૪૫ વર્ષનો હિગિન્સ તેના કૂતરા સાથે ફરવા નીકળ્યો હતો ત્યાં એક ટ્રકે તેને પછાડ્યો અને ચગદી નાખ્યો!

૧૯૬૨માં યુનિવર્સિટીમાં ઇતિહાસનો એ વિદ્યાર્થી. ત્યારે અમેરિકામાં બાલા સરસ્વતીના ભરતનાટ્યમ્‌ના કાર્યક્રમો ચાલતા હતા. જોને આ નૃત્ય જોયું પણ નૃત્ય પાછળના સંગીતે તેની

ઉપર જાદુ કર્યો. મૂળે તે સંગીતજ્ઞોના કુટુમ્બમાંથી આવે અને પોતાનો અવાજ બુલંદ અને કેળવાયેલો. ઇતિહાસ છોડી કર્ણાટકી સંગીત શીખવા માટે ફુલબ્રાઈટ સ્કૉલરશિપ લઈ તે ભારત આવ્યો. ત્રણ વર્ષ સખ્ત મહેનત કરી. તામિલ, તેલુગુ અને સંસ્કૃત ભાષાઓ શીખ્યો. (શબ્દ સમજાય નહિ ત્યાં સુધી કંઠમાંથી ભાવ ક્યાંથી નીપજે!!) અને તિરુવય્યરુમાં દર વર્ષે યોજાતા ત્યાગરાજ મહોત્સવમાં, ૧૯૬૫માં તેણે ગાયું અને સાંભળનારા ભાવ-વિભોર થઈ ઊઠ્યા. એક વયોવૃદ્ધ સંગીતકારે તો કહ્યું કે ગયા જન્મમાં તું ભારતમાં જનમ્યો હોઈશ.

એક વાર કેટલાક સંગીતશાસ્ત્રી સાથે જોન ઉડીપીના વિખ્યાત કૃષ્ણમંદિરમાં ગયો. ભારતમાં જોન લૂંગી અને કુડતું પહેરે અને કપાળમાં ભસ્મ લગાવે. પણ ચામડીનો રંગ કાંઈ છાનો રહે! પૂજારીઓએ તેને નિજ-મંદિરમાં જવા ન દીધો. હિન્દુ નહિ ને એટલે. હજાર વર્ષ પહેલાં અછૂત કનકદાસે જ્યાં ઊભા રહીને મૂર્તિનાં દર્શન કર્યાં હતાં ત્યાં તે ધ્યાનમગ્ન થઈને ઊભો. તેના અંગત મિત્રો પણ અંદર ન ગયા. તેમાંના એકે સૂચન કર્યું કે જોને ભજન ગાવું. જોને કન્નડ ભજન, 'કિષ્ણા, ની બેગાને બોસે' (કૃષ્ણ, જલદી મારી પાસે આવ)વાળી યશોદાની આરજૂથી શરૂઆત કરી. મંદિરમાં લોકો ભેગાં થયાં. નિજમંદિરમાંથી ભક્તો અને પૂજારીઓ પણ દોડી આવ્યા અને પાંચ મિનિટમાં તો તેણે આખું વાતાવરણ કૃષ્ણમય કરી નાખ્યું. પૂજારીઓએ જોનને વંદન કર્યાં અને નિજમંદિરમાં પધારવા વિનંતી કરી. કનકદાસની ભક્તિ ન કરી શકી તે જોન હિગિન્સના સંગીતે કરી આપ્યું! □

---

અનુસંધાન] ઉકળાટ [પૃ. ૧૭૮થી

અનુભૂતિઓથી સાચો કલાકાર વિમુખ રહી શકે નહિ. એ એનું સોશિયલ ઇન્વોલ્વમેન્ટ છે, જેને નકારી શકાય નહિ. નવા વાર્તાકારોની એક હરોળ જિંદગીની વાસ્તવિકતાઓ સાથે નિસબત રાખતી આગળ આવી રહી છે. કાંતિ સવાણી એવી માનવીય નિસબત ધરાવતો કલાકાર છે. એની વાર્તાઓ દ્વારા હું એને આ અર્થમાં ઓળખું છું, હરિભાઈ.'

'સાચી વાત. કાંતિ તમે કહો છો તેવા વર્ગનો પ્રતિનિધિ છે. બાજુના લાખાપાદર ગામના ખેતમજૂરનો દીકરો.'

'એમ! શું કરે છે?'

'પ્રથમ વર્ગનો અધિકારી છે. જિલ્લા ખેતીવાડી ખાતાનો નિયામક. છ મહિના થયા એને આવ્યાને, ને તમને ખબર પણ નથી. આવો, એક વાર એને મળીએ. મજા આવશે. પછી ગદ્યની બેઠકો જમાવીએ.' હરિભાઈ ઘડિયાળમાં જોઈ બોલ્યા; 'મોડું થઈ ગયું. મળીએ ત્યારે.'

'મળીએ.' અનંત બોલ્યો.

હરિભાઈ ગયા.

પછી અનંતે રૂમાલથી પરસેવો લૂછ્યો. પછી રૂમાલ થેલામાં મૂકવાને બદલે એનાથી હવા ખાવા લાગ્યો. એને થયું; પંખો ફરતો નથી કે શું? ઉપર જોયું. પંખો ફરતો હતો. એ મનમાં બબડ્યો; 'આ ય સાલું ખરું કહેવાય. પંખો ફરે છે, પણ હવા ફેંકતો નથી !' □

---

અનુસંધાન] આપણા સ્વરકારો [પૃ. ૧૮૨થી

આનંદકુમાર સી., વિદ્યાનાથ શેઠ, રાજેન્દ્ર મહેતા, એ. આર. દાતે, નિર્મળા અરુણ, નીના મહેતા, વાણી જયરામ, મીના કપુર, લક્ષ્મી શંકર સાથે આપણા ઘરદીવડા સમા કલાકારોને પણ યાદ કરી લઈએ તો પુરુષોત્તમ ઉપાધ્યાય, પ્રફુલ્લ દવે, રાસબિહારી દેસાઈ, ક્ષેમુ દિવેટિયા, સ્વ. મધુસૂદન શાસ્ત્રી, સ્વ. દિલીપ પટેલ, આસિત દેસાઈ, મુકુન્દ વ્યાસ, જનાર્દન રાવળ, ત્રિવેદી, સરોજ ગુંદાણી, હર્ષદા રાવળ, હંસા દવે, વિભા દેસાઈ, માલતી લાંગે, બંસરી યોગેન્દ્ર આદિ આવા મધુર મુલાયમ કંઠના ટહુકા રેડિયો દ્વારા આજે પણ આપણું કર્ણરંજન કરતા રહે છે.

રસિકભાઈનો સ્વરકાર તરીકેનો એક સદ્‌ગુણ અવિસ્મરણીય રહેશે કે ઉદિત કલાકારોને આવકારવા અને નવોદિત કલાકારને બિરદાવવા, પ્રોત્સાહિત કરવા. આ આદર્શને જીવનપર્યન્ત નિભાવવા એમણે 'સ્વરમ્' સંસ્થામાં નિયમિત નિષ્ઠાપૂર્વક સંગીત-તાલીમની જવાબદારી નિભાવી. રસિકભાઈએ સ્વરને ઘર કરેલું અને શ્રીમતી જસુમતિબહેને ઘરને સ્વરમાં પલટાવી રસિકભાઈની સ્વરકાર તરીકેની સિદ્ધિ-પ્રસિદ્ધિમાં સિંહફાળો આપ્યો હતો.

'મેના ગુર્જરી'થી માંડી છેક 'વિશ્વ-ગુર્જરી' સુધી કાનમાં કાયમ વસી જાય, ઠસી જાય એવી હરિયાળી રચનાના આ સદાબહાર સ્વરકારને આપણી સરકારે મોડે મોડે પણ મરણોત્તર ગૌરવ પુરસ્કારથી નવાજ્યા એ આપણા સૌને માટે અઢળક આનંદની વાત છે. □



## ફિલ્મનું અનુભાવન [૭]

હસમુખ બારાડી

# શૉટ સાઈઝ

**શૉટ એટલે દૃશ્યાંશ**, પડદે દેખાયેલું દૃશ્ય જે બીજા કોઈ ઍંગલ (દૃષ્ટિકોણ) કે દૃશ્ય-અસર (કટ, મિક્સ ડિઝૉલ્વ વગેરે)થી બદલાય નહિ ત્યાં સુધીનો ભાગ. (આ દૃશ્યો-અસરો વિશે પછીથી વાત કરીશું). કૅમેરો કે એના લેન્સથી લેવાતું, ગમે તે સમયમર્યાદાનું, દૃશ્ય એક જ શૉટ ગણાય; પણ એ પછી જો ઍંગલ કે કૅમેરાની સ્થિતિ બદલાય, અને કૅમેરાનું દૃશ્ય ચેકવું કે કાપવું પડ્યું હોય અથવા મિક્સ થયું હોય, તો એ શૉટ પૂરો થયો ગણાય. ટૂંકમાં, શૉટની સમયમર્યાદાનો કોઈ નિયમ નથી. એ સેકન્ડનો ચોથો ભાગ (એટલે છ ફ્રેમ પણ હોઈ શકે) અને ચલિત કૅમેરામાં ભરી શકાય એટલી કોઈ પણ સમયમર્યાદાની ફિલ્મની પટ્ટી જેટલો, એટલે કે દસેક મિનિટની લંબાઈનો પણ હોઈ શકે. આ રીતે કોઈ પણ એક નાટ્યદૃશ્યમાં અનેક શૉટ હોઈ શકે. અહીં આપેલા 'અંદાજ' ફિલ્મનાં ત્રણ પાત્રો ઉપર જ્યાં સુધી કૅમેરા રહે, અને કૅમેરા એ ત્રણ ઉપર ઝૂમ-ઇન થાય અને કોઈ પણ એક પાત્ર ઉપર કેન્દ્રિત થાય કે કૅમેરા ઝૂમ-આઉટ થાય અને એ ત્રણેયને છોડીને ડાબી-જમણી કોઈ પણ દિશામાં કૅમેરા વળે, અને અન્ય કોઈ પાત્રને એમાં ઝડપી પછી એની સાથે ફરી પાછો કૅમેરા 'અંદાજ'નાં આ ત્રણેય પાત્રો સહિત ચારેયને એક ફ્રેમમાં સાથે લે, એટલી સમય લંબાઈનો કે કૅમેરાની અવિરત ગતિનો શૉટ પણ એક જ શૉટ ગણાય. પરંતુ 'અંદાજ'નાં આ ત્રણેય પાત્રોના શૉટ પછી ત્રણેયમાંથી કોઈ પણ એક કંઈ બોલે કે કરે અને કૅમેરો ત્યાં બંધ કરી જે કોઈ બોલ્યું હોય એનો, કે દૂરથી પ્રવેશતા પેલા પાત્રનો **જુદો શૉટ** લેવામાં આવે, તો પહેલો શૉટ પૂરો થયો ગણાય અને બીજો શૉટ શરૂ થયો ગણાય. આ બીજો શૉટ લેતી વખતે કૅમેરાની સ્થિતિ, ઍંગલ અને શૉટની સાઈઝ હંમેશાં જુદાં જ હોય.

આ શૉટની સાઈઝ એટલે શું?

અગાઉ ફ્રેમની વાત કરતાં આપણે માનવ-આંખ અને કૅમેરાની આંખ વચ્ચેના તફાવતની ચર્ચા કરી હતી. એ ઉપરાંત માનવ-આંખ બીજું એક કામ એ કરે છે કે જે વસ્તુ કે દૃશ્ય ઉપર એ કેન્દ્રિત થાય એ એની **જરૂરત મુજબનો** ભાગ જોતી હોય છે. આ જરૂરત **માણસનું મન** નક્કી કરે છે. દા.ત. કોઈ વ્યક્તિ ઘરમાં પ્રવેશે અને આપણે વીસેક ફૂટ દૂર ઊભા હોઈએ તો એ પગથી માથા સુધી આખી વ્યક્તિ આપણા ધ્યાન પ્રદેશમાં આવશે (ફૂલ શૉટ). એ વ્યક્તિ અને આપણા વચ્ચેનું અંતર ઓછું થાય (એટલે કે આપણે નજીક જઈએ કે એ પાત્ર નજીક આવે) ત્યારે આપણે મોટે ભાગે પાંચ સાત ફૂટને અંતરેથી એનો કમરથી ઉપરનો ભાગ નિહાળતા હોઈએ છીએ (મિડશૉટ). બારણું આપણે ખોલ્યું હોય અને જો ત્રણેક ફૂટનું અંતર હોય તો આપણે એનો માથાથી ખભાનો થોડો જ ભાગ (ક્લોઝ શૉટ) સામાન્ય રીતે નોંધીએ. એ વ્યક્તિને પચ્ચીસ-ત્રીસ ફૂટને અંતરે આવકારતાં કે વિદાય આપતાં એ વ્યક્તિ ઉપરાંતનું દરવાજા, શેરી વગેરેનું દૃશ્ય પણ આપણા ધ્યાન પ્રદેશમાં હોય, તો એને લૉન્ગશૉટ કહેવાય.

આ રીતે જરૂરત, અર્થ, શક્યતા વગેરેની દૃષ્ટિએ આપણી આંખ દૃશ્યનો જે તે ભાગ નોંધે છે. એટલે કે **દિગ્દર્શક જરૂરત અને અર્થ વ્યક્ત કરવા દૃશ્યના એવા ભાગનો એવડો જ શૉટ લે એટલે કે એ વસ્તુ કે વ્યક્તિનો એટલો જ ભાગ ફ્રેમ કરે**. એક-દોઢ ફૂટને અંતરે બારણું ખોલતાં આપણી આંખ સામાન્ય રીતે એ વ્યક્તિના મોં અને ખભા ઉપર જ પડે છે; પણ જો દિગ્દર્શક એ સમયે આખી વ્યક્તિ દેખાડે, કે કૉરિડોર કે બહારની શેરી સહિતનો લૉન્ગશૉટ દેખાડે તો પ્રેક્ષકને આંચકો લાગે. દરવાજો ખોલતાં જો ટપાલી હોય

'અંદાઝ'માં રાજકપુર, નરગીસ, દિલીપકુમાર



તો એના મોં અને ખભા સુધીના ક્લોઝ શૉટ પછી આપણી નજર તરત જ તેના હાથની ટપાલ તરફ જાય, એટલે કે દિગ્દર્શકે ટપાલીના ક્લોઝ શૉટ પછી એના હાથની ટપાલનો ક્લોઝશૉટ બતાવવો જોઈએ, કારણ કે એ વખતે આપણું ધ્યાન ટપાલી પછી તરત જ ટપાલ ઉપર કેન્દ્રિત થાય છે. ટૂંકમાં, આ રીતે દિગ્દર્શકે શૉટની સાઈઝ નક્કી કરતાં **પ્રેક્ષકની જગ્યાએ બેસવું પડે** અને પ્રેક્ષકને શું જોવું છે એની કલ્પના સતત કરતા રહેવું પડે. દિગ્દર્શક પોતાના બધા શૉટનો **ક્રમ** પણ એ જ રીતે નક્કી કરે છે. અલબત્ત, દિગ્દર્શક પોતે શું બતાવવું છે, કેટલું બતાવવું છે, તેનો અર્થ શું છે, શા માટે બતાવવું છે, એ મુજબ શૉટની સાઈઝ ઍંગલ, એની સમયમર્યાદા પણ નક્કી કરતો હોય છે. બારણું ખોલતાં ટપાલી દેખાય તો એની સામે સામાન્ય રીતે આપણે કેટલો વખત જોઈ રહીશું? એણે ધરેલી ટપાલ લેતાં આપણને કેટલો વખત લાગે? (એટલે કે એ શૉટ આપણે કેટલો વખત સુધી જોઈશું?) અને એ ટપાલ કોઈ રીતે વિશિષ્ટ હોય તો એ આપણે ક્યાં સુધી જોઈશું કે એનું શું કરીશું? આમ, એની જરૂરત અને અર્થ મુજબ એના શૉટની સાઈઝ, ઍંગલ, એનો સમય વગેરે નક્કી થાય.

આ વાત બીજી રીતે સમજીએ : બારણું ખોલતાં કોઈ પ્રિયજન દેખાય કે અણગમતી વ્યક્તિ ઊભી હોય, એના હાથમાં આપણા માટેની કોઈ ભેટ છે કે આપણી સામે એણે પિસ્તોલ ધરેલી છે? પરિસ્થિતિના અર્થ મુજબ સામી વ્યક્તિના કે એની હાથની વસ્તુના શૉટની અને આપણા પ્રત્યાઘાતના પ્રમાણ મુજબ શૉટની સાઈઝ, ઍંગલ અને સમયમર્યાદા નક્કી થાય. ટૂંકમાં, મન જે જોવા ઇચ્છે એવો અને એવડો એ શૉટ હોય.

કોઈ પણ શૉટનું કદ માણસના શરીરથી સહેલાઈથી સમજાવી શકાતું હોવાથી, એને કેન્દ્રમાં રાખીને શૉટ-સાઈઝ કદની ઓળખ આપવામાં આવી છે. અહીં આપેલી બીજી તસ્વીરોમાં શૉટ શા માટે લેવાયા એ એના અર્થ મુજબ નક્કી થયા હોય છે. અલબત્ત, આપણે બારણું ખૂલે ત્યારે પચ્ચીસ-ત્રીસ ફૂટ દૂર હોઈએ અને ત્યાંથી પ્રવેશતી વ્યક્તિના ફૂલશૉટ પછી જો એના હાથની કોઈ વસ્તુમાં આપણને રસ પડે (ટપાલ, પિસ્તોલ) તો આપણું ધ્યાન એના ઉપર પડતાં આપણે એ જ જોઈશું અને એને ધ્યાનમાં રાખી દિગ્દર્શક એ જ વસ્તુનો ક્લોઝ શૉટ આપણને દેખાડશે.

ફિલ્મ કે ટેલિવિઝનના આ માધ્યમમાં એનો સર્જક - દિગ્દર્શક - જે રીતે દૃશ્ય દ્વારા આપણી સાથે પ્રત્યાયન કરે છે એમાં એ ખુદ વચ્ચે આવીને વાર્તાકારની જેમ 'વર્ણન' કરી શકતો નથી. **દૃશ્ય જ એના વર્ણનનું માધ્યમ છે. ધ્વનિનો સહારો એ માટે, અલબત્ત, લઈ શકે છે.** આ દૃશ્ય અને શ્રાવ્ય બંને દ્વારા જે વ્યક્ત થઈ શકે તે જ બધું દિગ્દર્શક વ્યક્ત કરે છે. દા.ત. (બારણું ખોલતાં) 'અરે, આ તો ટપાલી', 'એના હાથમાં આ ટપાલ છે', 'એ મને ધરે છે' - આવું પ્રત્યાયન કરવા દિગ્દર્શક ટપાલીનો ક્લોઝશૉટ કે ટપાલ કે એની ટપાલ ધરવાની ક્રિયા દર્શાવતો 'બિગ ક્લોઝ શૉટ' લે ! ટપાલી ઘરની બહાર નીકળતાં તમારા બંગલાનો દરવાજો બંધ કર્યા વગર સાઇકલ પર બેસીને રવાના થયો હોય, તો એનું વર્ણન કરવા દૂરનો દરવાજો, બહાર પડેલી એની સાઇકલ, અને ગલીમાં અવર-જવર કરતાં બીજાં વાહનો ઉપરાંત સામેનાં થોડાં મકાનો વગેરે બતાવતો ('વર્ણવતો') 'વેરી લૉન્ગ શૉટ' દિગ્દર્શકે લેવો પડે; એમાં એ દરવાજો બંધ ન કરવાની ટપાલીની ક્રિયા બતાવે. આ શૉટ સામાન્ય રીતે સમય પણ થોડો વધુ લેશે; કારણ કે દરવાજો ખુલ્લો છોડીને ગયેલો ટપાલી સાઇકલ પર બેસીને આગળ જાય ત્યાં સુધીની ક્રિયા મહત્ત્વની બને છે. વળી, ખુલ્લો દરવાજો અને બાકીના દૃશ્યની વિગતો પણ પ્રેક્ષક નોંધે એમાં જે સમય લાગે એટલો લાંબો એ શૉટ હોવો જોઈશે. પણ તમે જો ટપાલીને દરવાજો બંધ કરતો જુઓ તો એનો 'વેરી લૉન્ગ શૉટ' વધુ સમય માટે ન રાખવો પડે; એના શૉટની સાઈઝમાં દરવાજો અને એની આજુબાજુની થોડી દીવાલ એમાં દેખાય (મિડ-લૉન્ગ-શૉટ) તો ચાલે! પરંતુ દરવાજો બંધ કરીને એનો આગળિયો વાસતાં જો ટપાલીને તકલીફ પડે, તો એ આગળિયા પર તમારી નજર પડશે. એ સંજોગોમાં આગળિયો અને એના હાથનો મિડ-ક્લોઝ શૉટ દિગ્દર્શકે લેવો જોઈએ. (એ શૉટ, જરૂર મુજબ તમારા ઍંગલથી મિડ-ક્લોઝ શૉટ કે ટપાલીના ઍંગલથી 'ક્લોઝ શૉટ' હોઈ શકે.) આ શૉટ વધુ સમયનો હોય એ જરૂરી નથી. કારણ કે એમાં આગળિયો અને ટપાલીનો હાથ અને એ બંધ ન થવાની ક્રિયા એટલું જ વર્ણવવાનું (એટલે કે 'જુઓ, આ આગળિયો બંધ કરતાં તકલીફ પડે છે' એટલું જ કહેવાનું) છે. અહીં તમારા ઍંગલથી ટપાલીનો તમારા સામે જોતો શૉટ પણ મૂકી શકાય.

આમ, દિગ્દર્શક '**શૉટની** વિગતો, એના કદ, એની સમયમર્યાદા અને એના ઍંગલ વગેરે દ્વારા વર્ણન એટલે કે પ્રત્યાયન કરે છે. શૉટમાં જેટલી વધુ વિગતો દર્શાવેલી હોય એ પ્રમાણે એનું કદ, અને એ શૉટમાં નિરૂપિત થતી ક્રિયાના પ્રમાણમાં એની સમયમર્યાદા દિગ્દર્શક નક્કી કરે છે. દા.ત. 'અંદાજ'નાં ત્રણ પાત્રોને નોંધતાં આપણને જેટલી વાર લાગે એ ઉપરાંત એ ત્રણેય પાત્રો જે ક્રિયા કરે એ એટલી જ સમયમર્યાદાનો એ શૉટ હોવો જોઈએ; જ્યારે સત્યજિત રેની 'ચારુલતા' ફિલ્મના ક્લોઝ શૉટમાં ચારુલતાના મોંના ભાવ અને દૂરબીન એટલું જ વર્ણવવાનું હોવાથી એ શૉટ ઓછા સમયનો હોઈ શકે. અલબત્ત, ચારુલતા જે બોલે કે કંઈ ક્રિયા કરે તો એ શૉટ એટલો લાંબો રાખી શકાય; જ્યારે 'અછૂત કન્યા'ના મિડ શૉટમાં બન્ને પાત્રોને જોતાં આપણને સ્વાભાવિક જ 'ચારુલતા'ના ક્લોઝ શૉટ કરતાં વધુ વખત લાગશે.

અહીં એક ત્રીજી મહત્ત્વની વાત પણ ધ્યાનમાં રાખવી જોઈએ : સમગ્ર કથાપ્રવાહમાં આ ત્રણેય ફ્રેમમાંનાં પાત્રો અને એમની ક્રિયાનું શું મહત્ત્વ છે? 'અંદાજ'નાં ત્રણેય પાત્રોનો શૉટ જો



'અછૂત કન્યા'



'ચારુલતા'

એની સામેના કોઈ પાત્રની 'માત્ર નજર પડી' એટલું જ જો **દિગ્દર્શકે કહેવું હોય,** તો એ શૉટ ટૂંકા સમયનો હોઈ શકે; અને 'ચારુલતા'ના ક્લોઝ શૉટમાં દૃશ્યાત્મક ઓછી વિગત હોવા છતાં, ચારુલતા દૂરબીનમાંથી જોયા પછી વિચારમાં પડી ગઈ હોય એ જો વિગતે બતાવવાનું હોય તો એ વધુ સમય રાખવો પડે, જે રીતે 'અછૂત કન્યા'ના મિડ શૉટમાં અશોકકુમાર જે વાત કરે છે તે દેવિકા રાણી સાંભળે છે એનું પૂરું પ્રત્યાયન કરવા એ શૉટ વધુ સમય માટે રાખી શકાય.

શૉટ સાઈઝને શબ્દોમાં વર્ણવવા માટેની આ રીત છે : (૧) અંદાઝ : 'રાજકપૂર, નરગીસ અને દિલીપકુમારનો ફૂલ શૉટ', (૨) અછૂત કન્યા : 'અશોકકુમાર અને દેવિકા રાણીનો મિડ શૉટ', (૩) 'ચારુલતા'નો 'ક્લોઝ શૉટ' વગેરે. એટલે કે જેનો શૉટ હોય, એનો જે ભાગ **જેટલા પ્રમાણમાં દેખાતો હોય** એ પ્રમાણે એનું વર્ણન કરાય. ચારુલતાના શૉટનું ઉદાહરણ લઈએ, તો ચારુલતાનું આખું મોં, ખભાનો થોડો ભાગ અને હાથનો થોડો ભાગ દેખાય છે એટલે એ ચારુલતાનો ક્લોઝ શૉટ થયો. એ વિચારમાં પડી ગઈ છે, અને કથાપ્રવાહના આ તબક્કે એના વિચારમાં પડી જવાનું મહત્ત્વ હોવાથી એટલા જ શૉટ સાઈઝની જરૂરત દિગ્દર્શકને લાગી છે, અને દિગ્દર્શકે એ જ અર્થ વ્યક્ત કરવો છે. (ચારુલતા પોતાની જમણી બાજુ નીચે જુએ છે. એટલે એના માથાની સ્થિતિ જમણી બાજુ, હિંચકાના દોરડાને અડકતી સહેજ નમેલી છે; અને એના માથાની ડાબી કરતાં જમણી બાજુ વધુ જગ્યા છે, એ પણ શૉટના કૉમ્પોઝિશનની દૃષ્ટિએ વધુ અભિવ્યક્તિ-શીલ અને નયનરમ્ય બને છે, એ પણ વાચકો અહીં નોંધશે.)

'ચારુલતા'નો આ શૉટ એ પાત્રનો ક્લોઝ શૉટ ગણાય, પરંતુ દૂરબીનનો એ લૉન્ગ શૉટ ગણાય. કારણ કે આખા દૂરબીન ઉપરાંત બાકીની ઘણી વિગતો એ શૉટમાં છે. જે રીતે હાથીની સૂંઢ ઉપર માખી બેઠી હોય, તો એ હાથીનો ક્લોઝ-શૉટ અને માખીનો લૉન્ગ શૉટ ગણાય! એટલે કે, શૉટનું જ્યારે શબ્દમાં વર્ણન કરવું હોય ત્યારે આ રીતે સમજવું જોઈએ : ચારુલતાનો ક્લોઝ શૉટ, દૂરબીનનો લૉન્ગ શૉટ.

આડવાત તરીકે એટલું ઉમેરીએ કે 'અછૂત કન્યા'ના મિડ શૉટમાં અશોકકુમાર પોતાની ડાબી બાજુ જુએ છે અને દેવિકા રાણીની નજર જમણી બાજુ અશોકકુમારની આંખ પર મંડાયેલી છે. આ સંજોગોમાં ડાબે કે જમણે કેટલી જગ્યા રાખવી એનો પ્રશ્ન શૉટ કૉમ્પોઝિશનની દૃષ્ટિએ વિચારવો પડે; પરંતુ આ પ્રસંગ રાત્રે અંધારામાં બનતો હોવાથી પ્રકાશનો સ્રોત બતાવવો આવશ્યક હતો. બન્ને પાત્રોની પાછળનું અંધારું અને એમના મોં પર પડતો પ્રકાશ, બન્ને પાત્રોની સ્થિતિ અને એનું સાયુજ્ય દિગ્દર્શકે વ્યક્ત કરવાનાં હતાં તેથી બન્ને પાત્રોની ડાબી બાજુ ઝૂંપડે ટળતું ફાનસ ખૂબ અર્થભર રીતે દિગ્દર્શકે ફ્રેમમાં રાખ્યું છે. વળી, દેવિકા રાણીની ડાબી બાજુ પાછળ વાંસના ઢળતા થાંભલાની પ્રકાશિત રેખાઓ બન્ને પાત્રોના રોમાંચક રહસ્યભર્યા વાતાવરણને વ્યક્ત કરવા સક્ષમ બની છે. (કૉમ્પોઝિશન અને પ્રકાશ-આયોજન વિશે પણ આપણે હવે પછી વાત કરવાના છીએ.)

જ્યારે 'અંદાઝ'ના સ્થિર ચિત્રમાં એકબીજાના હાથમાં હાથ ભેરવીને ઊભેલાં ત્રણેય પાત્રોની સ્થિતિ અને એમનાં મોં પર વ્યક્ત થતી એકતાની ખુશીના હળવા વાતાવરણ માટે જે ખંડમાં તેઓ ઊભાં છે એનાં ભૂપૃષ્ઠ, રેખાઓ, આકારો અને પ્રકાશથી પણ એ શૉટ એ રીતે અભિવ્યક્તિશીલ અને અર્થભર બન્યો છે. છતાં એ શૉટનાં બે પાત્રોનાં મોંનું મુક્ત હાસ્ય અને એક (રાજકપુર)નું થોડું સંયમિત હાસ્ય પણ કથાપ્રવાહ અને પાત્રલેખનની દૃષ્ટિએ કેટલું મહત્ત્વનું છે, એ પણ સુજ્ઞ વાચકોની ધ્યાન બહાર નહિ જાય.

'શૉટ સાઈઝ' **પડદા પરની જગ્યાના આયોજન** (સ્પેસ ઑર્ગેનિઝેશન)નું બહુ જ મહત્ત્વનું પાસું છે. દિગ્દર્શક એ દ્વારા જ બધું વ્યક્ત કરતો હોય છે, અને એમાં અન્ય પણ અનેક વસ્તુઓ નિર્ણાયક ભાગ ભજવતી હોય છે. એ બધી વાત આપણે હવે પછી ચર્ચતા રહીશું. □




### સ્થિર નદી, સરતાં નીર

# રસપ્રદ મુલાકાતો

## પ્રીતિ સેનગુપ્તા

નાનજિંગ પરનું કોઈ પણ પ્રવાસ-પુસ્તક કહી આપશે શહેરમાં કેટલી ફૅક્ટરીઓ છે તે. નાની-મોટી થઈને કુલ બે હજાર! સિન્થેટિક તાર-તાંતણા અને દૂરદર્શન-કેન્દ્રો માટેનાં સાધનોથી માંડીને વહાણ બનાવવા માટેની ફૅક્ટરીઓ એ મોટા શહેરમાં નંખાયેલી છે. સિલ્ક ફૅક્ટરીઓ રેશમી વણાટનું કાપડ તૈયાર કરે છે, તો કળા-કોતરણીની ફૅક્ટરીમાં હાથીદાંત અને લાકડા પર અત્યંત નિપુણ કામ થતું જણાય છે. રેડિયો અને ટેલિવિઝન સેટ પણ નાનજિંગમાં બનાવાય છે. આ રીતે સિદ્ધ થાય છે કે નાનજિંગ ચીનનું મોટું ઔદ્યોગિક કેન્દ્ર છે.

સાથે જ ત્યાં, અસંખ્ય સ્કૂલો અને કૉલેજો છે. બાર વર્ષ શાળામાં અભ્યાસ કર્યા પછી વિદ્યાર્થી કૉલેજમાં જાય છે. જો એમાં પ્રવેશ ના મળે તો ફૅક્ટરીમાં નોકરી માટેની જુદી જુદી જાતની તાલીમ આપતા વર્ગો ઠેર ઠેર ચાલતા હોય છે. નાનજિંગની સ્થાનિક ગાઈડ મિસ લીએ અમને નાનજિંગ યુનિવર્સિટીની વાત કરી. એમાં છ હજારથી વધારે વિદ્યાર્થીઓ ભણતા હતા. એના ચૌદ જેટલા ડિપાર્ટમેન્ટોમાં કુલ પિસ્તાલીસ વિષયો શિખવાડવામાં આવતા હતા. આટલું સાંભળીને જ એને વિષે વધારે જાણવાનું, એને જોવા જવાનું મન થઈ જાય.

મને ખરેખર એ યુનિવર્સિટી કે એકાદ કૉલેજનું કૅમ્પસ જોવા જવાની ખૂબ ઇચ્છા હતી. બીજાં કેટલાંક મારી સાથે સંમત હતાં. જે કાર્યક્રમ નક્કી થયેલો હોય એમાં કશો ફેરફાર સ્થાનિક માર્ગદર્શકો કરી જ ના શકે. ચીની પ્રવાસી-ખાતાને અમે સીધો સંપર્ક ના કરી શકીએ. આ તો ૧૯૮૦ની શરૂઆતનાં વર્ષોનું ચીન. પ્રવાસીઓને ત્યાં ફરવા જવા દેવા જેટલી છૂટ થઈ હતી તે જ ઘણું હતું. પણ જો ધારે તો, ન્યૂ યૉર્કથી સાથે આવેલો રૉબર્ટ, જૂથના સત્તાવાર આગેવાન તરીકે, પ્રવાસ-ખાતા પાસે દરખાસ્ત મૂકી શકે – જો એ ધારે, કે ઇચ્છે, તો. પણ એ સાંભળે જ શેનો? એ પોતે જે ધારે તે, અથવા અમારા સૂચનથી ઊંધું જ કરવાનો. થોડાં બીજાં સહ-પ્રવાસીઓ પણ એવાં જ નીકળ્યાં. સૂચન એમનું પોતાનું નહોતું, એટલે શું કામ સંમત થાય?

હંમેશ મુજબ ચીની પ્રવાસ-ખાતાએ પ્રચારક કહી શકાય તેવી જગ્યાની મુલાકાત અમારે માટે ગોઠવી હતી. એ મુજબ અમને એક 'બાલ-વાડી' જોવા લઈ જવાયાં. ચીનમાં દરેક બાગ ને ઉદ્યાન લીલાછમ ને ખૂબ સુંદર જોયા, પણ હજી સુધી એક પણ મકાન 'સરસ' કહેવાય એવું જોયું નહોતું. દરેક બાંધકામનો હેતુ ઉપયોગ માટેનો, કળાત્મક્તાનો નહિ. વળી, જે પણ જગ્યાની મુલાકાતે લઈ જવાતાં ત્યાં રસમ એકસરખી રહેતી. ફૅક્ટરી હોય, કમ્યૂન હોય; અરે, નાનજિંગના પુલ આગળ પણ, સૌથી પહેલાં અમારે એક ખૂબ મોટા ખંડમાં જવાનું. ત્યાં વચમાં કેટલાંક ટેબલો જોડીને લાંબું એક ટેબલ બનાવ્યું હોય. એની આસપાસ ૨૫-૩૦ ખુરશીઓ ગોઠવેલી હોય. અમને બધાંને ચીની ચા આપવામાં આવે. સહેજ ઠંડી, કે વરસાદ હોય ત્યારે ગરમ ચાનું ચીની પાણી ગમે ખરું. પછી કોઈ હોદ્દેદાર આવીને એ જગ્યાની ઘણી બધી અદ્ભુત, આશ્ચર્યજનક વિગતો અમને કહી જાય. ચીનની સારામાં સારી બાજુ અમને બતાવવામાં આવે. પણ સાચી વાસ્તવિકતાનો થોડો અંશ તો દરેક પ્રવાસીને દેખાય.

પેલી લીલા પાણી જેવી, થોડી તરતી ઝીણી પત્તી-વાળી, ચીની ચા ગુણવત્તાની રીતે ક્યાંક ખરાબ, ક્યાંક ઠીક ને ક્યાંક ખૂબ સરસ મળી. એ 'બાલ-વાડી'માં મળેલી ચા બહુ જ સરસ સુગંધીવાળી 'જાસ્મીન' ચા હતી. મોગરાની જાતનું ફૂલ. એની શાતાદાયક સુગંધીદાર ચા સૌથી વધારે ગમે.

એની સાથે સાથે મળી એ 'બાલ-વાડી' માટેની થોડી પ્રશંસાપ્રદ વિગતો! છેક ૧૯૪૯માં એ 'બાલ-વાડી' શરૂ થયેલી. ત્રણથી સાડા છ વર્ષનાં ચારસો જેટલાં બાળકો એનો લાભ લેતાં હતાં. મોટા ભાગની આવી સંસ્થાઓ સવારથી સાંજ માટેની જ હોય છે, પણ આ તો ભૂલકાં માટેની નિવાસ-શાળા હતી. સોમવારની સવારથી શનિવાર બપોર સુધી બાળકો ત્યાં જ રહેતાં. બાર જુદા જુદા વિષયો ત્યાં શિખવાડવામાં આવતા - ચિત્ર, સંગીત, નૃત્ય, વાજિંત્ર, વાચન, લેખન વગેરે. એ માટે પચાસ શિક્ષક-શિક્ષિકાઓ હતાં. ઉપરાંત, ત્રીસેક કર્મચારીઓ ત્યાં જ રહેતાં, જેમાં બાળકોના ડૉક્ટર અને નર્સ પણ ખરાં.

અહીં આવતાં મોટા ભાગનાં બાળકો સરકારી અફસરોનાં અને શિક્ષકોનાં હતાં. કારીગરોનાં છોકરાં માટે દરેક ફૅક્ટરીમાં બાલ-વાડી હોય. ત્યાં તો એમને વિના-મૂલ્યે, કે સહેજ જેટલી ફી લઈને, રાખવામાં આવે. પણ અમને લઈ જવાયાં હતાં તે 'બાલ-વાડી'નો ખર્ચો દર મહિને, દર બાળક દીઠ ૧૭ યુઆનનો રહેતો. એટલે કે મા-બાપની આવકના આશરે પચીસ ટકા થયા. જોકે ચીનમાં, 'એક જ બાળક'ની નીતિને પ્રોત્સાહન આપવા માટે થઈને, કુટુંબના પ્રથમ બાળકનું સંપૂર્ણ ભણતર મફત હોય છે; ને એથી, મા-બાપની ઑફિસ કે ફૅક્ટરી-તરફથી ફીના એ બધા પૈસા પછી કુટુંબને પાછા મળી જાય છે. એક જ બાળકવાળા કુટુંબને ચીની સરકાર આવી ઘણી સહાય કરતી રહે છે.

આ નીતિના વિરોધીઓ સરકારના આ વર્તનનો અર્થ લાંચ-લાલચમાં કરે છે, પણ આ નીતિ પાછળનું પ્રજાનું, તથા દેશનું, હિત હું જોઈ શકી. એનું એક કારણ એ કે ચીનમાં જોયેલું દરેકે દરેક બાળક પુષ્ટ, આરોગ્યથી તરવરતું, હસતું, રમતું, આનંદી, તોફાની હતું. ઠંડીથી ફાટવા લાગેલા ગાલ લાલ લાલ હોય, અને ઝીણી ઝીણી આંખો હસતી જ હોય. રડતું, કે રોતલ, નામનું પણ એક બાળક મેં જોયું નહીં. મને લાગ્યું કે દરેક કુટુંબ પોતાના બાળકને ખૂબ પ્રેમપૂર્વક ઉછેરે છે. વળી, પુરુષ એમાં પૂરેપૂરો ભાગ લેતો લાગ્યો. કેટલીયે વાર રસ્તામાં, બગીચામાં બાળકને ઊંચકીને ફરતા, વહાલ કરતા, રમતમાં બાળકને ઉછાળતા પુરુષો જોયા. પતિ-પત્ની સાથે હોય ત્યારે બાળક પુરુષે જ ઊંચકેલું હોય. આ જોઈને મને તો આનંદ થાય. દરેક દેશમાં દરેક કુટુંબ આ જ રીતે નીરોગી અને સુખી જ ના હોવું જોઈએ?


ચીનમાં સંસ્થાઓને નામ આપવાનો રિવાજ નથી, પણ ક્રમાંક આપવામાં આવે છે. નાનજિંગનું એ અવ્વલ નંબરનું બાલોદ્યાન હતું. અમે એના મકાનમાં ઉપર-નીચે ફર્યાં ત્યારે બાળકો જુદી જુદી પ્રવૃત્તિઓમાં પરોવાયેલાં હતાં. ગાતાં, રમતાં, કાતરકામ કરતાં, લાકડાનાં ચોકઠાં ગોઠવતાં બાળકો બહુ મીઠાં હતાં. પછી અમારે માટે નાચ-ગાનની એક નાની ભજવણી પણ થઈ. નાની નાની, મીઠડી, ઢીંગલી જેવી બાળકીઓએ ઘેરા રંગોનાં કપડાં પહેર્યાં હતાં, અને ચીની પ્રથા પ્રમાણે પ્રસાધનોથી ગાલ, હોઠ ને મોઢાં લાલ-ગુલાબી રંગ્યાં હતાં. ભલે પ્રચાર માટે થઈને હશે, પણ એ આખી મુલાકાત હતી યાદગાર.

નાનજિંગમાં લગભગ બધો વખત ઝરમરિયો વરસાદ, ને એને લીધે ભીની ઠંડી, રહ્યાં હતાં. ચીનનાં જાહેર મકાનોમાં ક્યાંય હીટરની વ્યવસ્થા નહીં. દીવાલો ને ફર્શ સાવ ઠંડાં થઈ જાય. પેલા ઐતિહાસિક સંગ્રહાલયમાં અમારા હાથ ને પગ જાણે ઠરી જ ગયા હતા. ત્યાં કામ કરતી ચીની યુવતીઓ ગરમ પાણી ભરેલી બૅગ, ટુવાલ વીંટાળીને હાથમાં રાખીને ફરી રહી હતી.

જે રાતે અમને ત્યાં ઑપેરા જોવા લઈ જવામાં આવ્યાં ત્યારે અમે હાથ-પગનાં મોજાં અને અમારા કોટ ઉપરાંત હોટેલમાંથી પોતપોતાના બ્લૅન્કેટ સાથે લઈને ગયાં, કેવી વિચિત્ર ને વાહિયાત વાત લાગે છે, પણ એનાથી ઠંડીમાં ફેર તો પડ્યો જ. 'એક ભિખારી અને એક વિદ્વાન' નામનું ઑપેરા હતું. એ નાટ્ય-ગૃહમાં, જાપાને જેની શોધ કરેલી તે, કાનમાં પહેરીને સાંભળવાના યંત્રની સગવડ હતી. એના દ્વારા મિસ લી અમને બધાંને સળંગ કથાનક સમજાવતાં રહ્યાં. ને એને લીધે બધાંને બહુ મઝા આવી, ને રસ ટકી રહ્યો. જોકે વુશિના ઑપેરા જેટલું એ સારું નહોતું. વાર્તા નબળી હતી, ગાયકો ઉત્તમ કક્ષાનાં નહોતાં, માઈક્રોફોન-સ્પીકર વગેરે સરખાં નહોતાં, છતાં ભભકદાર વસ્ત્રાભૂષણ, મંચ-સજ્જા અને વાજિંત્ર-સંગીતના સ્તરમાં કશી ખામી, કે કમી, નહોતી.

બરાબર અઢી કલાક તો અનુષ્ઠાન ચાલ્યું. વચ્ચે વિરામ નહિ. સાત વાર તો મંચ પરનાં દૃશ્ય બદલાયાં. પૂરું થયા પછી કોઈ જાતનો અવાજ-ઘોંઘાટ નહિ - તાલીઓનો પણ નહિ. આખો

(અનુસંધાન પૃ. ૨૧૫ ઉપર)



બાલવાડીમાં અભ્યાસ કરતાં બાળકો




આ માસમાં જેમની ૪૩૩મી જન્મજયન્તી છે અને ૩૮૧મી સંવત્સરી છે તે વિલિયમ શેક્સ્પીઅર (૧૫૬૪-૧૬૧૬) જ્યાં પોતાની જિંદગીનાં અંતિમ ઓગણીશ વર્ષ રહ્યા હતા તે ઉદ્યાન

# શેક્સ્પીઅરના ઉદ્યાનો

મૂ. લે. પેનેલોપ ટ્યૂરિંગ
અનુવાદ : કનુભાઈ જાની

કવિઓ તો ઇંગ્લન્ડને જ ઉપવન કહે છે; અને વિસ્તારમાં સીમિત પણ વિવિધ પ્રકારની સુંદરતામાં આશ્ચર્યજનક રીતે સભર એવા દેશનું એ કાંઈ અજુગતું વર્ણન નથી. ઉદ્યાનો તો આંગ્લ-જીવનનું એક અવિચ્છેદ્ય અંગ છે. આ દેશમાં એના વિના જીવવાનો કોઈ ખ્યાલેય ના કરે. શહેરોમાં ખાનગી માલિકીના નાના પ્લૉટ્સ હોય કે જાહેર બગીચા ને ચોક હોય, એ બધા પણ દેશ-આખાની હરિયાળી ફળદ્રૂપતાનો અણસાર આપે છે.

તેમાંય સ્ટ્રેટફર્ડ-અપૉન-ઍવન તો રાષ્ટ્રનું હૃદય; ત્યાં છે એવા સુંદર ઉદ્યાનો તો ઇંગ્લન્ડમાં બીજે ક્યાંય નથી. અહીંની હરિયાળીથી ખીચોખીચ ભરેલા વૉર્‌વિકશાયર-પ્રદેશમાં, આજુબાજુ બધે જ, અરે, ઘરેઘર બાગ - અને તેય તમે કલ્પો તે પ્રત્યેક પ્રકારનો મળે! સરસ કતરેલી લૉન હોય, શિલાઓની ચડઊ . ગોઠવણી હોય, શિલાનાં સોપાનો હોય, ઘાટી લીલીછમ વાડોને જેમાં અદ્‌ભુત આકારોમાં કાપેલી હોય એવાં રજવાડી ઠાઠવાળાં ઘર હોય, ને એમાં આજેય તે મોર ગૌરવભર્યે ડગે ટહેલતા હોય. થાય કે જાણે હમણાં એ જૂના જમાનાના ડબ્લેટ ને હોજમાં, ચુસ્ત ચોયણી ને ઝૂલતાં કેડિયાંમાં દરબારીઓનાં ઝોલાં જોવા મળશે ! ને મળે અસલી જમાનાની વાડીઓ, એમાં મળે એ જમાનાની ફૅશન પ્રમાણેનાં ફૂલો હૉલિહૉક્સ ને સૂર્યમુખી; શાકભાજીની સાંકડી હારોની વચાળે ઝૂલતાં હોય અફીણનાં જીંડવાં ને મકાઈના ડોડા! શહેરોમાંનાં કેટલાંક ઘરોની પછવાડેના સાંકડા વંડા હોય તો માંડ થોડાક વારના જ, એની છો ભલે જડેલી હોય પથ્થરે, વચમાં વચમાં મરકતાં હોય મ્હોરેલાં નેસ્ટુર્શમ્સ (nasturtiums), કૅટ્‌મિન્ટ, કે ગુલાબી ને જાંબુડાં જિરેનિયમ્સ.

સ્ટ્રેટ્‌ફર્ડમાં તમે ગમે ત્યાં હો આસપાસ બગીચા જ બગીચા! જોયા જ કરો. શક્ય તેટલે જુદે જુદે સ્થળેથી જુઓ જુદે જુદે દૃષ્ટિકોણે! - ક્યાંક અધખૂલે દરવાજેથી જુઓ, ક્યાંક ચાની હાટડીની પછવાડેની જાળીએથી જુઓ, કે તમારી હૉટેલમાંના શયનખંડેથી એ વાડીમાંનાં જમાનાજૂનાં વૃક્ષો જુઓ - એ ખખડધજ, ગાંઠાગળફા-વળીઆવાળાં સફરજનનાં વૃક્ષો કે પીઅર ટ્રીઝ કે મલ્બેરીઝ કે ક્વીન્સીઝ, એ પરથી તમને એ ઉદ્યાનો કેટલા જૂના હશે એનો તરત ખ્યાલ આવશે.

આવા ખાનગી નાનામોટા બગીચાની વાત તો અલગ રહી, જેને 'શેક્સ્પીઅરનાં મકાન' કહીએ છીએ તેમાંના પ્રત્યેકને પણ પોતાનો આગવો એવો સુંદર બગીચો છે. ખેતરો વચ્ચે થઈને શૉટરી (Shottery) તરફ માઈલેક આગળ ચાલો ઍન હેથ-અવેની (Anne Hathaway) કુટીર - બંધાયેલી છે ચોપાસ મરકતાં ને મહેકતાં મબલખ ફૂલોની કિનારીઓથી : રંગબેરંગી લ્યુપીન્સ (lupins), પૉપીઝ (poppies)ને મેરિગોલ્ડ્ઝ (marigolds), ને જૂનાં સુવાસિત કૈંક અંગ્રેજી ફૂલો - સ્વીટ વિલિયમ્સ, ગુલાબો અને ગુલાબીઓ. ત્યાં ઝાંપામાં થઈને એક પગદંડી તમને તરત છેક કુટીરે પહોંચાડશે. પણ પછી ત્યાં તો,

ફૂલોની વચ્ચે ફરવા માટે, ને પાછળના વાડામાં ટહેલવા, થોડોક વખત ત્યાં રોકાવું પડે. ત્યાં લાકડાને બાંકડે ઘડીભર બેસજો, ને પંખીઓનો કલરવ કાને ભરજો. અહીં, આમ જ, સાડા ત્રણસો વરસ પહેલાં વિલિયમ શેક્સ્પીઅર અને ઍન પણ બેસતાં હશે!

જોકે બધાં જ ઉદ્યાનોમાં શેક્સ્પીઅરના જન્મસ્થાનવાળો સૌથી વધુ રોમાંચક ગણાય, કારણ કે અહીં શેક્સ્પીઅરનાં લગભગ બધાં જ નાટકો-કાવ્યોમાં નિર્દેશેલ છોડ-ઝાડ હજી મોજૂદછે.

જોકે એ ઉદ્યાન બહુ વિશાળ નથી, પણ એના વૉર્‌વિકશાયરવાળા ઘરની આસપાસના વિસ્તારમાંના જે ફૂલછોડ, શાકભાજી ને ઝાડ - અરે, ઝાંખરાંથી પણ જુવાન શેક્સ્પીઅર પરિચિત હતો તે બધાં જ અહીં ખીચોખીચ ભરેલાં છે. ફળાઉં ઝાડ ઍપ્રિકૉટ, પીચ, મૅડ્‌લર ને ચેરી અહીં છે; વૉલ્નટ ને નમ્ર હેઝલ નટ, વિશાળ ફલકવાળાં સીડર, બે (bay) અને મલ્બેરી વૃક્ષો અહીં છે; ને ઓરડો ભરાઈ જાય એટલાં જૂનાં અંગ્રેજી ઓસડિયાંના છોડ અહીં છે : ફેનલ, લૅવેન્ડર, રોઝમરી, ર્‌યૂ (rue), માર્જોરેમ અને બામ. અહીં વળી છે કોબી ને ગાજર અહીં, વળી, ખેતરોનાં ઓરમાયાં જેવાં કાઉસ્લિપ ને ક્લોવર પણ છે. અને ઇયાગોને મતે ઑથેલોની એક વાર જાગી ઊઠેલી ઈર્ષ્યા પણ જે ભાગ્યે જ ઠારી શક્યાં હોત તે પેલાં, ઑફેલિયાવાળાં લાંબાં પર્પલ્સ, મૅન્ડ્રાગોરી. અને 'લવઝ લેબર લૉઝ'માંનાં પેલાં ખુશનુમા મિજાજમાં દેખાતાં વાયોલેટ્સ, કક્કૂબર્ડ્ઝ અને લેડી-સ્મૉક્સ. યાદી કરવા બેસીએ તો લગભગ બસ્સો'ક છોડવા થાય, ને નિરાંતવે જીવે જોવા હોય તો દિવસોના દિવસો જાય.

'મૅમોરિયલ થીએટર'ની બાજુમાં, સ્ટ્રેટ્ફર્ડની બરાબર મધ્યમમાં છે 'ન્યૂ પ્લેઇસ.' શેક્સ્પીઅરના જમાનામાં એ ગણાતું એ શહેરનું એક સુંદરતમ મકાન; અને ૧૫૯૭થી એના અવસાન સુધીનું એ શેક્સ્પીઅરનું રહેણાકનું ઘર. ૧૭૫૦ના ગાળામાં સ્ટ્રેટ્ફર્ડની જાહેર જનતાના એક નંબરના દુશ્મન રેવરન્ડ ફ્રાન્સિસ ગૅસ્ટ્રેલની માલિકીનું એ હતું. શેક્સ્પીઅરના ચાહકો ત્યાં વારંવાર ગમે ત્યારે એ જોવા આવી ચડતા, એથી ત્રાસી જઈને એણે એ મકાન પડાવી નાખ્યું,ને ત્યાં મલ્બેરીનું એક ઝાડ શેક્સ્પીઅરે રોપેલું મનાતું તેય કપાવી નાખેલું. જોકે એની બાજુમાં જ એમાંથી ફૂટી નીકળેલો એક છોડ પાછો ફાલતો જાય છે !

'ન્યૂ પ્લેઇસ'માંના બે ઉદ્યાનો ધ્યાન ખેંચે એવા છે. 'ન્યૂપ્લેઇસ'ની અડોઅડ, હાલ જ્યાં મ્યૂઝિઅમ છે એ મૂળ ટૉમસ નેશનું મકાન; શેક્સ્પીઅરની દૌહિત્રીને એ પરણેલો. અને મુલાકાતીઓ તો હવે આ મકાનેથી જ શેક્સ્પીઅરનાં મૂળ થાનકોમાં ફરી શકે એમ છે, કારણ કે શેક્સ્પીઅરના મકાનમાંનું જે કાંઈ બચેલું ગણાય તે હવે આ જ! અહીં છે એક 'ઇલિઝાબેથન નૉટ-ગાર્ડનઃ' એ કાંઈક નીચે ઊતરી ગયેલો, મોટી વાડોથી રક્ષાયેલો બગીચો છે. એમાં સાંકડી પગદંડીઓ પાડીને, મૂળની ક્યારીઓને ભૌમિતિક આકારો અપાયા છે. એ નૉટ-ગાર્ડનને સાલ્વીએસ, પેન્સિઝ, ડાયાન્થિઝ, મૅરિગોલ્ડ ને એવાં એવાં ડઝનબંધી બીજાં ટચુકડાં મજાનાં રળિયામણાં ફૂલોની હારોથી આખી યે મૉસમ દરમિયાન, મજાનું ભરતકામ હોય એમ, કાયમ તાજો ચમકતો રાખવામાં આવે છે.

આની પછવાડે પણ મ્યૂઝિઅમથી સાવ અલગ છે વિશાળ 'ન્યૂ પ્લેઇસ ગાર્ડન'. એ સવારથી તે છેક સંધ્યાકાળ સુધી જાહેર જનતા માટે વિનામૂલ્યે સાવ ખુલ્લો રહે છે. શેક્સ્પીઅરના મકાનનો મૂળ 'ગ્રેટ ગાર્ડન' તે આ જ. આજે તો એ જૂનાં વૃક્ષોથી વીંટળાયેલી, સરસ રીતે કપાયેલી જ રહેતી ઘાટી વાડોવાળો ને ખીચોખીચ ઉગાડેલાં ફૂલોની ધારો (બોર્ડર)વાળો, સુંવાળી ખસખસી લીલીછમ લૉનવાળો એક શાન્ત ચૉક (ખુલ્લું નાનું મેદાન) છે. ત્યાં આરામથી બેસી શકાય એવી લાંબી લાકડાની બેઠકો પણ ઘણી છે. થીએટરથી નાકની દાંડીએ જતાં કે મુખ્ય શેરીવાળે રસ્તે જતાં માંડ ત્રણેક મિનિટને અંતરે જ એ હોવાથી, બધે પરકમ્મા કરી લીધા બાદ, થાક ઓગાળવા માટેનું આ આદર્શ સ્થળ છે. ત્યાં બેસીને વાંચો, કે લખો, કે પછી સ્ટ્રેટ્ફર્ડના એ પરિસર સાથે સમચિત્ત બની જાવ !

ઍવન નદીની વાયવ્યે (નગર તરફની બાજુએ) સળંગ નદીના આખાયે કિનારે કિનારે ઉદ્યાનો છે. નદીની સામે પાર છે રમતનાં મેદાનો ને ટેનિસકોર્ટ્સ.

'મૅમોરિયલ થીએટર' અને પગે ચાલીને ઓળંગી શકાય એવા લાલ ઈંટોનો રળિયામણો પુલ 'ધી ઓલ્ડ ટ્રામ બ્રિજ' - એ બેની વચ્ચે આવેલા આ નદીકાંઠાના ઉદ્યાનો કહેવાય છે બૅન્કૉફ્ટ. એમાં લૉનનો વિશાળ લીલોછમ પટ છે. એમાંની બેઠકો પર બેસી શકાય, કે ત્યાંની આરામ-ખુરશીએ લાંબા થઈ આરામ કરી શકાય. અહીં કેટલાંક સુંદર જૂનાં વૃક્ષો છે. નદીની ભેખડ પર, જરા ઊંચાણે નદીને સમાન્તર રસ્તાઓ કોરેલા છે. વળી, ગુલાબોના સંરક્ષિત બાગો પણ ત્યાં છે.

'મૅમોરિયલ થીએટર'ની આગળ જતાં આવે છે થીએટરની પોતાની અંગત માલિકીનો બગીચો. નાનકડો છે, પણ ખૂબ શાન્તિભર્યો છે, બૅન્કૉફ્ટ કરતાં તો સાવ અલગ ને એકાન્તે એ છે. એની લૉનની એક બાજુ ફૂલોથી ધારી બાંધેલી છે, બીજી બાજુ ઍવન નદીને કિનારે કિનારે છે કપચીનો પહોળો રસ્તો. આ પણ દિવસ દરમિયાન જાહેર જનતા માટે ખુલ્લો હોય છે. સ્ટ્રેટ્ફર્ડમાં ગમે ત્યાં જુઓ, તમને કો'ક ને કો'ક ઉદ્યાન તો જોવા મળશે જ.ને, બરફ પડવો હજી માંડ શરૂ થતો હોય ત્યાંથી માંડીને તે છેક છેલ્લા ક્રિસેન્થેમમ (ફૂલો) સુધી કાયમ તમને પુરબહારમાં ખીલેલાં ફૂલો જોવા મળશે.* □

* નોંધ : 'બ્રિટિશ ટ્રાવેલ એન્ડ હૉલિડેય્ઝ એસોસિએશન'ના ટ્રાવેલ-ફીચર નં. ૦/૧૦માં છપાયેલા લેખનો અનુવાદ.

# અનેક ચિકિત્સા-પદ્ધતિઓમાંની એક હોમિયોપથી

હેમેન્દ્ર એ. શાહ

**ભૂમિકા :** હજારો વર્ષ પહેલાં અને આદિ માનવથી શરૂ કરી આજ વીસમી સદીના અંત સુધી અનેક ચિકિત્સા - પદ્ધતિઓ માનવ આરોગ્ય અને દર્દનિવારણ માટે ઉપયોગમાં લેવાલા આવી છે અને અનેક અખતરાઓ કરવામાં આવ્યા છે. વૈજ્ઞાનિક પદ્ધતિ કરતાં અનેક ક્રૂર પદ્ધતિના પણ પ્રયોગો થયા. અજ્ઞાની માણસોએ ડામ દેવાના, માર મારવાના, ભૂત-પિશાચને ભગાડવા કહેવાતી મેલી વિદ્યાના પ્રયોગો પણ કર્યા. હજુ પણ હજારો ગામડાંઓમાં, આદિવાસી વિસ્તારોમાં, પહાડી પ્રદેશોના ઊંડાણવાળા વિસ્તારોમાં અણઘડ પ્રજાને છેતરીને માનવબલિ, પશુબલિ જેવાં અમાનવીય કૃત્યો દ્વારા પૈસા તથા શરીરની બરબાદી કરાવીને ઘણાંને છેતરવામાં આવે છે.

દુનિયાભરમાં આજે સૌથી વધુ પ્રચલિત છે : (૧) એલોપથી, (૨) હોમિયોપથી સાથે જીવન રસાયણશાસ્ત્ર - બાયોકેમિક પદ્ધતિ, (૩) આયુર્વેદ (જે ભારતમાં હજારો વર્ષથી પ્રચલિત હતી, પરંતુ છેલ્લાં બસ્સો વર્ષથી તેનો ઉપયોગ ઓછો થયો.), ઝાડનાં મૂળિયાં-ડાળી-પાંદડાં-ફૂલોનો પાઉડર બનાવી - મલમ બનાવી ઉપયોગ કરવા તથા જીવનને કુદરતી રીતે જીવતાં શિખવવાની પદ્ધતિ. આ ચિકિત્સા-વિજ્ઞાનમાં ઘણાબધા ઋષિ-મુનિ અને જ્ઞાની પુરુષોએ હજારો વર્ષથી તેઓના અનુભવનો નિચોડ સમજાવીને તેનો પ્રસાર કર્યો. પરંતુ ૨૦મી સદીમાં તેનો ઉપયોગ તથા તે વિષેનું જ્ઞાન ક્રમશઃ ઓછું થતું ગયું.

એલોપથીની દવા બનાવતી ઘણી ભારતીય અને પશ્ચિમના દેશોની કંપનીઓએ આયુર્વેદ-વિજ્ઞાન પાસેથી જાણકારી પ્રાપ્ત કરીને દવા બનાવવી શરૂ કરી દીધી છે. દા.ત. લસણ, ઈસબગુલ વગેરેને પ્રોસેસ કરી તેનાં ટીકડી/પાઉડર હાલ બજારમાં મળે છે અને તેનો ખાસો એવો ઉપાડ છે. અશ્વગંધા જેવા છોડનાં મૂળિયાંમાંથી પણ દવા બનાવવામાં આવે છે. હળદરના ગુણો વિષે આપણા પૂર્વજોએ, આપણાં ઘરડા માજીઓએ, આયુર્વેદનાં પુસ્તકોએ ઘણા ગુણગાન ગાયા છે. પરંતુ આપણી હાલની પેઢીમાં આયુર્વેદને, આપણાં ઘરડાઓને જુનવાણી કહી, સામાન્ય નુસખાઓ કહી, તરછોડ્યા છે. તાજેતરમાં કરોડો રૂપિયા ખર્ચ કર્યા પછી પશ્ચિમના વિજ્ઞાનીઓએ હળદરમાં અદ્‌ભુત ગુણો છે તેવું જાહેર કર્યું છે. શરીરને નવું ચૈતન્ય આપવા ઉપરાંત તેની રોગપ્રતિકારક શક્તિ અને બીજા અનેક ગુણો વર્ણવ્યા છે. આ અંગે વધુ સંશોધન કરવા માટે એક ભારતીય સંશોધનકાર બહેનને રૂ. ૮ લાખ ઉપરાંતનું અનુદાન આપવામાં આવ્યું છે.

હોમિયોપથી શોધાઈ નહોતી ત્યાં સુધી આયુર્વેદના શાસ્ત્રને ઘણું ઉપયોગી ચિકિત્સાશાસ્ત્ર કહી શકાય. છેલ્લી બે સદીઓથી અને ખાસ કરીને ભારત ગુલામ થઈ ગયા પછી આયુર્વેદનો ઉપયોગ ઓછો થઈ ગયો. સંશોધન નહિવત્ થઈ ગયું, જાણકાર વૈદ્યો ઓછા થઈ ગયા. ઔષધીય રીતે ઉપયોગી ઝાડ, છોડ વગેરે કઈ જગ્યાએ ઊગે છે, તેનું આઈડેન્ટિફિકેશન વગેરે વિષેના જાણકાર જ્ઞાનીઓ હાલ રહ્યા નથી. આયુર્વેદ-પદ્ધતિ વિષે કહેવાય છે કે હજારો પુસ્તકો લખાયાં હતાં પણ હાલ તેની જૂજ સંખ્યા ઉપલબ્ધ છે. એલોપથી દવાઓથી થતી આડઅસર, મોંઘી દાટ દવાઓ તથા તેની મૂળભૂત પદ્ધતિમાં રહેલી ખામીઓથી તંગ આવી ગયેલા માનવસમાજને હોમિયોપથીની નવી ચમત્કારિક પરિણામવાળી, સસ્તી પદ્ધતિએ આશાનો નવો સંચાર કર્યો છે.

ઉપર જણાવેલી ત્રણ પદ્ધતિઓ સિવાય નાનીમોટી વિવિધ ચિકિત્સા-પદ્ધતિ હાલ અપનાવાય છે તેમાં મુખ્ય છે :

૧. યોગ અને યોગનાં આસનોથી તથા મેડિટેશન દ્વારા મેળવવાની પદ્ધતિ.
૨. માટીના ઉપચારની પદ્ધતિ.
૩. વજન ઘટાડવા માટે તથા વિવિધ દર્દો માટે ફક્ત મગ અને મગના પાણી દ્વારા તથા ઉપવાસના પ્રયોગો દ્વારા નેચરોપથીનો ઉપયોગ.
૪. સેંકડો માઈલ દૂર રહેતા દર્દીનો ફોટો મૂકી તેના ઉપર મૅગ્નેટથી કિરણો આપી સારવાર કરવાની પદ્ધતિ - મૅગ્નેટોડાઉઝિંગ.
૫. ચીનમાં શોધાયેલી એક્યુપંક્ચર અને એક્યુપ્રેશરની પદ્ધતિ.
૬. 'રીકી' પદ્ધતિ (જે છેલ્લા એક વર્ષથી પ્રકાશમાં આવી છે).
૭. હિપ્નોટિઝમ દ્વારા દર્દો મટાડવાની પદ્ધતિ.
૮. સ્વમૂત્ર-પ્રયોગો.
૯. રત્નચિકિત્સા પદ્ધતિ અથવા 'જેમ થેરપિ.''

હોમિયોપથી વિશે વિગતે હવે પછી જોઈશું. □



ઝવેરચંદ મેઘાણીનું જીવનચિત્ર

# કસુંબલ રંગ [૨૦]

કનુભાઈ જાની

નારીહૈયે ઝાઝી લોકવાણી, તેમાંય ઝાઝાં ગીત-ગાણાં; નરહૈયે ઝાઝાં કથા-ઉખાણાં! એટલે તો લોકસાહિત્યના સંપાદનની કામગીરી કપરી છે. નર્મદે એની પત્ની પાસેથી નારીગીતો એકઠાં કરાવ્યાં. એમ ઘણાંને કરવું પડ્યું છે. પણ 'પીરોં સે પડદા ક્યા?' એમ સમજીને બાદશાહખાન ને ગાંધીજીને સ્ત્રીઓના સમુદાયે જેમ ખુલ્લે મોંએ અપનાવેલા, તેમ, લાજનો રિવાજ સમાજમાં સહજ હતો એ કાળે, ચુસ્ત મલાજાના એ મુલકમાં ને એમાં માનતી કોમોમાં, બહેનોએ મેઘાણીને પોતાના ભાઈ કે વડીલ માનીને, પાસે બેસાડી, ગીતો સંભળાવ્યાં, ઉતરાવ્યાં, ઢાળ શિખવાડ્યા. માતાનો ગીતવારસો હતો. 'કપિલભાઈનાં બા મોંઘીબાને એ સમસ્ત કુટુંબ તો.... ગીતો-વાતોનું બાર માસ ચાલતું અખૂટ પરબ' હતું. (ર.રા.-૩) દક્ષિણામૂર્તિનાં શિક્ષિકા લક્ષ્મીબહેન ડોસાણી, જયાબહેન દાણી, પ્રેમીલાબહેન સુમંત મહેતા, રાજકોટની ફિમેલ ટ્રેનિંગ કૉલેજની બહેનો, સૌરાષ્ટ્ર કાર્યાલયમાં કામ કરતાં મુસ્લિમ બહેન સારબાઈ ને એમની પડોશણો, હડાળાનાં દરબારશ્રી અને એમની બે પુત્રીઓ, હાથીભાઈ વાંકનાં પત્ની (જેમણે પતિને ગીતો ઉતરાવી આખી નોટ મોકલેલી) - એવી નામી-અનામી અનેક બહેનોએ ને એમનાં મંડળોએ બોલાવી બોલાવીને, ગીત-ગરબા ગોઠવીને કે લખી મોકલીને અઢળક ગીતો આપ્યાં, એટલાં બધાં ને એવાં વિવિધ પ્રકારનાં કે મેઘાણીના લોકસાહિત્ય-સંપાદનમાં ઉત્તમ તો ગીતોનું જ છે; એટલું જ નહિ, તે પછી આજ સુધી આટલું ને આવું ગીતસંપાદન થયું નથી.

'હું ભમ્યો છું પ્રાંતપ્રાંતે. મને સાંપડેલ છે સ્થળસ્થળના ટહુકાર... ખવાસણો ને કાઠિયાણીઓ, વણિક ને બ્રાહ્મણ સ્ત્રીઓ, ઝાલાવાડ, હાલાર અને ગોહિલવાડનું પ્રતિનિધિત્વ કરનારી અનેક કનેથી હું પ્રસાદી પામ્યો છું. બલકે મને તો બૃહદ્ ગુજરાતનાં વિચિત્ર પ્રતિનિધિઓ વિલક્ષણ રીતે ભેટી ગયાં છે.' ('પરકમ્મા' '૮૧; ૧૬૫)

ભાવનગરવાસથી કથાસંપાદનનું કામ ધીમું પડે છે, કારણ કે આ ગીતસંપાદનની દિશા બરાબરની ખૂલી ગઈ છે. ખૂલી હતી સાવ અચાનક. બરડા મથકમાં ગયા હતા તો કથાની ગોતે; કથા ન જ મળી. પણ યાદ આવ્યું : બહુ સાંભળ્યું હતું ત્યાંની મેરાણીઓના રાસડા વિષે. લુકમાન વહોરો ને બગવદરની મેરાણી વચ્ચે મેળામાં થતી દુહાસ્પર્ધા ત્રણ-ત્રણ દી મેખંમેખ એવી ચાલતી કે કોઈ હારે નહિ! એ બગવદર પાસે હતું. ભાળ મેળવી. ગયા. ને એ મેરાણીબહેન એવાં વરસ્યાં, ને ગીતસંપાદનના શુકન એવા કરાવ્યા કે મેઘાણીએ એમને અનેક સ્થળે યાદ કર્યાં છે. (રામચન્દ્ર શુક્લ પરના પત્રમાં, રા.-૧ના 'આભાર'માં, 'પ-પંથ'ની પ્રસ્તાવનામાં, ર.રા.-૪ના અર્પણમાં....)

૧૯૨૪ની સાલની 'લોકગીતના સંગ્રહકાર્યની સૌ પહેલી એ રાત્રી.' 'એ અંધારી રાત્રે, બરડાના બગવદર ગામે, ગરીબ ખેડુ-ઘરના ટમટમતા દીવા સામે, ગળકતે કંઠે, પહેલું જ સાંભળ્યું-નર્મદમાં વાંચતાં જ જે ગમી ગયેલું તે - 'મોરલાની માયા.' એ તો વાંચ્યું'તું, આ તો સજીવ. ગીત જીવે ગાનમાં, વાચનમાં નહિ : પાણી ભરીને આવતી રાણીજીને વાર લાગી. કેમ? નણદીએ જણાવ્યું; 'વનના મોરલા સાથે જળે રમતાં.'

ઈર્ષ્યા સળગી; મોરલાને માર્યો ત્યારે જ ઠરી; પણ રાણીજીની જાણે ચેતના હણાઈ! મનાવવા મથ્યા. 'ઓરડા ચણાવું, ટોડલે મોર ટંકાવું, બેડે મોર નગટાવું. સાળુડો રંગાવું, મહીં મોરલા છપાવું.' પણ આ તો મનની માયા!

'છાપેલા મોરલા તે કેમ કરી બોલશે?'

આ ગીતોના ગાતા મોરલાની લગની લગાડી બહેન ઢેલીએ. પછી તો રાત રઢિયાળી બની ગઈ. 'રઢિયાળી રાત'નો વિદાયખંડ (ચોથો ખંડ) 'આ ગીતોની પ્રથમ લહાણી આપનાર' આ બહેનને અર્પણ કર્યો છે. વર્ષો પછી, ઢેલીબહેન નેવુંક વર્ષનાં હતાં ત્યારે, એમની મુલાકાત આપણા એક તરવરિયા જુવાન (હા; કેટલાકને અવસ્થા એ એક જ હોય છે!) નરોત્તમ પલાણે લીધેલી ને ૧૯૭૫ના 'કુમાર'ના સપ્ટેમ્બરના અંકમાં એ આપેલી. એ મોંઘી મુલાકાત યથાતથ ઢેલીબહેનને મુખે :

''મને ગીતો બહુ યાદ છે એવું સાંભળીને મેઘાણીભાઈ એક દિવસ મારી પાસે આવ્યા, ધોળાં ધોળાં લૂગડાંમાં; મોટી મોટી આંખો નીચે ઢાળીને મારે આંગળે ઇ ઊભા'તા. જોતાં જ આવકાર દેવાનું મન થાય એવો માણસ! મેં તો ઓટલીએ ગોદડું પાથરી દીધું ને બેસાડ્યા. હું હેઠે બેસવા જતી'તી ત્યાં પગે પડીને 'હં...હં...હં...! તમે અહીં ઉપર બેસો નહિતર હુંય નીચે બેસું છું' કહીને મનેય ઉપર બેસાડી. પછી તો એમને જે ગીતો જોતાં'તાં એની અર્ધી અર્ધી કડીઓ પોતે બોલે ને હું આખું ગીત પૂરું કરી દઉં. નીચી મૂંડકી રાખીને ઝીણા ઝીણા અક્ષરમાં ટપકાવ્યે જાય. મને ગાયા વિના બોલતાં નો આવડે એટલે પોતે હસે. અને હું તો... મન મૂકીને હલકો કાઢીને ગાઉં! આજુબાજુનાંય ભેળાં થઈ ગ્યાં અને છેક બપોર સુધી ગીતો ગાયાં.

જમવા બેઠા... પાટલે નો બેઠા. હું નીચે બેઠી બેઠી રોટલા ઘડતી'તી તે પોતેય નીચે બેઠા. ઘણું કહ્યું, તો કહે, 'રોટલા ઘડનારી

નીચે બેસે અને ખાનારો ઊંચે... એ ક્યાંનો ન્યા?' મને તો અમારા ગાર્યવાળા ઘરમાં એનાં લૂગડાં બગડે એનો જ ભે હતો, પણ પોતે એકના બે નો થ્યા, અને હજી તો પૂરા જમી નો લે એની મોર્ય તો આખું ગામ ઓસરીમાં ભેળું થઈ ગ્યું. અમારી કોમમાં ગીતો ગાવાં સાંભળવાં બઉ ગમે.

જમીને એમણે એક ગીત ગાયું - અસલ અમે ગાઈએ એ જ ઢાળમાં! ને પછે તો એક પછે એક રોંઢો ઢળ્યા સુધી એની પાસે ગવડાવ્યે રાખ્યું! પછી અમારો વારો આવ્યો. અમે આઠદસ બાયુંએ ગીત ગાવા માંડ્યાં, પણ બધી બાયું ભેળી થાય એટલે બેસીને કેમ ગવાય? થયાં ઊભાં અને ફળિયામાં જ રાસડા માંડ્યા. પોતે તો હમણાં ઢગલોએક હસી નાખશે એવા થતાં થતાં, કાગળિયાંમાં ટપકાવ્યે જાય. જોણાંને ને રોણાંને તેડું થોડું હોય ? ઢગ બાયું ભેળી થઈ અને અંધારું થયા સુધી રાસડા હાલ્યા. વાળુ કરીને પાછાં ભેળાં થ્યાં તે એક પછે એક નવાં નવાં ગીત મધરાત સુધી ગાયાં; છેલ્લે પોતે થોડાંક મરકડાં કીધાં અને સઉને હસાવ્યાં.

થોડાંક રહી જતાં'તાં તે... સવારે પણ મેં ગાયાં, અને પોતે તો મારાં વખાણ કરતાં કરતાં નીચી મૂંડકી રાખીને લખ્યે જાય. મનેય ગીત બઉ મોઢે; સવારોસવાર ગાઉં પણ એકેય ગીત બીજી વાર નો આવે. અહીંથી પોતાને બરખલા જવું'તું એટલે શિરામણ કરીને ગાડું જોડ્યું, પણ પોતે કહે, 'હું ગાડામાં નો બેસું. એક જીવ તાણે અને બીજા જીવથી અમથું અમથું નો બેસાય.' અમારી સંધાયની આંખમાં પાણી આવી ગ્યાં. પોતેય જાણે કોઈને ભાર નો લગાડવો હોય એમ લૂગડાં સંકોરતાં સંકોરતાં સૌને હાથ જોડીને ચાલતા થ્યા. ઓહોહો! આવો માણસ મેં કોઈ દી' જોયો નથી! એની હાજરીનો કોઈ કરતાં કોઈને ભાર જ નો લાગે!''

કેવો અદ્‌ભુત આરંભ! પ્રછી ભાવનગરવાસે ને મહિલાવિદ્યાલયે ગીતો અનવરત અનાયાસ વર્ષાવ્યાં. એ જમાનો, આજનાની જેમ, સાવ ગાનવિહોણો નહોતો થયો. કાન ખુલ્લા હોય તો ગાન તો પવનની માફક ક્યાંકથી ફરકતું જ આવે! એના બે પ્રસંગો :

પોતે રહે એની સામે (એટલે કે નરોત્તમ ભાણજીના બંગલા સામે) ત્યારે ટેકરો. ઉપર ઝૂંપડાં. મહીં રેંકડી ખેંચનાર મારવાડીઓ રહે. રાતે ગેબને આંબતે સૂરે એવું ગાય કે શબ્દ ન સમજાય પણ તારકોનાં ઝૂમખાં લઈ આવવાનું મન થાય. કેમ બને?... બાજુમાં દક્ષિણામૂર્તિનાં કેટલાંક શિક્ષક-શિક્ષિકાઓ. એમાં એક કમળાબહેન. એમને જઈને પૂછ્યું : 'બહેન, આ તમારી પાડોશમાંની બહેનો બહુ સરસ ગાય છે. મારે એ ગીતો ઉતારી લેવાં છે. સાથે આવશો?' પણ એમણે રસ ન લીધો. એટલે, પોતે જ, સસંકોચ, સામે ચાલીને, એમને ઉંબરે પહોંચ્યા. 'રામ રામ' કર્યા. વાતો કરી. પોતાનો પરિચય આપ્યો. બધાંનાં કામનાં વખાણ કર્યાં. પછી ધીમેકથી મનની વાત મૂકી. પેલાં કહે, 'ઓહો! એમાં શી મોટી વાત? તમતમારે આવજો. અમે સંભળાવશું.'

'પણ મારે તો માંડી લેવા છે.'

'તે માંડી લેજો ને બાપુ! એમાં શી વસિયાત છે?' પછી તો જાણે લાખેણી લાડી મળી! ને નિર્જળ ભૂમિમાં પદેપદે પાણીની ખાતરી! -

પગે પગે પાવડલી ખોદાવું હો લાખેણી લાડી!
લઈ ચાલાં મારે દેશ!

ગીતો ને રિવાજો બધું જાણવા મળ્યું. જમાઈ દીકરીને તેડવા આવે ત્યારે ઘરે ઘરે મેંદીના વાટકા સાથે નોંતરાં; ને પછી આભ-નિસરણી માંડતા સૂરે ગીતો ગવાય. આવા રિવાજનાં ગીતો, વર્ષાનાં ને અન્ય ઋતુનાં ગીતો, હાલરડાં ને લગ્નગીતો, કથાગીતો ને ગીતકથાઓ. (Ballads)- ગીતોથી શગ ભરાણો. એમાં એક નાગજીનો રાસડો.

આપણી સંસ્કૃતિની મહાગાથા - મહાભારત. એને આરંભેય છે નાગકથા. તક્ષકથી જનમેજય સુધીની ભૂમિકા. પછી નાગકન્યા ને માનવના દામ્પત્યની કથા. એ દૃષ્ટિએ - સંસ્કૃતિકથા કેવી પડઘાય છે એ દૃષ્ટિએ આ ગીત જુઓ કે આજની કવિતામાં 'તમે ચંપો ને અમે કેળ / એક રે ક્યારીમાં આપણ રોપિયાં' એ મતલબનું ગીત જુઓ, આજના કવિમાં કેવું અનાયાસે લોકગીત, અજાણતાં અજાગ્રત મનનો જુગજૂનો વારસો થઈને ઊતરે છે એ રીતે જુઓ! માનવચિત્તનાં પ્રચ્છન્ન પડો પણ ક્યાં-ક્યારે-કેમ ગાજી ઊઠે છે! આશ્ચર્ય દબ્યું નથી રહેતું એટલે જ ઉતારું છું :

હોરે નાગજી! જે સરજે દેવળિયારે દેવ રે
ગણી સરજે દેવળમાંયલી પૂતળી રે
હો રે નાગજી! આપેં એકણ મંદિર ભેળાં રેશાં રે
હો રે નાગજી! સરજે સરજે હીવડારો હાર રે
હો રે નાગજી! મું સરજું હીવડારો ડોરડો રે
હો રે નાગજી! તું સરજે કેળ માયલો કેળિયો
હો રે નાગજી! મું સરજું કેવડારી કાંબડી રે
હો રે નાગજી! આપેં એકણ થાણે ઊગશાં રે
હો રે નાગજી! સરજે સરજે વાદળી માયલો શેર રે
હો રે નાગજી! મું સરજાં વાદળમાંયલી વીજળી રે
હો રે નાગજી! આપેં એઠણ વરસાળે આવશાં રે.
હો રે નાગજી! થેં મોતી મેં લાલ રે
હો રે નાગજી! એકણ ડોરે પ્રોવીયાં રે...

એક તો, આમ, રાજસ્થાની ગીતો મળે, અને એની સાથે અન્ય પ્રાન્તનાં ને ગુજરાતી સરખાવાતાં જાય. ક્ષેત્રકાર્યમાંથી અચાનક ઊગ્યો તુલનાત્મક અભ્યાસનો રસ. પછી તો, મુંબઈ

જવાનું થાય ત્યારે અચૂક એશિયાટિક લાયબ્રેરીમાં જાય જ. ત્યાં કલાકોના કલાકો દુનિયાભરનાં, ખાસ કરીને લગ્નગીતો, ફંફોસે ને નોંધે!

એક વાર એવું બન્યું કે એ ટાંચણો કરે ત્યાં કાને કોઈક પારસી વૃદ્ધોની ચર્ચાના શબ્દો પડ્યા. એ લોકોય ચર્ચતા હતા 'મૅરેજ સૉંગ્ઝ.' ગ્રીસ ને રોમનાં, ઝોરોસ્તર ને ગાથામાંનાં. સાંભળતાં રમૂજ પણ પડતી હતી કારણ કે ત્યારે 'ચૂંદડી-૧' સંગ્રહ પ્રસિદ્ધ થઈ ચૂક્યો હતો. રમૂજ એ વાતની પણ કે,

"થોડીક સામગ્રી સાંપડે કે તરત તેના પર અંગ્રેજી ભાષામાં લખવું! એ ભાષા ચીંથરાંની ઢીંગલીને પણ પાંડિત્યનો પોષાક પહેરાવી શકે તેવી છે.'

પણ એમણે, અંગ્રેજી હાથવગું હતું છતાં, 'ચીંથરિયા' થવાને બદલે, તુલનાત્મક અભ્યાસમાં એ જાણકારીને પરોવી... ક્યાંના ક્યાં, કેવા નીકળી ગયા! ભાવનગર, જયાબહેન-ઢેલીબહેન-મારવાડાં ને... તુલનાત્મક અભ્યાસને ક્ષેત્રે ઊતરી પડાયું. પણ મૂળ સ્રોત પેલો ટેકરો ને આભઊંચા સૂરનો ચિત્તમાં સતત ઘૂમરાટ! બસ સંભળાવું જોઈએ!

'મોર આદુરદાદુર બોલે છે,
ઝરમર મેવલો વરસે છે.'

સરળતા, પ્રાસની સહજતા, અર્થનો ફૂલ જેવો સુંદર આપોઆપ ઊઘાડ! આમ, એમાં અનેક સ્થળેથી અનેક બહેનો ઉમેરો કરતી ગઈ. કોઈક હેમકુંવરબહેન મગનલાલ જેવાંએ તો છેક બ્રહ્મદેશથી લગ્નગીત લખી મોકલ્યાં. એમ 'ચૂંદડી'ના સંગ્રહો થયા. અજાણ્યા માહિતીદાતાઓમાંનાં એક વિજયાબહેન દુર્લભજી પરીખ પણ હતાં; આગળ જતાં એ કુટુમ્બ મેઘાણીજીવનમાં બહુ મોટો વળાંક લાવવામાં નિમિત્તરૂપ બનેલું.

દરમિયાનમાં ૧૯૨૬માં પિતા કાળિદાસભાઈનું અવસાન થયું. કુટુમ્બગત એક જવાબદારી વધી - માતાની. કામનું ક્ષેત્ર પણ વિસ્તરતું જતું હતું. ક્ષેત્રકાર્યથી સંબંધો બંધાતા જતા હતા અને વાચન પણ વધતું જતું હતું. વક્તા તરીકે લોકપ્રિય, એટલે માગ પણ વધતી જતી હતી. ક્યારેક બોલવા કરતાં ન બોલવાનું જ પસંદ કરતા. ભાવનગરમાં થિયોસૉફિકલ સોસાયટીના અધિવેશનમાં રાયચુરા બોલ્યા. જે કોઈ ગીત લોકોમાં પ્રિય એ લોકગીત એવી એમની સમજ. એમના પછી મેઘાણીને બોલવા માટે બહુબહુ આગ્રહ થયો - આયોજકો અને શ્રોતાઓ બન્ને તરફથી; પણ ન જ બોલ્યા. પાછળથી, કપિલભાઈ પૂછતાં કહે, 'હું બોલ્યો હોત તો રાયચુરાનું શું થાત?' કોઈનાય ગૌરવભંગમાં ન ભળે.

પત્રની કામગીરી પણ વધતી જતી હતી. સ્વાતંત્ર્ય-આંદોલન વેગ પકડતું હતું. અમૃતલાલભાઈ લોકલબોર્ડમાં પ્રેસિડેન્ટ તો હતા જ; પછી ધારાસભામાં ગયા. (૧૯૨૬ થી ૧૯૩૦ સુધી હતા.) આપણા સ્વાતંત્ર્યસંગ્રામની રૂખ જરા જુદી હતી. એ જાણે સમાજજાગૃતિનાં ને સેવાનાં કામો હતાં. એમાં જોડાવું એ દેશદાઝ હતી. એવું એક કામ 'સૌરાષ્ટ્ર સેવાસમિતિ'એ ૧૯૨૭માં વઢવાણ કૅમ્પમાં યોજેલું-નેત્રયજ્ઞનું. પંજાબના પ્રખ્યાત ડૉક્ટર મથુરાદાસને બોલાવેલા. સેંકડો દર્દીઓ ને સાથેના હજારો સહાયકોને રહેવા-ખાવાનો પ્રબંધ થઈ ગયો હતો. 'સૌરાષ્ટ્ર'નું તંત્રીમંડળ ખડે પગે. સ્વયંસેવકો હાજર. સૌરાષ્ટ્રના અને બહારના પણ અનેક ડૉક્ટરોની શામિલગીરી. મેઘાણીભાઈ ભાવનગરથી વઢવાણ પહોંચી ગયેલા. પાંચેક દિ' જ હવે બાકી. ત્યાં તાર આવ્યો ડૉક્ટરનો : 'કાર્યક્રમ રદ ગણશો, અવાશે નહિ, દિલગીર!' વીજળી પડી! મહિનાઓની તૈયારી શું પાણીમાં જશે?

શેઠ કહે, 'ના! તમે તારે તૈયારી ચાલુ રાખો. હું એમને લઈ આવું છું.'

ગયા મુંબઈ. ગવર્નરને વાત કરી. મુંબઈથી ગવર્નર પાસે તાર કરાવ્યો કે મથુરાદાસને બધી જ સગવડ સાથે નિર્ધારિત સમયે વઢવાણ કૅમ્પ પહોંચાડો! શેઠ લઈને આવ્યા ડૉક્ટરને. રોજના ચાળીસને હિસાબે સવાત્રણસોક મોતિયાનાં ઑપરેશનો થયાં. ડૉક્ટરને સબહુમાન વિદાય કર્યા ત્યારે મેઘાણીએ સરસ પ્રવચન કર્યું. બધો સમય આ સેવાકાર્યને આપ્યો.

એ જ સાલ ભાવનગરના 'લલિત કલાસમાજે' મેઘાણીનું 'શાહજહાં' ભજવ્યું. એમાં પોતે દારા બન્યા. રામુભાઈ નાદિરા, હર્ષવદન વોરા જહાનારા. પોતે દિગ્દર્શન પણ સંભાળ્યું. જોધપુરના કિલ્લેદારનું એક પાત્ર. બે જ વાક્યો બોલવાનાં, એટલે એક સૂકલકડી છોકરાને ભળાવી દીધેલું એનો ખ્યાલ આવતાં મેઘાણી કહે, 'યુદ્ધે જતાં જેને કિલ્લાની ચાવીઓ સોંપવામાં આવે એ આવો હોય?' અને પાત્ર બદલાવ્યું. નાદિરાના મૃત્યુ વખતે કલાપીનું 'અશ્રુની સૈયારીધારા' ગાયું; નાદિરાના શબ પાસેથી વિદાય લઈ, વિંગમાં જઈ, પાછા આવ્યા,ને શબનાં ચરણોમાં માથું મૂક્યું ત્યારે શ્રોતાગણની આંખો ભીંજાણી.

પાંચાળમાં રેલસંકટ, ને 'સૌરાષ્ટ્ર સેવાસમિતિ'એ રાહતકાર્ય ઉપાડેલું. જવાબદારી ઝવેરભાઈને સોંપાઈ. કામ પૂરું થયે, ચોટિલાથી ટ્રેન પકડવાની હતી. રેશમીએથી એક પાણીદાર ઘોડી લીધી; સાથે હરિભાઈ પણ એમના ઘોડા પર. એ ભૂમિમાં ચોમાસે, મહીંથી જમીન આખી ભીની ભીની હોય અને ઉપરથી તરડોવાળા કટકા દેખાય, એમાં 'ફોડાં' હોય. 'ફોડાં' એટલે એવા ટુકડા જે આખેઆખાં ઉપર ચાલનાર સાથે જમીનમાં ફટ દઈને ગરક થઈ જાય. રાંગમાં તેજીલી ઘોડી, સવાર જુવાનજોધ, પાંચાળના રેલમછેલા લીલા ડુંગરા, માથે વાદળીઆળું આભ ને મારગ સોપારી રડતી જાય એવો ટાકરીઓ! લગામ છુટ્ટી મૂકેલી ને ઘોડી

ધમહમ કરતી જાય. ત્યાં ફોડે પડી ને ધરતીએ ગળવા માંડી! ચેતી ગયા. ત્યારેય ચિન્તા પાછળનાની કરીઃ 'હરિભાઈ! મૂવા! તમે દૂર રે'જો! ફોડું!' લાગ્યું કે ખેલ ખલાસ. પણ આ તો પાંચાળી કાઠીઘોડલી! સાથળ લગણ ખૂંતેલી, એમાંથી જોર કરીને બહાર ઊછળી! સવારે ગળે થપાટીથી આ નવો અવતાર આપનારીનો આભાર માન્યો, ત્યાં એણે થરથરાટી કરી! જાણે કહેતી ન હોય? -'મોસ્ટ વેલકમ્!' જાણે શામળે સામે જોયું. પેલો પરજિયો ચારણ યાદ આવ્યો. આ જ પ્રવાસમાં એ મળેલો - 'દૂબળો-પાતળો, દાઢીના શ્વેત કાતરા, ઝીણી આંખો, સફેદ કપડાં, ઝાડને ગુંદર ઝરે તેમ આંખોમાંથી ઝીણાં જળ ટપકે.' એણે ('પરકમ્મા'-૫૬) સંભળાવેલું :

મોર્યે ન કીધી માધા!<br>
કાંઈયે મેં કમાઈ;<br>
ભલો થઈને ભાઈ!<br>
સામું જોને શામળા!

આખા ભારતમાં કેટલુંક તો જીભોજીભ એવું તરતું આવે છે કે કબીરમાંય મળે, ને આ પાલરવમાંય! -

વાગ્યાની તમને વગત, ઝાંઝર કીડીનાંય જે;<br>
દૈવ! ધાઉં દેતે સુણતા નથી શામળા?

કીડી ન કચરાય એવી ચિન્તાથી, એનો પદરવેય - એનાં પગનાં ઝાંઝર પણ - સાંભળનાર શામળો શું માણસનો પોકાર ના સાંભળે? એ પાલરવના 'કવિતાઓડકાર આમ આવી ગયા આ ટાણે!'

સંતવાણી અને વ્રતવાણી બેયમાં પણ પ્રવેશ થઈ ચૂક્યો હતો. ભાવનગરવાસે મોંઘીબા, પોતાની માતા, કમ્પોઝિટર હીરજી બારોટનાં 'ફૈબા,' એવાં એવાંના કરચલિયાળાં બોખે મોંએથી વ્રતકથાઓ 'કંકાવટી'એ ભરી હતી. સુરા બારોટ, રાવત જેબલીઆ, ચારણ ગગુભાઈ જેવા કૈંકને મળી મળીને હરિના દેશમાં પણ મનને વાળ્યું હતું :

'હરિનો દેશ તમને દેખાડું રે પાનબાઈ,<br>
જ્યાં નહિ રે વરણ ને વેશ રે!

*

રમીએં તો રંગમાં રમીએં રે પાનબાઈ!

*

વીજળીને ચમકારે મોતી પરોવવું પાનબાઈ! આવેલ અવસર તરત ઝડપવો. અને જીવનની મોટામાં મોટી ફિલસૂફી તો આટલી-અમથી આ જ :

રે'ણી થકી અધ્ધર ઉતારા પાનબાઈ,<br>
રે'ણી થકી પાર પોગી જવાય,<br>
રે'ણી તો સરવથી મોટી રે' પાનબાઈ,<br>
રે'ણી થકી મરજીવા બનાય!

કહેણી હોય યશવન્તી પણ રહેણી એવી ન હોય તો 'વાહવાહ' થાય, પણ મરજીવા ન બનાય. ચંદુલાલ બહેચરદાસ પટેલે ઘોઘાવદરના દાસી જીવણની યાત્રા કરાવેલી. એ ચમાર ભજનિકને રસ્તે જતાં જો ભજનની લે' લાગે તો બાવળિયાની શૂળ લઈ, ખાખરાનાં પાનમાં ભજન કોતરી લે, ને પછી ઘેરે આવીને મોંયે કરી લે!

આ જ વાત મળી રૉયલ એશિયાટિક સોસાયટીના મુંબઈના ગ્રંથાલયમાં આલ્ફ્રેડ વિલિયમ્સમાંથી. ફિલ્ડવર્ક ને ટેબલવર્ક હારોહાર્ય ચાલતાં હતાં. ગ્રંથાલયમાં 'ધ મિસ્ટિક્સ ઍન્ડ સેઈન્સ્ટ્સ ઑફ ઇન્ડિયા' વાંચ્યું. સંતો તો જબરા ક્રાન્તિકારો પણ. વલ્લભાચાર્ય, ચૈતન્ય, નાનક! દાસી જીવણ ને દક્ષિણના સંતો વચ્ચે કેટલું બધું સામ્ય! ત્યાંના દેવદાસ ને આપણા માર્ગીઓ! જાણે એક જ જમાત! અનુભવ જ પાકીને કવિતાનાં ફળરૂપે જાણે એક જ વૃક્ષેથી પડે છે! ચોપાસથી જેણે અનુભવ જ ભરભર કર્યો હોય - જીવનમાંથી ને પુસ્તકોમાંથી, સાંભળીને વાંચીને ને કરણથી, એનાં એને છ-સાત વર્ષમાં તો કેટલાં ફળો આપોઆપ મળ્યાં હોય! -૧૯૨૨ થી ૧૯૨૮ઃ સત્તાવીશ કૃતિઓ! રૂપાન્તરો- ભાષાન્તરો ને સર્જનોને બાદ કરતાં લોકસાહિત્યની જ કેટલી કૃતિઓ : પાંચ રસધારની, બે બહારવટીઆની (ત્રીજો ભાગ '૨૯માં), ત્રણ રઢિયાળી રાતની (ચોથી '૪૨માં), ચૂંદડી, હાલરડાં, એક પ્રવાસપોથી, ને લટકામાં વિવેચનલેખો, વ્યાખ્યાનો. એટલે જ, ૧૯૨૮થી ઉત્તમ સર્જનો માટેના - આપણે ત્યાંના ત્યારના તો નોબેલ જેટલા મહત્ત્વના - રણજિતરામ સુવર્ણચન્દ્રકનાં એ સાલથી જ શ્રીગણેશ મંડાયાં કે એમનું નામ પહેલું પડ્યું - 'અનામિકાધિષ્ઠિત'! '૨૯માં એ અપાયો.

એ પહેલાં જ લોકસાહિત્યની કામગીરી માટે વિદ્વાનોમાં પણ એમનું માન, એક વાર દીવાનબહાદુર કૃષ્ણલાલને મળવા મુંબઈ ગયેલા. એ કહે, 'ઝવેરચંદ, ડૉક્ટર જીવણજી મોદીનો આ કાગળ છે. સુરતમાં એમણે લગ્નગીતો સાંભળ્યાં. હવે એ વિષે વધુ જાણવા માગે છે. તું એમને મળ.' ચિઠ્ઠી આપી. 'ચૂંદડી'ની વાત કરી. તો એમણે નવો પ્રસ્તાવ મૂક્યો : અમારી એક સંસ્થા છે. 'જ્ઞાનપ્રસારક મંડળી.' વર્ષે છ વ્યાખ્યાનોનું સત્ર યોજીએ છીએ. આમ તો, છએ વ્યાખ્યાનો જુદા જુદા વક્તાઓ ને વિષયો પર હોય છે, પણ આ વર્ષે છ વ્યાખ્યાનો તું ન આપે?' અને, આવા મોટા વિદ્વાનનું વેણ નકારાય? કામ કામને શીખવશે એમ માનીને સ્વીકાર્યું. ચન્દ્રક મળ્યો ૧૯૨૯માં, એ પહેલાં આ વ્યાખ્યાનો સર જીવણજી મોદીની અધ્યક્ષતામાં મુંબઈમાં યોજાયાં. પંદર દિવસે એક, એમ ત્રણ માસ ચાલ્યાં. ભાવનગરથી એ માટે દર

પખવાડિયે મુંબઈ જાય.

મીઠો મેઘલ કંઠ ને રસપ્રદ શૈલી હતી એટલે વિના તૈયારીએય શ્રોતાઓને ડોલાવી શકત, પણ મનોરંજનને નહિ વસ્તુને જ વિશદ ને વિગતપૂર્ણ કરવાની નેમ, એટલે ખૂબ પૂર્વતૈયારી કરતાં- આ વિષયની મહત્તા સ્થાપવામાં, વર્ષો પછીનાં યુનિવર્સિટી-વ્યાખ્યાનોની બૌદ્ધિકોમાં અપેક્ષા ઊભી કરવામાં, વિષયની મહત્તાને ભણેલી પ્રજાને ચિત્તે ચોંપવામાં, લોકસાહિત્યમાં રસ-અભિરુચિ ઘડવામાં, એમની પોતાની આ વિષયની સજ્જતા વધારવામાં આ વ્યાખ્યાનોનો મોટો ફાળો ગણાય. વ્યાખ્યાનોમાં ન મોડા પડ્યા કે ન મોળા પડ્યા.

અરે, એક વાર તો એવું બન્યું : ત્રીજું વ્યાખ્યાન. ભાવનગરથી નીકળે તે પહેલાં એક સ્નેહીએ કામ ભળાવ્યું : 'મારી પુત્રી ને એના ધાવણા બાળને વઢવાણથી તમારી સંગાથે લેતા જજો; તાર કર્યો છે, તે સ્ટેશને સામા આવશે અમારા જમાઈ.'

લીધાં સાથે. પહોંચ્યાં ગ્રાન્ટરોડ. સામે કોઈ ન મળે! બહાર નીકળ્યાં. વિકટોરિયા જોઈ પૂછ્યું : 'આવું છે?'

'હા જી! બેસો. ક્યાં લઉં?'

'ભીંડીબજાર.'

'જી!'

વિકટોરિયા ચાલી. બધું જ સૂમસામ! બજારેય બંધ ને રસ્તો સ્મશાનવત્ છતાં પૂછવાનું ય ન સૂઝ્યું! મહમદઅલી રોડ પણ આખો વેરાન! એક ચૉગાનમાં એક ટોળું બેઠેલું. બાજુની ગલીમાં, જુમામસીદ પાસે, જવાનું. પહોંચ્યાં એ મકાને. મકાન બંધ. ઉપર ધાબે નજર ગઈ; ત્યાં કાં'ક સંચાર જોયો. બૂમ પાડી : 'અરે! ઉઘાડો... બહેનને લાવ્યો છું વઢવાણથી.' થોડી વારે ઝડપથી બારણું ખૂલ્યું, પત્નીબાળક-સામાન ફટોફટ અંદર લેવાયાં, ને કોઈ વિવેક/ઉપચાર વિના બારણાં પાછાં ફટોફટ દેવાઈ ગયાં! વિસ્મય પામ્યા.

બિસ્તર ખભે નાખ્યો ને ચાલવા માંડ્યું. ત્યાં સામેના ટોળામાંથી એક જણ, આવીને કહે, 'બિસ્તર ઊઠા લૂં 'સાહબ?' ને એને હજી 'ના'નો જવાબ આપ્યો ત્યાં તો ફટાક્ કરતી એક ટેક્સી આવી, અહીંથી ડ્રાઈવરે ડોકું કાઢીને અંદર બેસી જવા ઈશારો કર્યો, બેઠા કે ગાડી મારી મૂકી.

'ક્યાં જવું છે?'

'ધોબીગલી.'

'મરવા નીકળ્યા છો? જોયું નહિ, પેલા કોણ હતા તે? વેતરાઈ જાત!'

'હેં!'

''હેં' શું? - જાણતા નથી, હુલ્લડ ચાલે છે એ?' કોઈ હિતેચ્છુ સ્વજનની માફક એ જાણે વઢતો હતો! ધોબીગલીમાં ઉતાર્યા. ભાડું ચૂકવતાં ચૂકવતાં પુછાઈ ગયું : 'કેવા છો?'

'મુસલમાન.'

ત્યાં રહે ડોક્ટર મેઘાણી અને ખેતાણીબંધુઓ. એમણેય ઠપકો આપવા માંડ્યો.

'આવા હુલ્લડ વચ્ચે તે ભાષણ હોય? યોજકોએ જ બંધ રાખ્યું હશે.'

'મારે મંત્રીને પૂછી આવવું પડે.'

'ક્યાં પૂછવા જશો?'

'ગ્રાન્ટરોડ, પારસી કૉલોનીમાં.'

'શી રીતે જશો?'

'જુઓ, આ ભાઈબંધ છે'- કહીને ખિસ્સામાંથી રિવૉલ્વર કાઢીને બતાવી. પેલા મંત્રીને પૂછવા એ ને મણિભાઈ ખેતાણી ગયા. એ મહાશય પણ આવી જ ખોપરી! કહે : 'વ્યાખ્યાન તો આજે સાંજે છે જ.'

આપ્યું બેધડક!

'ર'ણી તો સરવથી મોટી રે પાનબાઈ!
રે'ણી થકી મરજીવા બનાય.'

ભજનનાં વેણ જીવનમાં વહેણ બનીને સહજ રીતે વહેતાં હતાં. નિરભેની મસ્તી હતી.

''તે દિવસે દિલમાં રંચ માત્ર ફફડાટ ન હતો. મુકાબલાનો મૉકો મળતાં, કતલખાનાના બકરા પેઠે નહિ જ મરવું પડે એવો મિજાજ મનનાં છિદ્રોને ભરી રહ્યો હતો.'' ('પરકમ્મા,' ૨૪૭)

એ વ્યાખ્યાનમાળાના છેલ્લા વ્યાખ્યાન માટે નીકળ્યા ત્યારે અમદાવાદથી ચંદ્રક લઈને સીધા પહોંચેલા; અધ્યક્ષ ડૉક્ટર મોદી એ જાણે. એટલે, વ્યાખ્યાન પતતાં જ મોદીસાહેબ આભારદર્શન માટે ઊઠ્યા ત્યારે, શ્રોતાઓ જુએ એમ, મેઘાણી પાસેથી પોતે ચન્દ્રક કઢાવ્યો, હાથમાં લીધો. અસ્સલ પારસી, એટલે સ્વભાવમાં જ રમૂજ હોય. સૌ દેખે એમ ચન્દ્રકને પંપાળતાં પંપાળતાં, શ્રોતાઓને બતાવતાં બતાવતાં, મેઘાણીને કહે, 'દીકરા! આ ચન્દ્રકથી તારી જવાબદારી વધી જાય છે. સંશોધન કરતો જ રહેજે. મલકાઈ જતો ના.' એ વેણ ગુરુમંત્રસમ વહાલાં હતાં.

સંશોધનની દિશાઓ ખૂલી ગઈ હતી. એ માટે સંબંધો બાંધવાની ને જાળવવાની કળા અવગત થઈ હતી. બારોટો ને ચારણો વગેરે સાથેના ઘરોબાની વાતો - એ કાગ, એ ચારણસમ્મેલન, એ બનાવટી દુહાઓને પકડી પાડવા, પેલી ચૌદ વરસની ચારણકન્યા, એ વીજલકોઠાની ને સાગરની જોખમી સફર... સંશોધન પગમાં, પંથમાં, ગ્રંથાલયોમાં, વાતોમાં ને ગીતોમાં બધે જ, કરવું હોય એને, હાથવગું જ હોય! જોખમની તૈયારી જોઈએ. પણ સાચ કદી જોખમથી બીતું નથી. (ક્રમશઃ)



# કલાવાર્તા

મહેન્દ્ર કડિયા



પક્ષીઓ અને છોડવાંઓ

યુવાન કલાકારોમાં જેમનું નામ અવશ્ય નોંધપાત્ર છે એવા મહેન્દ્ર કડિયાને હું છેલ્લાં વીસ વર્ષોથી જાણું છું. તેમના પિતાશ્રી દરજીનું કામ કરે છે અને ભાઈઓ નોકરી કરે છે. ભાઈ મહેન્દ્ર હાઈસ્કૂલમાં ચિત્રકલાના શિક્ષક તરીકે ઘણાં વર્ષોથી સેવા આપી રહ્યા છે. શિક્ષક તરીકે પણ તેમનો અભિગમ સર્જનાત્મક રહ્યો છે તેથી તેમના વિદ્યાર્થીઓમાં જે સર્ગશક્તિ રહેલી હોય છે તેને બહાર લાવવામાં તેઓ હંમેશ પ્રયત્નશીલ રહ્યા છે. અમદાવાદમાં વિઝ્યુઅલ આર્ટ સેન્ટરમાં ગોઠવાતાં પ્રદર્શનો અને નજીકમાં કનોરિયા આર્ટ સેન્ટરમાં ચાલતી સર્જનાત્મક કલાપ્રવૃત્તિઓની સાથે સતત સક્રિય રહે છે. મહેન્દ્રને નાનપણથી જ ચિત્રકલાનો શોખ એટલે સી.એન. કૉલેજ ઑફ ફાઈન આર્ટ્સમાં અભ્યાસ કરી ચિત્રકલા વિષયમાં જ ડિપ્લોમા પ્રાપ્ત કર્યો છે. અભ્યાસના ભાગરૂપે તેમણે જેસલમેરની કલાઓ જેવા, તે સમયે ખાસ જાણીતા ન થયેલા, વિષય પર શોધનિબંધ તૈયાર કર્યો હતો. વિદ્યાર્થીકાળ દરમિયાનની તેમની કારકિર્દી તેજસ્વી રહી.

તેમનું આકૃતિગત ડ્રૉઈંગ ખૂબ સશક્ત અને ખામીરહિત રહ્યું છે. મને હજુ પણ યાદ છે કે એમણે કાપડના એક મોટા પટ પર તૈયાર કરેલું માછીમાર સ્ત્રીના માછલીઓ સાથેના રંગીન ચિત્રમાં માછણનું જે ડ્રૉઈંગ હતું તે ખૂબ જ આકર્ષક, સપ્રમાણ અને ભારતીય હતું. ત્યાર પછી તો મહેન્દ્ર કડિયા અભિવ્યક્તિવાદી શૈલીથી ખૂબ પ્રભાવિત થયા.

નાનપણથી જ મહેન્દ્રને ચકલીઓ નિહાળવી ગમે. તેમની ચીંચીંચીંચીંનો કલબલાટ સાંભળ્યા કરે અને તેમની ક્રિયાઓ ખૂબ ધ્યાનપૂર્વક નિહાળ્યા કરે. આ ચકલીઓનું વિશ્વ તેમના મનના ઊંડા પ્રદેશોમાં ઘર કરી ગયું. અને તે સ્મૃતિઓમાંથી સર્જાયું છેલ્લાં કેટલાંક વર્ષોથી સતત એકધારું ચકલીઓનું વિશ્વ. મોટા કદના કૅનવાસ પર શરૂઆતનાં અને ઇમ્પિરિયલ કદના કાગળો પર તેમણે ચકલીઓનાં જે ચિત્રો સર્જ્યાં તેમાં કોઈ જંગલની ગીચતાનાં દર્શન થાય અને આ ગીચતામાંથી ધીમે ધીમે બારીકાઈથી જોતા જઈએ તો ચકલીઓનાં રંગરૂપો બહાર આવતાં જાય! પહેલી નજરે તો સમગ્ર ચિત્ર ગૂંચવાડાભર્યું, પીંછીઓના અનેક ઝડપી સ્ટ્રોક્સથી સર્જાયેલું લાગે. તેમના બ્રશસ્ટ્રોક્સમાં શક્તિ અને ગતિ છે. જે

પક્ષીવૃંદ



બે પંખીઓ






અમેરિકન ચિત્રકાર જૅક્સન પૉલોકનાં એક્સપ્રેશનિસ્ટ, એક્શન ચિત્રોની યાદ આપે છે. કદાચ બંનેની ટેક્નિકમાં સામ્ય પણ દેખાય, છતાં મહેન્દ્રે પોતાનાં ચિત્રોમાં આ ટેક્નિકને પોતાની આગવી રીતે આત્મસાત્ કરી છે. તેની નકલ કરી નથી. આ જ કારણે તેનાં ચિત્રોની ખૂબ પ્રશંસા થઈ અને તે ચિત્રોએ ગુજરાત રાજ્ય કલા અકાદમીનાં ઇનામો તથા રાષ્ટ્રિય કક્ષાનો ઍવૉર્ડ પ્રાપ્ત કર્યો છે. હાલમાં તેઓ દિલ્હી લલિતકલા અકાદમીની કાર્યકારી કમિટીના સક્રિય સભ્ય છે.

પાછળથી મહેન્દ્રે તેમનાં ગૂંચવાડાભર્યાં લાગતાં ચિત્રોને સરળ કર્યાં અને ઘણી બધી ચકલીઓનાં જૂથોની જગ્યાએ બે-ત્રણ ચકલીઓનાં જૂથોવાળાં ચિત્રો કર્યાં. આ સરલીકરણને કારણે ચિત્રોનો દશ્ય પ્રભાવ વધ્યો. વળી, તેમણે થોડાં બ્લૅક ઍન્ડ વ્હાઈટ્સ લાઈન-ડ્રૉઈંગ જેવાં લાગતાં ચિત્રો પણ કર્યાં, કે જેની એમ.એફ. હુસેને ખૂબ ખૂબ પ્રશંસા કરીને આવાં ડ્રૉઈંગમાં પણ ટપકાંઓ, રેખાના આવેગો તરત જ ધ્યાન ખેંચે છે. તેમણે તેમનાં ચકલીઓનાં ચિત્રોમાં પાછળથી ઊડતી ચકલીઓનાં મોંમાંથી હવામાં-અવકાશમાં પડતાં ઘાસનાં તણખલાં, દાણાઓ જેવાં તત્ત્વો પણ ઉમેર્યાં. આ રીતે મહેન્દ્ર કડિયાની પ્રભાવશાળી રેખાઓ, સૂક્ષ્મ નિરીક્ષણ અને રંગરેખાની સપ્રમાણતા સરાહનીય છે. - બંસીલાલ દલાલ

## સ્વ. જયંત સિદ્ધપુરા

૨૨મી ડિસેમ્બર ૧૯૯૫ના રોજ 'ટૉપ વ્યૂ'ના સર્જક શ્રી જયંત સિદ્ધપુરાનું હૃદય રોગથી અવસાન થયું.



મૂળ વતન તો શિહોર (ભાવનગર) પણ વ્યવસાય અર્થે મુંબઈ જઈ વસેલા, પિતાની ઇચ્છા તો તેમને ઇજનેર બનાવવાની પણ એમણે ચિત્રકલાની જુદી જ કેડી કંડારી. એમનો જન્મ ૨૯મી ડિસેમ્બર ૧૯૩૫માં. પિતાના એ એકના એક પુત્ર હોવાથી પિતાના એકાએક અવસાનથી ૨૧ વર્ષની વયે એમના પર કુટુંબનો ભાર વેંઢારવાની જવાબદારી આવી પડી. મુંબઈની શેઠ જી. ટી. હાઈસ્કૂલમાં પાર્ટટાઈમ ચિત્રશિક્ષકની નોકરી સ્વીકારી. આવી નોકરી માટે માત્ર આવડત જ પર્યાપ્ત નથી ગણાતી. એ માટે ખાતું જરૂરી પ્રમાણપત્રો પણ માગે છે અને અહીંથી જ જયંતભાઈની સંઘર્ષયાત્રા શરૂ થઈ.

ફાજલ સમયમાં કલાશાળામાં અભ્યાસ કરી ૧૯૫૯માં ડી.ટી.સી.ની પરીક્ષા આપી. ત્યાર પછી ક્રમેક્રમે પોતાનો કલાભ્યાસ વધારતા જઈ તેમણે જે લાયકાતો પ્રાપ્ત કરી તે જોઈએ તો તેમની જ્ઞાનપિપાસાનો કંઈક ખ્યાલ આવશે. ડી.ટી.સી. પછી એચ.ટી.સી., આર્ટ માસ્ટર, પેઈન્ટિંગ ડિપ્લોમા, ઓડિયો વિઝ્યુઅલ, પપેટ્રી, ગ્રાફિક આર્ટ્સ (બરોડા), ઇન્ટીરિઅર ડેકોરેશન, ટેલિડર્મિસ ફોટોગ્રાફી અને છેલ્લે ૧૯૮૪માં એન.સી.આર.ટી. દિલ્હીનો ટેપ સ્લાઈડ પ્રોગ્રામનો અભ્યાસ કરેલો.

કારકિર્દીનો આરંભ ચિત્રશિક્ષક બનવાથી કરીને છેલ્લે મુંબઈની જાણીતી મહિલા વિદ્યાપીઠ એસ.એન.ડી.ટી.ના ટેક્નિકલ એડ્યુકેશન વિભાગમાં ગ્રાફિક્સના વ્યાખ્યાતાને સ્થાને સેવા આપતા હતા.

એમની ચિત્રસાધના માધ્યમ તેમજ અભિવ્યક્તિની દૃષ્ટિએ વૈવિધ્યભરી હતી. જલરંગ, તૈલરંગો, કોલાજ, ધાતુ તથા એક્રેલિક શીટ્સ ઇત્યાદિ માધ્યમોમાં તેમણે વિપુલ પ્રમાણમાં સર્જન કરેલું. ભારતીય પુરાણો તેમનો પ્રિય વિષય હતો. સંસ્કૃત સાહિત્યની કૃતિઓ પર આધારિત અનેક ચિત્રમાળાઓ તૈયાર કરેલી. ગણેશનાં એમણે વિવિધ રીતે અસંખ્ય ચિત્રો કરેલાં અને 'વિનાયક' નામે એ ચિત્રોનાં જ તેમણે બે તો વનમૅન શો કરેલા. આ શ્રેણીનાં કેટલાંક ચિત્રો 'કુમાર'માં પ્રકટ થયાં હતાં.

પણ તેઓ વિશેષ ખ્યાત છે એમના 'ટૉપ વ્યૂ' ચિત્રોથી. ચિત્રવિષયને અન્ય કોઈ બાજુથી નિહાળવાને બદલે ટૉપ ઍંગલથી નિહાળીને એમણે અનેક ચિત્રો કરેલાં તે તેમના વિશિષ્ટ દૃષ્ટિકોણને લીધે પ્રશંસા પામેલાં. એની નવીનતાભરી રજૂઆતે સારો રસ જગાડેલો.

અનેક નિજી પ્રદર્શનો કરી ચૂકેલા. તેમની કૃતિઓ પારિતોષિકો પણ પામી. એર ઇન્ડિયાથી માંડીને નેશનલ ગૅલરી ઑફ મૉડર્ન આર્ટ તથા દેશપરદેશની અનેક સંસ્થાઓ તથા વ્યક્તિગત કલાસંગ્રહોમાં એમની કૃતિઓ સંઘરાઈ છે. અનેક લબ્ધપ્રતિષ્ઠ સામયિકોમાં એમનાં વિવિધ ચિત્રો પ્રકટ થયાં છે. 'કુમાર' જેવા સામયિકમાં એમણે અનેક કલાકારોના પરિચયો લખેલા છે. વિવિધ કલાપ્રવૃત્તિઓ તથા સામાજિક સંસ્થાઓ સાથે તેઓ સંલગ્ન રહ્યા હતા. શ્રી ઘનશ્યામદાસ બીરલા જેવા વયોવૃદ્ધ અગ્રણીએ એમની પાસે ચિત્રસાધના કરેલી તે તેમના જીવનનું એક સંભારણું બની રહેલું. શિહોર મિત્રમંડળ તથા અભિવાદન ટ્રસ્ટે ૧૯૮૭ તથા ૧૯૮૮માં એમનું સન્માન પણ કરેલું. □

# પ્રસંગપરાગ

## તેજ ગયાં ને –

મુંબઈ યુનિવર્સિટી મૅટ્રિકની પરીક્ષા લેતી એ જમાનાની આ વાત છે. જાન્યુઆરી માસમાં મૅટ્રિકની પ્રિલિમિનરી પરીક્ષા શાળા લે અને વિદ્યાર્થીનું પરિણામ સંતોષકારક હોય તો જ તેનું યુનિવર્સિટીની પરીક્ષામાં બેસવાનું ફૉર્મ ભરી શકાય. ભાવનગરની આલ્ફ્રેડ હાઈ સ્કૂલમાં ભણતા બે વિદ્યાર્થીઓના ગણિતની પરીક્ષામાં ઘણા જ ઓછા માર્ક્સ આવ્યા. તેમ છતાં બીજા વિષયોનું પરિણામ સારું હોવાને કારણે તેઓનું ફૉર્મ ભરાયું. તે વખતે આલ્ફ્રેડ હાઈ સ્કૂલમાં શ્રી કે. વી. દોશી નામના શિક્ષક ગણિત શીખવે. આ બે વિદ્યાર્થીઓ શ્રી દોશીસાહેબ પાસે ગયા અને સસંકોચ કહ્યું, 'સાહેબ, અમને ગણિત શીખવશો?' અલબત્ત, ખાનગી ટ્યુશનના ધોરણે. શ્રી દોશીએ હા પાડી. 'સાહેબ, ફી કેટલી?' વિદ્યાર્થીઓએ પૂછ્યું. શ્રી દોશીસાહેબે જવાબ આપ્યો, 'મારે ઘેર રાત્રે આઠ વાગે આવવાનું અને મહિને દસ રૂપિયા આપવાના.' વાત નક્કી થઈ. ભણવા-ભણાવવાનું કામ શરૂ થયું. મહિનો પૂરો થયો. ફીની રકમ દસ-દસ એમ મળીને કુલ રૂપિયા વીસ લઈને બન્ને વિદ્યાર્થી ગયા અને શ્રી દોશી પાસે આ રકમ મૂકી. શ્રી દોશી થોડી વાર નોટો તરફ જોઈ રહ્યા અને પછી મોટે અવાજે બોલ્યા, 'છોકરાઓ, તમારા બાપા પાસે ખૂબ પૈસા છે?' છોકરાઓ કહે, 'ના સાહેબ.' 'તો આટલા બમણા પૈસા કેમ લઈ આવ્યા?' શ્રી દોશીસાહેબે પૂછ્યું વિદ્યાર્થીઓ. કહે, 'એકના દસ રૂપિયા એટલે બેના વીસ જ થાય ને!' શ્રી દોશીએ કહ્યું, 'તમારી ગેરસમજ થાય છે. મેં તો બેના ભેગા મળીને દસ રૂપિયા કહ્યા હતા.' એમ કહીને રૂપિયા દસની એક નોટ પરત કરી. આ જમાનાના વિત્તને જ પ્રાધાન્ય આપતા અને શિક્ષણકાર્યને ગૌણ સમજતા શિક્ષકો ક્યાં અને એ જમાનાના માત્ર શિક્ષણને જ કેન્દ્રમાં રાખી શિક્ષણકાર્ય કરતા શિક્ષકો ક્યાં? શ્રી દોશીસાહેબ જેવા એ જમાનાના શિક્ષકોને 'Hats off' કહેવાનું સહેજેય મન થઈ જાય છે.

*

એક બીજો પ્રસંગ - સાલ સ્મૃતિમાં નથી. પણ ઑક્ટોબર માસની બીજી તારીખ અને દેશી મહિનો ભાદરવો એ તો બરાબર યાદ છે. એ વખતે ભાવનગરની શામળદાસ કૉલેજના પ્રિન્સિપાલ હતા શ્રી ટી. કે. શાહણી. બીજી ઑક્ટોબર એટલે મહાત્મા ગાંધીજીનો જન્મદિવસ. શહેરના કેટલાક કહેવાતા કોન્ગ્રેસ કાર્યકરોએ શામળદાસ કોલેજની હૉસ્ટેલ્સમાં રહેતા વિદ્યાર્થીઓને ચગવ્યા અને બીજી ઑક્ટોબરે ગાંધી-જન્મદિન નિમિત્તે હડતાલ પાડવા ઉશ્કેર્યા. હૉસ્ટેલ્સના રસોડે જમી કરીને કોલેજમાં જવાની તૈયારી કરવાને બદલે લોબીમાં, રૂમમાં કે હોસ્ટેલ્સના પ્રાંગણમાં એમ નાના-નાના જૂથમાં ટોળે મળીને હડતાલના મિજાજમાં આવી ગયા. આ સમાચાર હૉસ્ટેલ્સની બરાબર સામે જ બંગલામાં રહેતા પ્રિન્સિપાલ શાહણીને કાને પડ્યા. દસ સવાદસ વાગે તૈયાર થઈને, મક્કમ પગલે તેઓએ હોસ્ટેલ્સ તરફ ડગ માંડ્યાં. વિશિષ્ટ વ્યક્તિઓનો પોશાક પણ વિશિષ્ટ હોય છે. 'Style is the Man' ભાવનગરની જેલના કેદીઓના હાથે વણેલી જાડી ગજીનું બૂટથી સહેજ ઊંચું રહેતું સફેદ બાસ્તા જેવું પાટલૂન અને એવો જ બંધ કોલરનો કોટ અને માથે સોલ હેટ. પ્રિન્સિપાલ શાહણીને હોસ્ટેલ્સ તરફ આવતા જોઈ વિદ્યાર્થીઓ ટપોટપ અડધાં બારણાં બંધ કરીને બેસી ગયા. પ્રિન્સિપાલ શાહણી હૉસ્ટેલ્સના પ્રાંગણની વચ્ચોવચ માથેથી સોલો હેટ ઉતારી, બગલમાં ભરાવીને દૃઢ અને બુલંદ અવાજે બોલ્યા, 'My boys, my friends be bold and come out.' રૂમનાં બારણાં ફટાફટ ઊઘડી ગયાં અને બધા જ છાત્રો લૉબીમાં આવીને ઊભા રહ્યા. શ્રી શાહણીએ દૃઢ અવાજે તેમને સંબોધ્યા, 'My boys, do you think that I have less respect and regard for Mahatma Gandhi than anyone of you? Every year our college celebrates 'Rantia Baras' as Gandhiji's Birthday and this year also we are going to celebrate it on 'Rantia Baras' as per our tradition but not today.' મક્કમ અવાજને વધારે કડક બનાવી આગળ બોલ્યા, 'I say go to the college and attend your classes otherwise vacate the hostel and I will lock the college from tomorrow for you.' આટલું કહીને બગલમાંનો સોલોહેટ માથે ચડાવી દૃઢ પગલે કૉલેજ તરફ વળ્યા. બધા જ છાત્રો અગિયાર વાગે કૉલેજનો ઘંટ રણકે તે પહેલાં તૈયાર થઈને કૉલેજમાં પહોંચી ગયા અને વર્ગમાં બેસી ગયા.

તે વખતે Inter Artsમાં એડમન બર્કનું 'Speeches on American Taxation' પાઠ્યપુસ્તક અભ્યાસક્રમમાં અને તે પ્રિન્સિપાલ શાહણી ભણાવે. Inter Arts અને Inter Scienceના વર્ગો ભેગા કરીને ઘંટ વાગ્યો તેવા જ પ્રિન્સિપાલ શાહણી ઓફિસમાંથી નીકળી આ વર્ગમાં ગયા 'My Boys I appreciate your spirit, thank you.' એમ કહી આખા વર્ગ પર એક સમગ્ર નજર ફેરવી મંદ સ્મિત ફરકાવી સીધા જ તેમના વિષય એડમન બર્ક પર આવી ગયા. આવી હતી બ્રિટિશ સામ્રાજ્યની હકૂમત નીચેના એક દેશી રજવાડાની કૉલેજના પગારદાર પ્રિન્સિપાલની રાષ્ટ્રભક્તિ અને આવી હતી શિસ્તપાલન માટેનો દૃઢાગ્રહતા. વિદ્યાર્થીઓનાં નાનાં-નાનાં આંદોલનો સામે ઝૂકી પડતા આજના વામણા આચાર્યો ક્યાં અને એ જમાનાના મૂઠી ઊંચેરા મર્દ આચાર્યો ક્યાં? નિસાસા સાથે કહેવાઈ જાય છે કે તેજ ગયાં ને લિસોટા રહ્યા.

- ધનુભાઈ મહેતા

ઈ. ૧૭૫૭ના પલાશીના યુદ્ધમાં અંગ્રેજો દગાફટકાથી જીત્યા છતાં અહીંની પ્રજાની નફરત તેમના પ્રત્યે જરા ય ઓછી થવા નહોતી પામી એ ત્યાર પછીના સંન્યાસીઓ અને ફકીરોના બંડે દર્શાવી આપેલું. પરંતુ ત્યાર પછીનું વહાબી આંદોલન પણ એ નફરતનો જ એક ભાગ હતું. વાયવ્ય સરહદના પ્રાન્તથી શરૂ થઈ આ વહાબી આંદોલન છેક પટણા સુધી પહોંચેલું. વહાબીઓ ૧૮૫૦ અને ૧૮૬૦ની વચ્ચે સરહદ પ્રાન્તને 'વહાબી પ્રદેશ' પણ જાહેર કરી ચૂકેલા. અંગ્રેજોએ ૧૮૫૨થી ૧૮૬૮ સુધીમાં લશ્કરી બળે આ આંદોલન કચડી નાખી સંખ્યાબંધ વહાબીઓને ગિરફતાર કરી અંબાલા અને પટણા મુકામે તેમની સામે મુકદ્દમો ચલાવી તેમાંના મોટા ભાગનાને કાળાં પાણીની સજાએ આંદામાન મોકલી આપ્યા, જેમાંનો એક કેદી શેરઅલી નામનો પઠાણ હતો.

શેરઅલીએ બહારથી તો અંગ્રેજોના કહ્યાગરા રહેવાનો ડોળ કરીને કેદી તરીકે કેટલીક છૂટછાટ મેળવી, જેલ અધિકારીઓ પણ તેના પર ખુશ રહેવા લાગ્યા, પણ તેના હૈયામાં તો વેરનો જ્વાળામુખી ધૂંધવાઈ રહ્યો હતો. એવામાં ત્યારના ગવર્નર જનરલ લૉર્ડ મેયો આંદામાનની મુલાકાતે આવતા હોવાની જાહેરાત થતાં શેરઅલી તો રોમેરોમે હર્ષિત થઈ ઊઠ્યો. ભારતમાંના બ્રિટિશોના સર્વોચ્ચ પ્રતિનિધિ કરતાં બદલો લેવા માટે બીજી ઉત્તમ વ્યક્તિ કઈ મળે?

લૉર્ડ મેયો હોપટાઉનના ફુરજા પર ઊતરીને માઉન્ટ હેરોટ તરફ આગળ વધ્યો તેવો જ પોતાને કેદી તરીકે મળેલ છૂટનો લાભ લઈ પહાડના એક ખડક પાછળ છુપાયેલો શેરઅલી છરા સાથે ધસી આવ્યો અને લૉર્ડ મેયોના અંગરક્ષકો કંઈ કરે તે પહેલાં તો તે હુલાવી દેતાં લૉર્ડ મેયો લોહીલુહાણ બની ત્યાં જ ઢળી પડી મૃત્યુ પામ્યો.

આ પછીનું પોતાનું ભવિતવ્ય તો શેરઅલી પહેલેથી જ જાણતો હતો. તેને તરત પકડી લેવામાં આવ્યો અને ઈ. ૧૮૭૨ના ફેબ્રુઆરીની ૮મીએ પોર્ટબ્લેર નજીકના વાઈપર ટાપુ પર ફાંસીએ લટકાવી દેવામાં આવ્યો.

*

મુગલ સમ્રાટ ઔરંગઝેબની સામે પડીને શિવાજીએ મહારાષ્ટ્રનો સારો એવો પ્રદેશ કબજે કર્યા છતાં તેમણે પોતાનો રાજ્યાભિષેક કરાવી પોતાને રાજા જાહેર નહોતા કર્યા, કારણ કે તે માટે તે જાતે ક્ષત્રિય હોવાનું પુરવાર થાય તો જ બ્રાહ્મણો તેમના રાજ્યાભિષેક માટે તૈયાર થાય તેમ હતું.

વેદોપનિષદો જેટલા જ ઇતિહાસ-પુરાણોમાં પારંગત કાશીવાસી ગાગાભટ્ટના કાને આ વાત પહોંચી. તેમનું મૂળ નામ વિશ્વેશ્વર, પરંતુ તે જમાનાના એ વ્યાસ ગણાતા અને સૌકોઈ ગાગાભટ્ટને 'બ્રહ્મદેવ' તરીકે સંબોધતા. તેમણે તલાવગાહી સંશોધન દ્વારા એ સાબિત કરી બતાવ્યું કે શિવાજીની વંશપરંપરા ઉદેપુરના સૂર્યવંશી મહારાણાઓની વંશપરંપરા સાથે સંબંધ ધરાવતી હતી અને શ્રી રામચન્દ્રજીના સૂર્યવંશી કુળના તે પ્રતિનિધિ હતા.

શિવાજીના ક્ષત્રિયત્વની આ જાહેરાત સાથે જ રાયગઢના કિલ્લામાં રાજ્યાભિષેકની તૈયારી થઈ. ગાગાભટ્ટને કાશીથી રાયગઢ બોલાવી લેવામાં આવ્યા, સાથે ભારતભરના વિદ્વાન બ્રાહ્મણોને, જેમની સંખ્યા તેમનાં સ્ત્રીબાળકો સાથે અડધા લાખથી ઉપર હતી.

ગાગાભટ્ટે જ ૧૬૭૪ના મેની ૨૮મીએ શિવાજીનો ઉપનયન સંસ્કાર કર્યો, અને બીજે દિવસે તેમની બે પત્નીઓ સાથે વૈદિક વિધિ અનુસાર ફરી લગ્ન કર્યા બાદ શિવાજીને ગંગાજળથી સ્નાન કરાવી, સોનું, ચાંદી, તાંબુ વગેરે વિવિધ ધાતુઓ તથા કપૂર, સાકર વગેરે વસ્તુઓથી તેમને તોળીને તુલાદાન કરવામાં આવ્યું. તા. ૬ઠ્ઠી જૂનના રોજ શિવાજીનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો. ગાગાભટ્ટે શિવાજીને 'છત્રપતિ' તરીકે સંબોધ્યા, બ્રાહ્મણોએ મંત્રોચ્ચાર કરી આશીર્વાદ આપ્યા, તે સાથે જ 'છત્રપતિ શિવાજી મહારાજની જય'ના ગગનભેદી પોકારો ગાજી ઊઠ્યા. પ્રથમથી આપી રાખવામાં આવેલી સૂચના મુજબ નિયત સમયે રાજ્યના દરેક કિલ્લા પરથી તોપો ફોડવામાં આવી.

રાજ્યાભિષેકના આ પ્રસંગે ગાગાભટ્ટને પાંચ હજાર હોન (સુવર્ણમુદ્રા) તથા હરેક બ્રાહ્મણને સો-સો હોનની દક્ષિણા ઉપરાંત ભિખારીઓને પણ સારી પેઠે દાન કરવામાં આવ્યું. □

અશોક હર્ષ

# અડકો દડકો

## સરગમ સસલું

યોસેફ મૅકવાન

એક હતું સસલું. એનું નામ સરગમ.

સરગમ એક દિવસ નદીકાંઠે ટહેલતું હતું. ઊછળ-કૂદ કરતું હતું. છલાંગ મારતું ચઢી ગયું એક ભેખડ પર. ચારે તરફ નજર ફેરવતું બોલ્યું, 'વાહ! કેટલું મજાનું લાગે છે... નદી... પેલો પુલ... મકાનો...!'

એટલામાં એની નજર દૂર પાણીમાં હોડી તરતી જતી હતી એની પર પડી. એને મનમાં થયું. આ શું હશે? લાવ, જોઉં તો ખરું!

સરગમ કિનારે દોડ્યું. જઈને જુએ છે તો હોડીમાં ત્રણચાર માણસો બેઠા છે. હોડી હાંકનાર મસ્તીથી ગીત ગાય છે.

સરગમને થયું.... અરેરેરે! આવું ટહેલવાનું મને મળે તો...? કેવું દેખાતું હશે પાણીમાંથી આ બધું... આ ઝાડ... પેલા ડુંગર... પેલો પુલ.... પેલાં મકાનો! કેવું લાગતું હશે હેં!

આમ વિચારતું સરગમ કાંઠે દોડતું.... પાછું વળીને હોડી જોતું પાછું ફર્યું. રસ્તામાં એને મળ્યો કલ્લુ કૂતરો.

કલ્લુ કહે, 'વાઉ! સરગમ. બહુ દિવસે કંઈ આ તરફ?'

'અરે દોસ્ત! હું તો પેલું નદી પર તરે છે એ જોવા ગયો'તો!'

'શું જોવા ગયો'તો?'

'પે...લું! જો ત્યાં...' બોલતાં દૂર સરકતી હોડી બતાવી. 'પાણી પર એ શું તરે છે, હેં?'

કલ્લુ કૂતરો એ જોતાં હસીને બોલ્યો, 'વાઉ! એ તો હોડી! હોડીમાં માણસો બેસે ને મોજ કરે. આ કાંઠેથી પેલે કાંઠે જાય. હુંય એક વાર બેઠેલો. વાઉ! મજા પડે. મારું બેટું... આ માણસોય ખરા ખેલ કાઢે છે!'

'દોસ્ત કલ્લુ! મારેય મજા લેવી છે. પણ માણસ? ના...ના... મને મારી નાખે. આપણે તો આપણી હોડી હોય તો-'

કલ્લુ કૂતરો કંઈ વિચારમાં ડૂબ્યો.

'કેમ દોસ્ત! શું વિચારે છે, હેં?'

'વાઉ! યાદ આવ્યું સરગમ! હું કાલે તારે માટે ગોળ ગોળ હોડી લાવીશ. તું મને અહીં મળજે.'

'ગોળ ગોળ હોડી?'

'હા, ગોળ ગોળ કાળી હોડી.' 'મારે માટે લાવીશ તું?'

'હા... મારી પાસે એક આઇડિયા છે. વાઉ વાઉ! તું જોજે તો ખરો!' અને 'બાય સરગમ' કહી કલ્લુ દોડી ગયો પુલ તરફ.

સરગમને થતું ક્યારે રાત પડે...ને કાલ થાય...ને કલ્લુને મળું!

બીજો દિવસ થયો. સરગમ તો કલ્લુના કહ્યા પ્રમાણે નદીકાંઠે આવી બેઠું. પાસેની ભેખડ પર, દૂર દૂર નજર નાખતું. ક્યાંય કલ્લુ દેખાય છે?


એટલામાં નદીમાં તેને કશું તરતું દેખાયું. સરગમે જોયું - અરે આ તો કલ્લુ કૂતરો!

એટલામાં કલ્લુનો અવાજ પણ સંભળાયો. 'સરગમ! હોડી... તારે માટે.'

સરગમે જોયું ને પહોળી આંખે પૂછ્યું, 'હોડી આવી હોય?'

'આ તો છે સ્કૂટરની ટ્યૂબ!'

'એ વળી શું?'



'એ તને નહિ સમજાય. શહેરમાં માણસ સ્કૂટર ચલાવે છે એના ટાયરમાં આવી ટ્યૂબ હોય. હવા ભરો એટલે ફૂલે. ફૂલે એટલે સ્કૂટર સહેલાઈથી ચાલે!'

'એ કલ્લુ, મને સ્કૂટર બતાડને... આપણેય બેસીએ કોઈ વાર!' સરગમ છલાંગ મારી થનગની ઊઠ્યું.

'વાઉ! એ પછી. પહેલાં ચાલ. ટ્યૂબની હોડીમાં બેસી તો જો!' કલ્લુએ ટ્યૂબને કાંઠે અટકાવી ઊતરતાં કહ્યું.

'એય કલ્લુ! આ લાલ-પીળી દોરી જેવું શું છે?' સરગમે પૂછ્યું.

'વાઉ! એ તો ટાયર પર મેં પ્લાસ્ટિકની દોરી ગૂંથી છે. તે મજાનું બેસવાનું થાય ને! લે ચાલ!'

'મને તો બીક લાગે છે. મારે નથી બેસવું. ડૂબી જવાય તો!'

'વાઉ!' કલ્લું થોડો ગુસ્સે ભરાયો, બોલ્યો, 'લે, હું એમાં બેસીને છેકથી ના આયો, ચાલ હવે... તારે માટે આટલું કરું છું ને તું તો જો ડરપોક!'

સરગમનો હાથ પકડી કલ્લુએ તેને ટાયરની હોડીમાં બેસાડ્યું.

'કલ્લુ, પડી નહિ જવાયને પાણીમાં?'

'ના યાર, ડરે છે શું? હુંય તારી સાથે જ છું ને?' કલ્લુ હસ્યો.

સરગમ હિમ્મત કરી ટાયરની હોડીમાં બેઠું. કલ્લુએ તેને પાટિયું પકડાવ્યું. હલ્લેસાં મારતાં શીખવ્યું. ટાયરની હોડી જરા ડગમગી. સરગમ ગભરાયું. પછી હસ્યું. વળી હલેસું માર્યું 'હોડી ચાલી. સરગમને મજા પડી. બન્ને જણાં ગમ્મત કરતાં સામે કાઠે પહોંચ્યાં.'

'અરે બહુ મજા કરાવી, કલ્લુ!' સરગમ ઉત્સાહમાં બોલ્યું, 'થૅન્ક યૂ વેરી મચ, ડિયર કલ્લુ!'

કલ્લુ કહે, 'નો થૅન્ક યૂ! સરગમ ખુશ એટલે આપણે ખુશ. તને મજા પડીને! વાઉ વાઉ!'

સરગમ કહે, 'કલ્લુ. હું એકલું હોડી

ચલાવું. તું કાંઠે કાંઠે સાથે દોડ!'

કલ્લુ કહે, 'વાઉ! આવી ગઈ ને હિમ્મત. ચાલ જા હોડીમાં. હું કાંઠે કાંઠે રહું છું તારી સાથે!'

સરગમ હોડીમાં બેઠું. હલેસાં મારવા લાગ્યું. હોડી સરરર સરકવા લાગી. તેને ગાવાનો ઉમળકો થયો. ગાવા લાગ્યું.

હોડી હલકે હલકે ચાલે,
સરગમ એમાં બેઠું મ્હાલે,
ટર્ ટમ્ ટમ્... ટર્ ટમ્ ટમ્
હું છું રાજા સરગમ...

આમ, સરગમ હોડી હંકારતાં મસ્તીથી ગાતું હતું. ત્યાં ટાયરમાંથી હવા ઓછી થતી હોય એમ એને લાગ્યું. અરે હા. હવા ઓછી જ થાય છે તો... એણે કાંઠે દોડતાં કલ્લુને બૂમ પાડી, 'કલ્લુ, આમાંથી હવા નીકળે છે, હવે?'

'વાઉ... વાઉ! ના હોય! સરગમ, હિમ્મત ન હાર. હું ઉપાય સોચું છું.' કલ્લુ કૂતરો કિનારે હાંફતો સરગમને જોતો ઊંચોનીચો થતો હતો.

સરગમ ગભરાયું. 'હવે? હું ડૂબી જઈશ. અરેરે! મને આવું સાહસ ક્યાંથી સૂઝ્યું?' ત્યાં તો સરગમની હોડી પાસે જ કાચબાએ ડોકું કાઢ્યું. કાચબો બોલ્યો, 'કેમ સરગમ રાજા... અબ તો મેરે મુંહ મેં આજા!'

સરગમને થયું આપણા રામ રમી ગયા. તેણે જેમ બને તેમ જલદી હોડીને કિનારા તરફ લીધી. ત્યાં કિનારાની પાસે મગરને જોયો. મોં ખુલ્લું કરીને પાણી પર તરતો હતો.

'ઓ બાપ રે!' સરગમથી ચીસ નીકળી ગઈ. હોડી ઝડપથી કિનારે હંકારવા લાગ્યું. બધી હિમ્મત એકઠી કરી ડૂબતી હોડીમાંથી એણે છલાંગ મારી તે સીધું મગરની પીઠ પર. મગર મોં આમ તેમ કરી જુએ; કંઈ સમજે એ પહેલાં વળી એણે છલાંગ મારી તે જઈ પડ્યું કાંઠે. તરત ઊઠીને ભેખડ પર ચડી ગયું. હાંફવા લાગ્યું. કલ્લુ પણ આવી ગયો. બોલ્યો, 'વાઉ! સરગમ દોસ્ત આજે તું બચી ગયું!'

સરગમ હાંફતાં... બેસતાં બોલ્યું, 'હા યાર. જો મેં મારી શક્તિનો ઉપયોગ ન કર્યો હોત... તો...'

ત્યાં એક ચકલી આવી ને સરગમ તથા કલ્લુની સામે ઘાસમાં બેઠી. બોલી, 'સરગમ, તું બહાદુર છે... હું પેલા ઝાડની ડાળે બેઠી બેઠી તને જોઈ રહી હતી. તારી હિમ્મત પર હું ખુશ છું. મને દોસ્ત બનાવીશ!'

સરગમે અને કલ્લુએ એકબીજા સામે જોયું. પછી બન્ને બોલ્યા, 'આજથી તું અમારી દોસ્ત! બસ.! પણ તારું નામ?'

'મારું નામ...?' ચકલી બોલી, 'મારું નામ ચબૂક ચકલી!'

'વાઉ' ચબૂક ચકલી... વાઉ!' કલ્લુ બોલીને દોડી ગયો.

ચબૂક ચકલી અને સરગમ વાતે વળ્યાં. □

ધારાવાહી રહસ્યકથા

# કબ્રસ્તાનનો ભેદ

મૂ.લે. સત્યજિત રાય
અનુવાદ : સુકન્યા ઝવેરી

ઘેર આવી બપોર સુધી ધીરજ રાખી પછી ફેલુદાને પૂછ્યા વિના ન રહી શક્યો : 'કાલે જે નરેન વિશ્વાસના પાકીટમાંથી સફેદ કાગળ નીકળ્યો હતો. એમાં શું લખ્યું હતું?'

નરેન વિશ્વાસનું પાકીટ પાછું દેવા ફેલુદા સાંજના જશે. એણે તપાસ કરી તો ખબર મળ્યાં કે તે સજ્જન પાર્ક હૉસ્પિટલમાં છે. ફેલુદાએ એની ડાયરી ખોલી મારી સામે ધરી. 'જો, આનો અર્થ તું શોધી શકીશ તો હું માનીશ કે તું નોબેલ પ્રાઈઝને લાયક છે.' ડાયરીનાં લીંટીવાળાં પાનાં પર લખ્યું હતું : B/s 141 SNB for WG Victoria & P.C. (44?) Re Victoria's letters try MN, OU GAA, SJ, WN.

મેં મનોમન વિચાર્યું, નોબેલ પ્રાઈઝ ફસકી ગયું હાથમાંથી. તોય મોંએથી બોલ્યો : એ સજ્જન ક્વીન વિક્ટોરિયામાં ઈન્ટરેસ્ટેડ હોય એવું લાગે છે. પણ વિક્ટોરિયા ઍન્ડ પી.સી. શું વળી એ નથી સમજાતું.'

'પી.સી. લાગે છે પ્રિન્સ કનસર્ટ; એટલે કે વિક્ટોરિયાનો પતિ પ્રિન્સ એલબર્ટ.'

'બીજું કશું જ સમજાતું નથી.'

'કેમ, 'ફૉર', એટલે માટે. અને 'ટ્રાઈ' એટલે પ્રયત્ન કરવો એ ન સમજ્યો!'

ફેલુદાનો મિજાજ જોઈ લાગ્યું કે એ પણ ખાસ કંઈ સમજ્યો નથી. સિધુકાકાની વાત મને નહોતી જચી એમ નહિ. ખરે જ ફેલુદા વખતે જ્યાં રહસ્ય નથી ત્યાં રહસ્ય જબરદસ્તી ઘુસાડતો હતો. પણ ત્યાર પછી યાદ આવી પેલી સળગતી સિગારેટ. અને સાથે સાથે પેટની અંદર જાણે ફડકો પડતો હોય એવું લાગ્યું. અમે હતા તે જાણીને કબ્રસ્તાનમાંથી કોણ ભાગ્યું? અને વાદળ-ઘેરી સાંજે એ ત્યાં શા માટે ગયો હતો?

પહેલેથી જ નક્કી કર્યું હતું કે ચાર વાગે અમે નરેન વિશ્વાસનું પાકીટ પાછું દેવા જઈશું, અને લાલમોહનબાબુ જ આવીને અમને તેડી જશે. સમય થતાં જ ઘર પાસે ગાડી ઊભી રહેવાનો અવાજ સંભળાયો. તેઓ એક સામયિક લઈ ઘરમાં આવ્યા. 'શું કહેતો 'તો? આ જુઓ વિચિત્ર પત્ર અને આ જુઓ નરેન વિશ્વાસનો લેખ. સાથે મૉન્યુમેન્ટનો ફોટો પણ છે. જોકે સારો નથી છપાયો.'

'પણ આ પણ નરેન્દ્રનાથ લખે છે, નરેન્દ્ર મોહન નહિ. તો પછી શું આ બીજો કોઈ હશે.'

'મને તો લાગે છે વિઝિટિંગ કાર્ડમાં જ ગોટાળો છે. એવા કોઈ બેકાર ભળતા પ્રેસમાં છપાવ્યાં હશે. અને એમણે પ્રૂફ નહિ જોયું હોય. પણ પાકીટમાંનું કટિંગ અને એમાં પાછો એના પર આ લેખ... કાગડાનું બેસવું ને તાડનું પડવું કહીને આ ઘટનાને શું ઉડાવી દઈ શકાય?'

ફેલુદા લખાણ પર નજર ફેરવી લઈ પત્રિકાને બાજુના મેજ પર મૂકી બોલ્યો : 'ભાષા ખરાબ નથી. પણ નવું કંઈ નથી. હવે જાણવું જરૂરી એ છે કે આ માણસ જે ઝાડ પડવાથી જખમી થયેલો છે તે નરેન વિશ્વાસ છે કે નહિ.'

પાર્ક હૉસ્પિટલના ડૉક્ટર શિકદારને બાપુ ખૂબ સારી રીતે ઓળખે છે. અમારે ઘેર પણ એકાદ-બે વાર આવી ગયા છે, તેથી ફેલુદાને પણ ઓળખાણ છે. ફેલુદાએ કાર્ડ મોકલ્યું કે પાંચેક મિનિટમાં અમને બોલાવ્યા.

'કેમ, શું થયું? કંઈ નવો કેસ-બેસ છે કે? 'ફેલુદા જ્યાં પણ જે પણ કારણસર જાય, ઓળખીતા લોકો હોય તો આ સવાલ એને સાંભળવો જ પડે છે.

એ હસીને બોલ્યો, 'હું અહીં એક પેશન્ટને એક વસ્તુ પાછી દેવા આવ્યો છું.'

'કયો પેશન્ટ!'

'મિસ્ટર વિશ્વાસ... નરેન વિશ્વાસ. પરમ દિવસે -'

'એ તો ચાલ્યા ગયા. બસ આ એકાદ-બે કલાક પહેલાં જ. તેનો ભાઈ ગાડી લઈને આવ્યો હતો; લઈ ગયો.'

'પણ છાપામાં લખ્યું છે -'

'શું લખ્યું છે? સિરિયસ લખ્યું છે એમ જ ને! છાપામાં તો એવું ઘણું બધું લખે! આખું ઝાડ માથા પર પડે તો કોઈ બચે! એક નાની ડાળ, જેને કહેવાય પ્રશાખા એ જ તો પડી હતી. જખમ કરતાં 'શૉક' જ વધુ લાગ્યો હતો. જમણા કાંડા પર માર લાગ્યો હતો, અને માથા પર કેટલાક ટાંકા બસ એટલું જ.'

'તમે કહી શકો છો કે એમણે જ પુરાણા કલકત્તા વિષે -'

'યસ. તેઓ જ. એક જણ સાંજના કબ્રસ્તાનમાં ફરતો હોય તો નૅચરલી કુતૂહલ થાય. પૂછ્યું તો કહે જૂના કલકત્તા વિષે સ્ટડી કરે છે. એટલે મેં કહ્યું લાઈન સારી શોધી કાઢી છે. નવા કલકત્તાને તો જેટલું દૂર રાખી શકાય એટલું સારું.'

'જખમ તમને સ્વાભાવિક લાગ્યો?'

'આહ!... હવે લાઈન પર આવ્યો. આટલી વારે પહેલો સવાલ ડિટેક્ટિવ જેવો કર્યો.'

'ફેલુદા ભોંઠપનો ભાવ છુપાવી ન શક્યો. એટલે કે એમણે

પોતે જ કહ્યું કે ઝાડ પડી -'

'અરે ભાઈ, ઝાડ જે પડ્યું, એ તો સાચું?' અને તેઓ તો ત્યાં જ હતા. શક કરવાનું કંઈ કારણ છે?'

'એમણે પોતે અસ્વાભાવિક કે સંદેહજનક કશું કહ્યું હતું?'

'મુદ્દલે નહિ. કહે, નજર સામે ઝાડ તૂટી પડ્યું. એની કેટલી ડાળ ભાંગીને ચારે કોર પડી છે એ તો ગણવી મુશ્કેલ. પણ હા, - યસ - ભાનમાં આવ્યા પછી 'વિલ' શબ્દ બે ત્રણ વાર બોલ્યા હતા. એમાં જો કંઈ રહસ્ય - ભેદ છુપાયો હોય તો ખબર નહિ. પણ લાગતું નથી. કેમ કે એ પછી વિલનો ઉલ્લેખ નહોતો કર્યો.'

'એમનું પૂરું નામ તમને ખબર છે?'

'કેમ! છાપામાં તો લખ્યું હતું. નરેન્દ્રનાથ વિશ્વાસ.'

'બીજો એક સવાલ - તકલીફ માફ કરજો - એમનો પોશાક યાદ છે?'

'બરાબર. શર્ટ અને પેન્ટના રંગ પણ યાદ છે - સફેદ શર્ટ અને બિસ્કિટ રંગનું પેન્ટ. ગ્લેક્સો નહિ, ક્રીમ ક્રેકર ..... હેં...હેં...!'

ફેલુદાએ ડૉક્ટર શિકદાર પાસેથી નરેન વિશ્વાસનું સરનામું લઈ લીધું હતું. અમે નર્સિંગ હોમમાંથી સીધા ચાલ્યા ગયા ન્યૂ અલીપુર. ન્યૂ અલીપુરમાં ઠેકાણું શોધવું ભારે અઘરું છે. પણ જટાયુનો ડ્રાઈવર કલકત્તાના રસ્તાઓથી ખાસ્સો પરિચિત હતો. તેથી ઘર શોધવા માટે ત્રણ મિનિટથી વધારે રખડવું ન પડ્યું.

એકમાળી મકાન જોઈને લાગ્યું કે પંદરવીસ વર્ષનું જૂનું હતું. દરવાજા સામે રસ્તા પર એક કાળી એમ્બેસેડર ઊભી હતી, અને દરવાજા પર બે નામ - એન. વિશ્વાસ અને જી. વિશ્વાસ. બેલ દબાવ્યો તો એક નોકરે આવી બારણાં ઉઘાડ્યાં.

'નરેનબાબુ છે?' ફેલુદાએ પૂછ્યું.

'એ તો બીમાર છે.'

'મળી શકાશે?' જરા કામ છે!'

'કોનું કામ છે?'

સવાલ નોકરની પાછળથી આવ્યો. એક ચાળીસ-પિસ્તાળીસ વર્ષના સજ્જન આગળ આવ્યા. ગોરો વાન, આંખ જરાક માંજરી, દાઢીમૂછ મૂંડેલાં. પાયજામા પર બુશર્ટ અને એના પર એક મટકા રેશમની ચાદર ઓઢેલી. ફેલુદા કહે : 'નરેન વિશ્વાસ મહાશયની એક ચીજ એમને પાછી દેવાની છે. એમનું પાકીટ ખીસામાંથી પડી ગયું હતું પાર્ક સ્ટ્રીટના કબ્રસ્તાનમાં.'

'એમ કે? હું એમનો ભાઈ છું. તમે અંદર આવો, દાદા (મોટાભાઈ) તો ખાટલાવશ છે. હજુ બેન્ડેજ બાંધેલા છે. વાત કરે છે ખરા, પણ આવી જાતના એક્સિડેન્ટ-એક મોટી ઘાત જ...'

'ઉપલે માળે જવાના દાદરની પાછળ એક બેડરૂમ, તેમાં જ નરેનબાબુ સૂતા હતા. ભાઈ કરતાં જરાક મનફેર શામળા, હોઠ પર જાડી મૂછ, અને માથાના બેન્ડેજ નીચે ટાલ હતી એ કહેવાની જરૂર નથી.

ડાબા હાથમાં સ્ટેટ્સમૅન છાપું હતું તે નીચે મૂકી, ગરદન નમાવી એમણે અમને નમસ્કાર કર્યા. જમણા કાંડા પર બેન્ડેજ, તેથી હાથ જોડી નમસ્કાર કરવાની તકલીફ પડતી હતી. એમના ભાઈ અમને રૂમ સુધી પહોંચાડી ચાલ્યા ગયા. એમણે નોકરને બીજી બે ખુરશી લાવવાને બૂમ પાડી એ અમે સાંભળી. આ રૂમમાં ફક્ત એક જ ખુરશી હતી, તે પલંગ પાસે ટેબલની સામે પડી હતી.

ફેલુદાએ પાકીટ કાઢી સામે ધર્યું.

'ઓ...હો...હો... - અનેક ધન્યવાદ. તમે વળી તકલીફ લઈ...'

'એમાં તકલીફ શું' - ફેલુદા જાણે વિનય ભૂષણ - 'અમે જ ત્યાં ગયા હતા. ત્યાં મારા આ મિત્રને જડ્યું, તેથી...'

નરેનબાબુએ એક હાથે જ પાકીટનાં ખાનાં ખોલી એની અંદર એક વાર નજર ફેરવી લઈ ફેલુદા ભણી જિજ્ઞાસુ નજરે જોયું, 'કબ્રસ્તાનમાં-'

'હું પણ બરાબર એ જ સવાલ તમને પૂછવાનો હતો, ફેલુદા હસીને બોલ્યો. લાગે છે કે તમે પ્રાચીન કલકત્તાના ઇતિહાસ વિષે અભ્યાસ કરો છો!'

સજ્જને નિસાસો મૂક્યો. 'કરતો'તો હતો. પણ જે ઘા પડ્યો! લાગે છે પવનદેવ ઇચ્છતા નથી કે હું એ વિષયમાં વધારે ઊંડો ઊતરું.'

'વિચિત્ર પત્ર-પત્રિકામાં તમારો લેખ...'

'એ તો મારો જ છે. બીજાય એક-બે જેમાં તેમાં લખ્યા છે. નોકરી કરતો હતો. ગયા વર્ષે રિટાયર્ડ થયો છું. કંઈક તો કરું! હું ઇતિહાસનો વિદ્યાર્થી હતો. નાનપણમાં એ જ શોખ. કૉલેજમાં હતો ત્યારે બાગબજારથી દમદમ ચાલતો જતો ક્લાઈવ સાહેબનો બંગલો જોવા, જોયો છે તમે? આ હજુ થોડા વખત પહેલાં તો હતો - બેઠા ઘાટનો બંગલો, સામે ઇસ્ટ ઇન્ડિયા કંપનીનું કોટ ઑફ આર્મ્સ.'

'તમે પ્રેસિડેન્સીમાં ભણતા હતા!?'

પલંગની જમણી બાજુ ટેબલ, અને તેનાથી બે હાથ ઉપર દીવાલ પર એક મઢેલા ગ્રૂપ ફોટોમાં લખ્યું હતું. : Presidency College Alumni Association 1953.

'હું એકલો જ થોડો?' નરેન વિશ્વાસ બોલ્યો. 'મારો દીકરો, ભાઈ, બાપા, દાદા બધાં જ પ્રેસિડેન્સીમાં ભણ્યા છે. એ એક ફેમિલી ટ્રેડિશન. અત્યારે તો કહેતાંય શરમ આવે - અમે ગોલ્ડ

મેડાલિસ્ટ વિદ્યાર્થીઓ - ગિરિન અને હું બને.'

'કેમ, શરમ શા માટે?'

'શું કર્યું જીવનમાં કહો?? હું લાગ્યો નોકરીએ, ગિરિન ગયો ધંધામાં. અમને કોણ ઓળખે છે અત્યારે?'

ફેલુદા ફોટો જોવા આગળ વધ્યો એ પછી એની નજર નીચી વળી. મેજ પર એક બ્લુ રંગની નોટબુક. એનું પહેલું પાનું ખુલ્લું હતું. જોઈને થયું - એમણે લેખ શરૂ કર્યો હતો, પણ આઠદસ લાઈનથી વધુ નહોતો આગળ વધ્યો.

'તમારું નામ શું નરેન્દ્ર નાથ કે નરેન્દ્ર મોહન!'

'જી?'

સજ્જન જરાક અનમના થઈ ગયા હતા. ફેલુદાએ ફરી પૂછ્યું. સજ્જન જરાક હસ્યા અને નવાઈ પામી બોલ્યા, 'નરેન્દ્રનાથ જ તો છે, કેમ, તમને કંઈ શક છે. એમાં?'

'તમારા વિઝિટિંગ કાર્ડમાં જોયું તો લખ્યું હતું એન.એમ. વિશ્વાસ.'

'ઓહ એ! એ તો છાપવામાં ભૂલ છે. કોઈને કાર્ડ દેતાં પહેલાં પેનથી એને સુધારી લઉં, જોકે નવાં કાર્ડ છપાવવાં છે, પણ આળસમાં રહી જાય છે. અને સાચું પૂછો તો હવે અમારે વિઝિટિંગ કાર્ડની જરૂરે શી છે. કહો હાલમાં મ્યૂઝિઅમ વગેરેના હેડ કે એવા લોકોને મળવું પડતું હતું તેથી થોડાંક પાકીટમાં મૂક્યાં હતાં. અચ્છા, તમે શું કબ્રસ્તાન વિષે કંઈ લેખ લખો છો? માનું કે ન લખતા હો. નહિ તો તમારા જેવા યંગ રાઈવલને હું પહોંચી નહિ શકું.'

ફેલુદા જવા માટે ઊઠ્યો, અને બોલ્યો. 'હું લખતો કરતો નથી - કેવળ જાણવાનો આનંદ. બીજી એક વાત, મારી એક વિનંતી છે. પુરાણા કલકત્તા વિષે વાંચતાં જો ગોડવિન પરિવાર વિષે ક્યાંક ઉલ્લેખ આવે તો મને મહેરબાની કરી જણાવશો તો ખૂબ મહેરબાની થશે.'

'ગોડવિન પરિવાર?'

'ટૉમસ ગોડવિનની કબર પાર્ક સ્ટ્રીટમાં છે. ઇન ફેક્ટ એક જ વૃક્ષે એકી સાથે તમને અને ગોડવિનની કબરને જખમી કર્યા છે.'

'એમ કે?'

'અને સર્ક્યુલર રોડના કબ્રસ્તાનમાં ગોડવિન પરિવારની બીજી પાંચ કબર છે.'

'ચોક્કસ જણાવીશ. પણ ક્યાં જણાવું? તમારું ઠેકાણું?'

ફેલુદાએ પ્રાઈવેટ ઇન્વેસ્ટિગેટર લખેલું પોતાનું કાર્ડ નરેન-બાબુને આપ્યું.

'આ તમારો વ્યવસાય? ડિટેક્ટિવગીરી?' સજ્જન ખાસ્સા ચમકી જઈ બોલ્યા.

'જી હા.'

'કલકત્તામાં પ્રાઈવેટ ડિટેક્ટિવ છે એમ સાંભળ્યું હતું, પણ નજરે આ પહેલી વાર જોયા.'

(ક્રમશઃ)

# કંકાવટી



## ક્રિસ્ટાઈન નસલીન-વૉલહાર્ડ

એક અતિ સૂક્ષ્મ અંડકોષ ફલિત થતાં એમાંથી માથું, ધડ, આંખ અને અન્ય અંગ-ઉપાંગો કઈ રીતે બનવા પામે છે? માનવ સહિત દરેકે દરેક જીવનું સૂક્ષ્માતિસૂક્ષ્મ અંડ આ પ્રકારે ફલિત થતાં જ અમુક નિશ્ચિત સમયે સર્વાંગ સંપૂર્ણ જીવમાં રૂપાંતર પામે છે, એટલું જ નહિ, એ દરેક અંગની વિવિધ ખાસિયતો પણ હોય છે. પહેલાં તો આ પ્રશ્ન લાંબા સમય સુધી અનુત્તર રહ્યો, પણ જ્યારે સંશોધકો તેનો પાર પામતા ગયા કે આ શક્તિ અને શક્યતાઓ અંતે વંશાનુગત રીતે વિકાસ પામે છે અને આ સંશોધનનો યશ ક્રિસ્ટાઈન નસલીન - વૉલહાર્ડને તથા એડવર્ડ બી. લૂઈ અને એરિક વેઈસચાઉસને ફાળે જાય છે. એમની આ શોધ જિન્સના વિકાસ તરફ દોરી ગઈ અને આ રીતે એક માખી પર વિવિધ પ્રયોગો કરી અંતે તેઓ આ બદલ ૧૯૯૫નું મેડિસિન અને ફિઝિયોલૉજિનું નોબેલ પ્રાઈઝ જીતી ગયાં. અગાઉ પણ આ દિશામાં થયેલાં સંશોધનોએ એમને પૂરી સહાય કરી અને એમણે જોયું કે ફલિત થયા પછી પ્રથમ એકાદ કલાક તો એના અંડમાં કોઈ ફેરફાર થતો નથી. પણ એ કોષનો કેન્દ્રસ્થ ભાગ ભાંગે છે અને એમ ભાગાકાર થતો રહી એ એની લાક્ષણિકતા ધારણ કરતો જાય છે. અને માખીની પૂર્ણરંગી આકાર ધારણ કરવાની ક્ષમતાએ પહોંચી જાય છે, અને નજરે જોઈ શકાય એટલો સ્પષ્ટ બને છે. હજી યે આ દિશામાં ઘણું સંશોધન કરવાનું છે.

ક્રિસ્ટાઈન નસલીન-વૉલહાર્ડ મૅક્સ પ્લાંક ઈન્સ્ટિટ્યૂટ ફૉર ડેવલપમેન્ટલ બાયોલૉજિ ઈન ટુબિનજિન તેઓનું કાર્ય જિન ટેકનોલૉજિ લો લેવલ ઑફ એક્સેપ્ટન્સ ઈન જર્મની છે.

ક્રિસ્ટાઈન નસલીન વૉલહાર્ડનો જન્મ મૅગ્ડેબર્ગમાં ૧૯૪૨માં થયો હતો. તેમણે જીવશાસ્ત્ર, પદાર્થવિજ્ઞાન અને રસાયણશાસ્ત્રનો ફ્રૅન્કફુર્ટ અને મેઈનમાં કર્યો અને પછી ૧૯૬૪માં ટુબ્બીજન મુકામે ગયાં, જ્યાં તેમણે બાયૉકેમિસ્ટ્રીનો અભ્યાસ કર્યો. અહીં એમણે પોતાનો ગ્રૅજ્યુએશનનો અભ્યાસ પણ પૂરો કર્યો. અનુસ્નાતક પણ થયાં, અને મૅક્સ પ્લાંક ઈન્સ્ટિટ્યૂટ ફૉર પાઈરોલૉજિમાં જોડાયાં. એમણે જીનેટિક્સનો અભ્યાસ કરી તેમાં ડૉક્ટરેટ મેળવી, અને મેક્સ પ્લાંક ઈન્સ્ટિટ્યૂટ ફૉર ડેવલપમેન્ટલ બાયોલૉજિનાં ૧૯૮૫માં ડિરેક્ટર બન્યાં. ડૉ. નસલીન-વૅલહાર્ડ પ્રથમ જર્મન મહિલા સંશોધક છે કે જેમને નોબેલ પ્રાઈઝથી નવાજ્યાં છે.

## વરિયાળીનું શરબત

**સામગ્રી :** ૧૦૦ ગ્રામ વરિયાળી, ૫૦૦ ગ્રામ ખાંડ, બે નંગ લીંબુ, લીલો મીઠો રંગ, વરિયાળીનું એસેન્સ.

**રીત :** વરિયાળીને ખાંડીને ત્રણ-ચાર કલાક પાણીમાં પલાળી રાખો. પછી તેને ચોળીને પાણી ગાળી લો.

એક તપેલીમાં ખાંડ લઈ તેમાં વરિયાળીનું પાણી નાખી ઉકાળો. લીંબુનો રસ નાખી મેલ તરી આવે તે કાઢી લો. પછી તેમાં લીલો રંગ નાખો. ચાસણી દોઢ તારી થાય એટલે ઉતારીને ઠંડું પડે એટલે બોટલમાં ભરી લો. બરાબર સુગંધ ન આવી હોય તો વરિયાળીનું એસેન્સ નાખો.

(નોંધ : દેખાવ તથા સુગંધને લક્ષ્યમાં ન લેતા હો તો રંગ તથા એસેન્સ ન નાખો તો પણ ચાલે.)

## ગૃહિણી તથા રોજગારીમાં સ્વાવલંબન ઈચ્છનાર માટે 'હુન્નરવર્ણન'

આજથી આશરે સો એક વર્ષ પહેલાં ઉત્તર ગુજરાતના માણસા ગામનાં ૧૩ વર્ષની ઉંમરે વિધવા થયેલ ગંગાબહેન યાજ્ઞિકે સ્ત્રીકેળવણી અને સ્વરોજગારી અંગે લોકોમાં જાગૃતિ આણવાના આશયથી લગભગ ૩૦૦ પાનાંનું 'હુન્નર-વર્ણન' નામનું પુસ્તક લખ્યું હતું. તેમાં પાપડ, ચૂર્ણ, દવા, અત્તર, તેલ, સાબુ, વનસ્પતિજન્ય રંગો, શાહી, લાખ, વાર્નિશ, રંગીન કાચ, ચામડાનાં પગરખાંનું પૉલિશ, સૌંદર્ય-પ્રસાધનો વગેરેના નિર્માણની રીતો ઉપરાંત ધાતુઓ તથા ખાદ્યપદાર્થોમાંની ભેળસેળ પારખવી, કપડાં પરના ડાઘ કાઢવા, અતિવૃષ્ટિ કે અનાવૃષ્ટિ જેવા સમયે ખેડૂતોને ઉપયોગી માર્ગદર્શન, પાણીકળાનું જ્ઞાન, ખેતોત્પાદન સુધારવાના કુદરતી ઉપાયો, ઝડપથી બગડી-સડી જાય તેવા ખાદ્યપદાર્થોની સાચવણી અને સંગ્રહની રીતો, મનુષ્યો તથા પશુઓના રોગના ઉપચારો વગેરેનું વિસ્તૃત વર્ણન છે. વૈજ્ઞાનિક આધારો તથા લોકોના અનુભવ - બંનેનો સમન્વય કરીને તૈયાર કરાયેલું આ પુસ્તક કુટિર ઉદ્યોગ, ગ્રામોદ્યોગ કે ગૃહઉદ્યોગ શરૂ કરવાની ઈચ્છાવાળાઓ માટે આશીર્વાદરૂપ બને તેવું છે. મહિલાઓ અને ગૃહિણીઓ માટે

[અનુસંધાન પૃષ્ઠ ૨૧૫]

# સાહિત્યસંપર્ક

## બાલમુકુન્દ દવેનું મરણોત્તર સન્માન



સ્વાતંત્ર્યોત્તર-કાલીન ગુજરાતી નવ્ય કવિતાના પ્રથમ દસકમાં જેમની કવિતાએ આગવું આકર્ષણ ઊભું કર્યું હતું તે બાલમુકુન્દ દવેનો જન્મ ૧૯૧૬ના માર્ચની ૭મી તારીખે વડોદરા જિલ્લાના વાઘોડિયા તાલુકામાં આવેલા નાનકડા મસ્તુપુરા ગામમાં થયેલો, જ્યાં એમણે ૧૦-૧૨ વર્ષ સુધીનું શૈશવ અને કૈશોર્ય ગાળેલું તથા ત્યાંની તેમ જ બાજુના કુંવરવાડા ગામની ગામઠી શાળામાં પ્રાથમિક શિક્ષણ લીધેલું. ત્યાંની શાળા બંધ પડતાં માધ્યમિક શિક્ષણ માટે વડોદરાની શ્રી સયાજી હાઈ સ્કૂલમાં જોડાયા અને ત્યાંથી મૅટ્રિક થઈ ૧૯૪૦ના અરસામાં વ્યવસાયમાં સ્થિર થવા અમદાવાદ આવ્યા. અહીં આરંભમાં એમણે 'સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય'માં નોકરી સ્વીકારી, પછી થોડો સમય પત્રકારત્વના ક્ષેત્રે કામગીરી બજાવી, આખરે 'નવજીવન' કાર્યાલયમાં જોડાયા અને નિવૃત્તિકાળ સુધી ત્યાં જ રહ્યા. આ કારકિર્દી દરમિયાન છેલ્લો દસકો અને નિવૃત્ત થયા પછી પણ 'નવજીવન' દ્વારા પ્રકાશિત સામયિક 'લોકજીવન'નું તંત્રીપદ સંભાળ્યું હતું.

વ્યક્તિ તરીકે બાલમુકુન્દ ઋજુ, સાલસ, સરળ, નિખાલસ અને નિરાડંબરી, ઓછું બોલે, ઓછું હળેમળે, ઓછું લખે. પરંતુ જેટલી સક્રિયતા તેટલામાં સમગ્ર દિલ ઠાલવે, આથી જ એમની કવિતામાં સચ્ચાઈ અને સામર્થ્ય છે.

૧૩-૧૪ની વયે પિતાજી પાસેથી સાંભળેલી કથાઓને આધારે 'ધ્રુવાખ્યાન' નામનું જે કાવ્ય રચેલું તે તેમની પ્રથમ રચના. એમની કવિપ્રતિભાનાં ત્રણ મુખ્ય ઘડતરબળો : વતનનું વાતાવરણ અને પારિવારિક પરિસર, 'બુધસભા'નું સેવન અને વેણીભાઈ પુરોહિતનો સહવાસ, 'નવજીવન'દીધી ગાંધીદર્શન-પ્રેરણા. પરિવારમાં પિતાજી ગોરપદું કરતાં કરતાં પૌરાણિક-ધાર્મિક કથાવાર્તાઓ કહી સંભળાવે, લગ્ન કરાવવા જાય ત્યારે ગામની બારૈયા કોમનાં લગ્નગીતો સાંભળવા મળે, દાદીમા ભજનો ગાય તેના સંસ્કારો પણ કિશોરચિત્ત ગ્રહણ કરે. વતનપ્રદેશની નદીનાં ખીણકોતરો, ખેતરો, ઉષા-સંધ્યા-રાત્રિનું આકાશસૌન્દર્ય, પ્રકૃતિનાં વિવિધ સ્વરૂપોનો પ્રત્યક્ષ અનુભવ - આ બધું ચિત્તપટ પર અંકિત કરીને વાયા વડોદરા તે અમદાવાદ આવી પહોંચે છે. અહીં 'કુમાર'ની 'બુધસભા'ના માહોલમાં સર્જકતા મહોરી ઊઠે છે. તળપદી ભાષાસમૃદ્ધિ અને લયછટાઓ એમનાં ભાવસમૃદ્ધ ગીતોમાં કોળી ઊઠે છે. તો ન્હાનાલાલનું શબ્દસૌન્દર્ય અને કાન્તની સંયમી કમનીયતા એમની છંદોબદ્ધ રચનાઓમાં પ્રતિફલિત થયેલી અનુભવાય છે. પ્રથમ પત્નીનું નિધન, પુત્રની ચિરવિદાય અને પુત્રીનું પતિગૃહે ગમન જેવા અંગત વિષાદના પ્રસંગોને રોતલ બનાવ્યા વગર વિષાદને ભારે કલાસંયમથી હૃદયસ્પર્શી બનાવ્યો છે. તો પ્રમત્ત પ્રેમનાં ગીતોમાં બાલમુકુન્દ મન મૂકીને ખીલે છે. 'બંદો અને રાણી' એનું ઉદાહરણ છે. 'મોગરો' 'ચાંદની,' 'શ્રાવણ નીતર્યો,' 'નદીકાંઠે સૂર્યાસ્ત' જેવાં પ્રકૃતિકાવ્યોમાં કવિની સૂક્ષ્મ નિરીક્ષણશક્તિ, ભાવરંજિત વર્ણનશક્તિ, મૌલિક નાવીન્યપૂર્ણ કલ્પનાશક્તિ તથા તાદૃશ ચિત્રનિર્માણશક્તિ, આહ્લાદક બની રહે છે. 'જૂઠી ઝાકળની પિછોડી' જેવામાં પારંપરિક ભજનસૃષ્ટિને આત્મસાત્ કરી નિજી રાહે ચાલ્યા હોવાનો અહેસાસ અનુભવાય છે. તો વળી, 'કાચબા-કાચબી'ના ભજનમાં કવિએ એ પારંપરિક કાવ્યપ્રકારનો યુદ્ધની વિભીષિકાનો યુગભાવ આબાદ અને અસરકારક રીતે અભિવ્યક્ત કરવામાં વિનિયોગ કર્યો છે. 'કુંતલ' સંગ્રહની કેટલીક રચનાઓમાં કવિનો નિરાશાનો સૂર પણ સંભળાય છે. અલબત્ત, આ એમના કવિહાડની ધોરી નસ નથી. શ્રદ્ધા અને આશા એમની મોટા ભાગની કવિતામાં સંભળાતો સનાતન સૂર છે.

ગાંધીજી અને ગાંધીદર્શને પણ એમની કવિતાને ઠીક ઠીક પ્રભાવિત કરી છે. 'અન્તિમ ઘડી' જેવા દીર્ઘ અને છંદોબદ્ધ કથનાત્મક કાવ્યમાં કસ્તૂરબાના નિધનની ઘટનાને તો 'હરિનો હંસલો' જેવા ગીતમાં ગાંધીહત્યાને એમણે પૂરી ચિન્તનાત્મકતાથી નિરૂપી છે. તો 'કુન્તલ' સંગ્રહમાંની 'જવાબ માગે' રચનામાં ગાંધીના ઓછાયા દ્વારા પુછાતા પ્રશ્નની રજૂઆતથી ગાંધીપ્રભાવ વધુ વ્યંજનાત્મક રીતે અને નાટ્યાત્મક રીતે પ્રકટ થવા પામ્યો છે.

બાલમુકુન્દે જેમ વિષયવૈવિધ્ય દાખવ્યું છે તેમ સૉનેટ, ગીત, મુક્તક, ઉદ્બોધન, ભજન આદિ કાવ્યપ્રકારોનું પણ વૈવિધ્ય દાખવ્યું છે. 'વડોદરાનગરી' જેવી રચનામાં એમની વ્યંગ અને વિનોદવૃત્તિ પણ પ્રકટ થયેલી જોવા મળે છે. છંદોલયની સફાઈ, ભાષાની ત્રેવડ, ઘૂંટાએલી શૈલી અને ભાવો અને સમગ્રતયા કલાકારની સભાનતા એમની રચનાઓને ચિરસ્મરણીય

બનાવે છે. એમનાં બાળકાવ્યો પણ એટલાં જ સફળ અને સરસ છે. 'પરિક્રમા' (૧૯૫૫) અને 'કુંતલ' (૧૯૯૨) એ બે જ કાવ્યસંગ્રહોમાં એમની લગભગ તમામ કવિતા આવી જાય છે. સંભવ છે કે તે સિવાયની થોડી પ્રકટ પણ અગ્રંથસ્થ અને અપ્રકટ હસ્તપ્રત રૂપે પણ કેટલીક રચનાઓ રહી ગઈ હોય તે બધી ગ્રંથસ્થ થઈને સુલભ થવી જોઈએ. 'સોનચંપો' (૧૯૫૯), 'અલ્લકદલ્લક' (૧૯૬૫) અને 'ઝરમરિયાં' (૧૯૭૩) એમનાં બાળકાવ્યોના સંગ્રહો છે. 'ઘટમાં ગંગા' (૧૯૬૬)માં એમણે પ્રેરક વ્યક્તિચિત્રો આપ્યાં છે, તો કેટલાંક કાવ્યોનો આસ્વાદ એમણે 'પ્યાસ અને પરબ'માં કરાવ્યો છે. આજ પૂર્વે એમની કવિપ્રતિભાનું પ્રોક્ષણ ૧૯૪૯માં 'કુમાર'ચન્દ્રકથી થયું હતું અને આજે જ્યારે ધનજી કાનજી ચંદ્રકથી તે નવાજાય છે ત્યારે ૧૯૯૩ના ફેબ્રુઆરીની ૨૮મી તારીખે અવસાન પામનાર એક સાચા અને માતબર કવિની મરણોત્તર સ્મૃતિ સહુને ભાવવિભોર બનાવી રહેશે.

- ધીરુ પરીખ

## પ્રાપ્ત પ્રકાશનો

### સૌરાષ્ટ્રની રસધાર-ભા. ૧-૫

સોરઠી ઇતિહાસ અને જીવનકથાઓને સ્પર્શતી વાર્તાઓનો ખૂબ લોકભોગ્ય બનેલો ૧ થી ૫ ભાગમાં વાર્તાસંગ્રહ. લે. ઝવેરચંદ મેઘાણી, કિં. અનુક્રમે રૂ. ૧૮, ૧૮, ૨૫, ૧૮, ૨૨; પૃષ્ઠ અનુક્રમે : ૧૫૬, ૧૪૪, ૨૦૪, ૧૪૭, ૧૭૬, પ્રકાશક : પ્રસાર, ૧૮૮૮, આતાભાઈ એવન્યુ, ભાવનગર-૩૬૪૦૦૨.

**સૌરાષ્ટ્રનાં ખંડેરોમાં :** 'સૌરાષ્ટ્રનાં ખંડેરોમાં' અને 'સોરઠને તીરે તીરે' સંયુક્ત આવૃત્તિ. લે. : ઝવેરચંદ મેઘાણી, કિં. રૂ. ૨૫, પૃ. ૧૩૪, પુનર્મુદ્રણ, પ્રકાઃ ઉપર મુજબ

**પુરાતન જ્યોત :** સોરઠી સંતો વિશે પુસ્તક લે. ઝવેરચંદ મેઘાણી, કિં. રૂ. ૨૫, પૃ. ૧૪૬, પુનર્મુદ્રણ પ્રકાઃ ઉપર મુજબ.

**સોરઠી સંતો**

સોરઠી સંતો અને પારમેશ્વરી પ્રેમિકો વિશે પુસ્તક. લે. ઝવેરચંદ મેઘાણી, કિં. રૂ. ૧૫/-, પૃ. ૯૦, પુનર્મુદ્રણ, પ્રકાઃ ઉપર મુજબ.'

**સોરઠી ગીતકથાઓ**

લે. ઝવેરચંદ મેઘાણી, કિં. રૂ. ૩૦, પૃ. ૧૪૬, પુનર્મુદ્રણ, પ્રકાશકઃ ઉપર મુજબ

**સોરઠિયા દુહા, દાના ભગત, હાલરડાં :**

આ ત્રણે પુસ્તિકાઓના લે : ઝવેરચંદ મેઘાણી, કિં. રૂ. અનુક્રમે ૮, ૬, ૬, પૃ. ૪૮, ૩૬, ૩૮, પુનર્મુદ્રણ, પ્રકા. ઉપર મુજબ.

**દાદાજીની વાતો**

વૃદ્ધોના મોઢે કહેવાયેલી વાર્તાઓનો સંગ્રહ. લે. ઝવેરચંદ મેઘાણી, કિં. રૂ. ૨૨/-, પૃ. ૧૨૬, પુનર્મુદ્રણ, પ્રકાશક. ઉપર મુજબ.

**રંગ છે બારોટ**

બારોટો દ્વાર કહેવાતી આવેલી લોકવાર્તાઓનો સંગ્રહ. લે. ઝવેરચંદ મેઘાણી, કિં. રૂ. ૩૨, પૃ. ૧૮૦, પુનર્મુદ્રણ, પ્રકાઃ ઉપર મુજબ.

**ચારણો અને ચારણી - સાહિત્ય**

લે. ઝવેરચંદ મેઘાણી, કિં. રૂ. ૩૫/-, પૃ. ૨૦૯, પુનર્મુદ્રણ પ્રકા. ઉપર મુજબ

**સોરઠી સંતવાણી**

લે. ઝવેરચંદ મેઘાણી, કિં. ૩૦/-, પૃ. ૧૦૯, પુનર્મુદ્રણ, પ્રકાઃ ઉપર મુજબ.

**સંત દેવીદાસ**

સંત દેવીદાસની કંઠોપકંઠ કહેવાયેલી જીવન કથા લે. ઝવેરચંદ મેઘાણી, કિં. રૂ. ૧૨, પૃ. ૮૪, પુનર્મુદ્રણ, પ્રકાઃ ઉપર મુજબ.

**રઢિયાળી રાત**

લોકગીતોનો સંગ્રહ. સંપાદક : ઝવેરચંદ મેઘાણી, કિં. રૂ. ૭૫/-, પૃ. ૩૦૬, પુનર્મુદ્રણ, ક્રાઉન સાઈઝ, પ્રકાઃ ઉપર મુજબ.

**ભાવનગર રાજ્યની ગૌરવગાથા :**

લે. હરદેવસિંહ મહોબતસિંહજી ગોહિલ, કિં. રૂ. ૬૦/-, પૃ. ૧૪૪, ક્રાઉન સાઈઝ, પ્રકાશક. ઉપર મુજબ

*

**પરિચય ટ્રસ્ટની પરિચય પુસ્તિકાઓ**

૧. ઝવેરચંદ મેઘાણી : લે દીપક મહેતા.
૨. ભારતનો ઇતિહાસ - પૂર્વાર્ધ : લે. નગીનદાસ સંઘવી
૩. મલેરિયા (રોગ વિશે) લે. ડૉ. અરવિંદ જે. ડગલી.

ઉપરોક્ત પુસ્તિકાઓમાં પ્રત્યેકની કિં. રૂ. ૪/-, પૃ. ૩૨, પ્રકાશકઃ પરિચય ટ્રસ્ટ, મહાત્મા ગાંધી મેમોરિયલ બિલ્ડિંગ, નેતાજી રોડ, ચર્નીરોડ, મુંબઈ-૪૦૦૦૦૨.

*

૧૯૯૫ના ચૂંટેલાં પાંચસો ગુજરાતી પુસ્તકોની ૩૨ પાનાંની પુસ્તિકા **'પુસ્તક-મેળો'** (રૂ. ૩) એક પોસ્ટકાર્ડ લખવાથી વિનામૂલ્યે મોકલાશે : લોકમિલાપ ટ્રસ્ટ, પો.બો. ૨૩, ભાવનગર ૩૬૪ ૦૦૧

**૧૦,૦૦૦ ગ્રાહકો માટેની ટહેલ**

'કુમાર'ને પુનઃ પ્રકાશિત કર્યે પાંચ વર્ષ પૂરાં થઈ ગયાં છે. ઉત્તરોત્તર એને વધુ ને વધુ સમૃદ્ધ બનાવવાના અમારા સન્નિષ્ઠ પ્રયાસો રહ્યા છે. હજુ પણ વધુ પાનાં અને વૈવિધ્ય અમે આપવા કૃતનિશ્ચયી છીએ. મુદ્રણ-સામગ્રીના ભાવમાં ખૂબ જ વધારો થઈ ગયો છે છતાં અમે લવાજમ વધાર્યું નથી. ઈ.સ. ૧૯૯૬ના વર્ષમાં દસ હજાર ગ્રાહકો મેળવવાની અમારી આપ સહુને ટહેલ છે, તો જ એનું અર્થતંત્ર સરભર થઈ શકે. અમને શ્રદ્ધા છે કે સહુ ચાલુ ગ્રાહકો અને વાચકો આ ટહેલને ઝીલી લઈ એને સાકાર કરવામાં સહાયભૂત થશે. આપનું લવાજમ મોકલી આપશો અને નવા ગ્રાહકો કરી આપશો તેવો અનુરોધ છે.





હજી છે આશ સૃષ્ટિની જ્યાં લગી ખીલતાં ફૂલો,
વૃક્ષે વૃક્ષે વિહંગોને શિશુસોહ્યાં મનુકૂલો,
હજીયે ઋતુનાં ચક્રો ધારતાં નિજ ધર્મને,
વસંતે આંબલા મ્હોરે, વીંધે કોકિલ મર્મને.

બાલમુકુન્દ દવે

## મધુ રાય : 'ખેલન્દો' સર્જક

મૂળ નામ તો મધુસૂદન અને અટક ઠાકર, પરંતુ કલકત્તાનિવાસે એમને રાય અટક




પ્રત્યે આકર્ષ્યા. આ અટકચાળાને કારણે એ ઓળખાયા મધુ રાય તરીકે. ૧૯-૭-૪૨ના રોજ જામખમ્ભાળિયામાં જન્મ. દ્વારિકામાં પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ. ઉચ્ચ શિક્ષણ કલકત્તાની રેસિડન્ટ કૉલેજમાં. કલકત્તા યુનિવર્સિટીના એ સ્નાતક. ૧૯૬૭માં અમદાવાદમાં જાહેરખબર-લેખનના વ્યવસાયમાં જોડાયા અને 'આકણ્ઠ સાબરમતી' સંસ્થાની સ્થાપના કરી લેખકોને નાટકો ભજવતા અને લખતા કર્યા. ઇસ્ટ વેસ્ટ સેન્ટરના ઉપક્રમે સાંસ્કૃતિક આદાનપ્રદાન-યોજના અન્વયે અમેરિકા જઈ નાટ્યમન્ચ અને નાટ્ય-દિગ્દર્શનની જાણકારી મેળવી. સર્જનાત્મક સાહિત્ય લેખનવિષયમાં અમેરિકામાં એમ.એ.ની પદવી મેળવી. 'ગુજરાતી' સામયિકના સ્થાપન-સમ્પાદન દ્વારા એમણે અમેરિકાનિવાસી ગુજરાતી કુટુંબોને સાહિત્યસંસ્કાર પ્રતિ અભિમુખ કરવાનું કામ કર્યું.

ગુજરાતમાં છઠ્ઠા-સાતમા દાયકામાં અશોક હર્ષ દ્વારા સમ્પાદિત 'ચાંદની' વાર્તામાસિકની ભારે લોકચાહના હતી. લેખકની છબીઓ સાથે એમાં વાર્તાઓ પ્રસિદ્ધ થતી. મધુ રાયની વાર્તાઓએ આ સામયિક દ્વારા ગુજરાતી સાહિત્યજગતમાં પ્રવેશ મેળવ્યો અને પછી તો એમની તાજી, સર્જકતાના નવીન સ્પર્શવાળી, કપોલકલ્પિતને વિનિયોજતી, ક્વચિત્ ચબરાકીના ચમકારા દેખાડતી વાર્તાકલાથી એ લગભગ છવાઈ ગયા. 'બાંશી નામની એક છોકરી' (૧૯૬૪), 'રૂપકથા' (૧૯૭૨) અને 'કાલસર્પ' (૧૯૭૨)માં એમની વાર્તાઓ ગ્રન્થસ્થ થઈ છે. ગદ્યલયના વિલક્ષણ ઉન્મેષો દાખવતો 'હાર્મોનિકા' નામક નવો કથનપ્રકાર પણ એમણે નિપજાવ્યો.

મધુ રાય ખેલપ્રિય સર્જક છે. નાટક એમનો એવો જ સબળ વિશેષ છે. 'કોઈ પણ એક ફૂલનું નામ બોલો તો' (૧૯૬૭) ગુજરાતી સાહિત્યનું એક પ્રયોગવન્તું નાટક છે. રાષ્ટ્રિય અને પ્રાદેશિક દૂરદર્શન ઉપર પણ ગુજરાતી અને હિન્દીમાં એની રજૂઆત થઈ છે. 'દર્પણ' સંસ્થાએ એના મન્ચનપ્રયોગો કર્યા હતા, જેમાં મધુ રાય નટ તરીકેની ભૂમિકા પણ નિભાવતા હતા. 'કુમારની અગાશી' (૧૯૭૫) આઈ.એન.ટી. દ્વારા અવારનવાર ભજવાતું રહે છે. એમનું ત્રીજું નાટક 'આપણે ક્લબમાં મળ્યાં હતાં' પ્રકાશનપ્રસવની પ્રતીક્ષામાં છે. આ ઉપરાન્ત બર્નાર્ડ શૉના 'પિગ્મેલિયન'નું 'સન્તુ રંગીલી' નામે કરેલું રૂપાન્તર પણ મન્ચ અને ચલચિત્રના માધ્યમમાં સફળતાને વર્યું છે. 'ધ વિઝિટ' (ડુરેન માત્ત)નું 'શરત' નામે કરેલું તથા સ્લુથની એક રચના પરથી 'ખેલન્દો' નામે કરેલું રૂપાન્તર પણ એમની મન્ચાભિજ્ઞતાને પ્રગટ કરે છે.

નવલકથામાં પણ એમણે નવતર પ્રયોગો કર્યા. 'ચહેરા' (૧૯૬૬), 'કામિની' (૧૯૭૦), 'સભા' (૧૯૭૨), 'સાપબાજી' (૧૯૭૩), 'કિમ્બલ રેવન્સવુડ' (૧૯૮૧) અને 'કલ્પતરુ' (૧૯૮૭) એમની નવલકથાઓ છે. 'કામિની', 'સભા' અને 'સાપબાજી'

### શ્વાનસૃષ્ટિ



પીકિનીઝ

સોએક વર્ષ પૂર્વે ઈંગ્લેન્ડમાં આયાત કરવામાં આવેલી કૂતરાની આ જાત મૂળ ચીનની છે. એનું નાક ચીબું અને આંખો નાની ગોળ મણકા જેવી હોય છે. પોતાના માલિક સિવાય અન્યો સાથે તે મૈત્રી બાંધતા નથી. તે જાપાનમાં પણ જોવા મળતી જાત છે. ચીન અને જાપાનના ઉમરાવો તેને શૉખ માટે પાળતા. એ કૂતરાના બે પ્રકાર છે. લાયન ડૉગ અને સ્લીવ ડૉગ. આજે ઈંગ્લેન્ડમાં ખાસ કરીને મહિલાઓની એ માનીતી જાત ગણાય છે. □

નવલકથાઓ અનુક્રમે 'કોઈ પણ, એક ફૂલનું નામ બોલો તો!', 'કુમારની અગાશી' અને 'આપણે ક્લબમાં માળ્યાં હતાં' નાટકોનાં કથાવસ્તુ ઉપરથી જ રચાઈ છે. આ સ્વરૂપાન્તર મધુ રાયની સર્જકતાને ઓળખવા-પરખવાનાં નિમિત્ત પૂરાં પાડે છે. 'કિમ્બલ રેવન્સવુડ' ઉપરથી શ્રી કેતન મહેતાએ રાષ્ટ્રિય પ્રસારણ માટે તૈયાર કરેલી 'મિ. યોગી' નામની દૂરદર્શન શ્રેણી પણ ઘણી લોકપ્રિય નીવડી હતી.

છૂટુંછવાયું વાર્તાનવલકથાનાટકવિવેચન પણ એમણે કર્યું છે. એમાં સિદ્ધાન્ત કરતાં પ્રતિભાવ મન્તવ્યનાં તત્ત્વો વધારે છે.

ગુજરાતી સાહિત્યના સાતમા-આઠમા દાયકાના આ 'ખેલન્દો' સર્જકે સર્જનક્રીડનની નાનાવિધ સમ્ભાવનાઓ રચી આપી છે.

**- સતીશ વ્યાસ**

* * *

ધનજી કાનજી સુવર્ણચંદ્રક ધારકો : રમેશ પારેખ (૧૯૮૩), કુન્દનિકા કાપડિયા (૧૯૮૪), પન્નાલાલ પટેલ (૧૯૮૫), રાજેન્દ્ર શાહ (૧૯૮૬), બાલમુકુંદ દવે (૧૯૮૭), મધુ રાય (૧૯૮૮)

## છાશ

જમ્યા પછી તાજી મોળી છાશ પીવાનો મહિમા છે - ખાસ કરીને ગાયના દૂધની છાશનું વિશેષ વલણ છે. મળાવરોધ કે કબજિયાત થવાથી શરીરમાંનો કચરો બહાર નીકળી જવાને બદલે અંદર ને અંદર સડતો રહી તેના સૂક્ષ્મ કણો રક્તવાહિનીઓમાં ભરાતા જાય છે. આથી રક્તવાહિની ફૂલતી જઈ જડ બનતી જાય છે. અને તેના ફરવામાં વિઘ્ન આવતું જઈ શરીરનાં મગજ, નેત્ર, હૃદય, ઉદર ઇત્યાદિ વ્યાધિગ્રસ્ત અને શિથિલ રહે છે. આથી જમ્યા પછી છાશનું નિયમિત પાન કરવાથી અનેક ફાયદા થવાનું મંતવ્ય છે. છાશમાં જઠરાગ્નિ પ્રદીપ્ત કરવાનો ગુણ હોવાથી વિકારી પદાર્થ ઊપજતો નથી અને ઊપજે તો છાશનો મળશોધક ગુણ તેને બહાર ધકેલી દે છે, એટલે લોહી, માંસ, મજ્જા, મેદ, વીર્ય આદિના કોઈ વ્યાધિનો ઉદ્ભવ થવાનો સંભવ ઘણો ઘટી જાય છે.

દરેક વ્યાધિગ્રસ્ત તથા સ્વસ્થ માણસને દરેક ઋતુમાં છાશને પથ્ય ગણી છે, એટલું જ નહિ, અમુક અમુક વ્યાધિવાળાને છાશનો ખોરાક તરીકે ઉપયોગ કરવાની ભલામણ થાય છે, અને એ રીતે માણસ ૧૦-૧૫ દિવસ રહી પણ શકે છે. અલબત્ત, વાસી ખાટી છાશની આ વાત જ નથી. વળી, વૈદકશાસ્ત્રમાં ઓસડિયાં સાથે અનુપાન તરીકે છાશના ઉપયોગનો પણ મહિમા છે. આમાં યે ગાયના દૂધના દહીંની છાશનો સવિશેષ મહિમા છે.

લીંડીપીપરનું ચૂર્ણ વાલ ૧ છાશ સાથે લેવાથી વાયુ કે શરદીનું શૂળ કે ચૂંક મટે છે. આદુનો રસ નાખી છાશ પીવાથી ખાંસી તથા છાતીનો કફ દૂર થાય છે. અજીર્ણમાં સિંધાલૂણ અને મરી સાથે, ગરમીના તાવમાં સાકર સાથે, જુલાબમાં જીરું તથા સાકર સાથે, મગજની ગરમી તથા મગજના ખાલીપણામાં જેઠીમધના મૂળ સાથે અને નેત્રની ઝાંખપ ને મગજની ગરમીમાં છાશ એકલી પીવી. સાદ બેસી ગયો હોય તો બહેડાની શેકેલી છાલના ચૂર્ણ સાથે, છાતીના દુઃખાવામાં તેમજ ધબકારામાં પીંપરીમૂળના ભૂકા સાથે, લોહીના ઝાડામાં બીલાંના ગર્ભ સાથે, સૂકા હરસમાં ગોળ સાથે, દૂઝતા હરસમાં ઇન્દ્રજવ સાથે, કમરનો દુઃખાવો, વગેરેમાં લસણના રસ સાથે, પેટના કૃમિ ઉપર વાવડિંગના ચૂર્ણ સાથે, સુવારોગમાં ત્રિકટુના ચૂર્ણ સાથે, મૂત્રકૃચ્છ્રમાં જવખારના ભૂકા સાથે, ગુલ્મવાયુમાં વડાગરા મીઠાના ભૂકા સાથે છાશ લેવાની ભલામણ છે.

ટૂંકમાં, સર્વદેશકાળમાં છાશ પથ્યકર છે. તેનું 'મર્ત્યલોકસુધા' નામ સર્વથા યોગ્ય છે. (સંકલિત)

## લીલી દ્રાક્ષ

દ્રાક્ષમાં ઘણી જાત થાય છે. લીલી દ્રાક્ષમાં બી વિનાની દ્રાક્ષ ઉત્તમ છે. સામાન્ય રીતે દ્રાક્ષની મુખ્ય બે જાત થાય છે એક લીલાશ પડતી ધોળી અને બીજી કાલી દ્રાક્ષ. કાળી દ્રાક્ષ ઔષધમાં વિશેષ વપરાય છે. પણ અહીં આપણે લીલી તાજી દ્રાક્ષની જ વાત કરીશું.

જેમ કેરી લગભગ બધાને રુચિકર લાગે અને ખૂબ ભાવે, તેમ લીલી દ્રાક્ષ એવી મધુર અને સ્વાદિષ્ટ છે કે તે બધાંને ભાવે. એટલે ઋષિમુનિઓએ આ દ્રાક્ષને 'મધુકુલા' અને 'રસાલા' નામ આપેલ છે. લીલી દ્રાક્ષને હિન્દીમાં 'અંગુર' તરીકે ઓળખવામાં આવે છે.

દ્રાક્ષના એક પછી એક ગુણોનો વિચાર કરીએ તો દ્રાક્ષનું સેવન કરવાથી જે કોઈને પેશાબમાં બળતરા થતી હોય, પેશાબ ઓછો આવતો હોય, શરૂઆતની પ્રોસ્ટેટ પેશાબને અવરોધતી હોય, પેશાબ ટીપે ટીપે આવતો હોય, ઉનવા જેવું કાયમ રહેતું હોય તો આવાં લોકો આ બી વિનાની તાજી અંગુર પાણીથી ધોઈ મીઠાના પાણીમાં અર્ધો કલાક પલાળી સો સો ગ્રામ દિવસમાં એક થી બે વખત બે ત્રણ મહિના સેવન કરે તો આ તકલીફમાં અચૂક ફાયદો થાય છે.

ઘણાંને લિવરની નબળાઈ એટલી બધી હોય છે કે તેને લઈને આખું પાચનતંત્ર ઠપ્પ થઈ ગયું હોય છે. શરીરમાં નબળાઈ, ફીકાશ, એટલી બધી હોય છે કે, શરીરમાં ઉત્સાહ કે ઉમંગ જેવું કાંઈ દેખાતું નથી. લિવરની નબળાઈવાળા લોકો રોજની અઢીસો ગ્રામ અંગુર ઉપર રહે અને વધારે ફાવે અને બધી અનુકૂળતા હોય તો વિશેષ ખાઈ શકો તો તો બહુ સારું.

કારણ કે દ્રાક્ષમાં વિટામિન એ.બી.સી., આયર્ન અને બીજાં અનેક વિટામિનો આવેલાં છે.

જે લોકોને કાયમ કબજિયાત રહેતી હોય તેમણે સવાર-સાંજ બે વખત લીલી દ્રાક્ષનું બેત્રણ મહિના સેવન કરે તો જૂની કબજિયાતના રોગમાંથી નીકળી જાય છે. આ પ્રયોગ દરમિયાન વ્યક્તિએ બાજરો, મીઠાઈ, ફરસાણ છોડી દેવાં જરૂરી છે. વિશેષ દ્રાક્ષ ખવાય તો પણ વાંધો નથી. જે બહેનોને માસિક ઓછું અને મોડે મોડે આવતું હોય અથવા બહુ જ ઓછું કે ત્રણ ચાર મહિને આવતું હોય તેમણે સવારસાંજ બે વખત માફક આવે તે રીતે અંગુરનું સેવન બહુ અસરકારક નીવડે છે.

ક્ષયના રોગની વાત કરું. આવા લોકો કે જેઓને કફ થતો ન હોય અથવા જેઓને ફેફસાં સિવાયના ભાગમાં ક્ષય રહેતો હોય, હાડકાના કોઈ પણ ભાગમાં, ગર્ભાશયમાં, ગળે ટી.બી.ની ગાંઠો થઈ હોય કે, શરીરના અન્ય ભાગમાં ક્ષય રોગ હેરાન કરતો હોય તો, આવા દર્દીઓ સવાર-સાંજ બન્ને વખતે લીલી અંગુરનું સેવન કરે. તેઓ જે ઔષધ લેતા હોય તે ઔષધ બંધ કરવાની જરૂર નથી.

જે લોકોને ચશ્માંના નંબર વધ્યે જતા હોય કે આંખમાં અમુક જાતનાં વિટામિન્સ ખૂટતાં આંખને ઝાંખપ જણાતી હોય, બીજી કોઈ દવા કે ટીપાં અસર કરતાં ન હોય તેવાં નબળી આંખનાં બાળકો, યુવાનો કે વૃદ્ધોએ અંગુરનો સીઝનમાં પૂરેપૂરો ઉપયોગ કરવો જોઈએ.

કેન્સર જેવા લગભગ અસાધ્ય રોગમાં અંગુરનો સ્વચ્છ રીતે કાઢેલો રસ ઘણી વખત સારું કામ આપે છે. રોગીને ભૂખ લાગે છે. તેનામાં રોગ સામે લડવાની તાકાત વધી જાય છે. રોગી જે દવા કે સારવાર કરતા હોય તે ચાલુ રાખીને આ દ્રાક્ષના રસનું નિયમિત સેવન કરો તો, રોગીમાં નવી તાજગી, રોનક આવી જાય છે. અને શરીરમાં અનેક વિટામિન અંગુર મારફત મળવાથી રોગને હટાવવાની તાકાત વધી જાય છે. કેટલાક રોગીઓ લાંબું જીવી શકે છે. તો કોઈને ફાયદો થઈ જાય છે. આ પ્રયોગથી રોગીમાં પ્રતિકારક શક્તિ આવી જતી હોવાથી કેન્સરના રોગીને ફાયદો થઈ શકે. પણ તે મટી જ જશે તેનો દાવો કરી શકાય નહિ.

જે લોકોની ચામડી કાયમ રુક્ષ, નિસ્તેજ, ઝાંખી, સૂકી, ફાટ પડી ગયેલી, તરડાતી હોય, પગનાં તળિયાંમાં વાઢિયા પડતા હોય, હાથપગનાં તળિયાંની ચામડી બરછટ રહેતી હોય, આવી વ્યક્તિઓ રોજ બે વખત દ્રાક્ષનું સેવન કરે અને સવારસાંજ કોપરેલનું કાયમ માલીશ કરે તો છ માસમાં ફાયદો થશે.

જેઓને અવારનવાર માનસિક ડિપ્રેશન આવી જતું હોય, ખોટા વિચારોથી મન વ્યગ્ર રહેતું હોય, તંદ્રા, અનિદ્રા રહેતી હોય, ખોટા ભ્રમ લાગ્યા કરતા હોય, નિર્ણયશક્તિ નબળી પડી ગઈ હોય અથવા ઘણાં બહેનો મેનોપોઝમાંથી પસાર થઈ રહી હોય, અને સ્વભાવ કાયમ ચીડિયો કે ગુસ્સાવાળો રહેતો હોય તો આવી વ્યક્તિઓ અંગુરનું સીઝનભર સેવન કરે તો સારો લાભ થાય છે.

વૃદ્ધાવસ્થામાં જો દ્રાક્ષની સીઝનમાં શરૂઆતથી સીઝન પૂરી થાય ત્યાં સુધી તેનું બરોબર સેવન થાય તો આ સામાન્ય ગણાતી અંગુર 'કાયકલ્પ' કરી શરીરને ઘણો લાંબો સમય સુધી ટકાવી રાખે છે. - કાન્તિભાઈ વૈદ્ય ('ફૂલછાબ'માંથી)

## અપૂર્વ બલિદાન

આજથી અઢી હજાર વર્ષ પહેલાંની વાત છે. પટણા પાસે નાલંદા નામનું વિશ્વવિદ્યાલય આવેલું હતું. એની ખ્યાતિ જગતમાં પ્રસરેલી હતી. ચીન, કોરિયા, સિયામ, લંકા, તુર્કસ્તાન, યુનાન વગેરે દેશમાંથી હજારો વિદ્યાર્થીઓ આ વિશ્વવિદ્યાલયમાં અભ્યાસ માટે આવતા ને મહાપંડિત બની સ્વદેશ જતા.

હ્યુએનસંગ નામનો ચીનનો પ્રવાસી નાલંદામાં વિદ્યાભ્યાસ માટે દાખલ થયો. નાલંદામાં ભણતા વિદ્યાર્થીઓએ એની સાથે એવો પ્રેમભર્યો વ્યવહાર રાખ્યો કે તેને કદી એમ ન લાગ્યું કે હું પરદેશમાં છું.

એ ચીની પ્રવાસી વિદ્વાન જ્યારે ભણીગણી સ્વદેશ જવા રવાના થયો, ત્યારે તેણે પોતાની સાથે ઘણી બુદ્ધમૂર્તિઓ અને અનેક ગ્રંથોની હાથે કરેલી નકલો વગેરે સાથે લઈ જવા તૈયાર થયો.

એને વળાવવા માટે એની સાથે ભણતા ને પ્રેમમાં મુગ્ધ બનેલા થોડા વિદ્યાર્થીઓ સિંધુ નદીના મુખ સુધી સાથે જવા તૈયાર થયા. બધા વહાણમાં બેઠા. સરસામાન તથા પુસ્તકોના ઢગ ગોઠવ્યા. વાર્તા વિનોદ કરતા બધા પ્રવાસ કરી રહ્યા છે ત્યાં અર્ધે રસ્તે જતાં પવનની આંધી ચડી. વહાણ ડોલવા લાગ્યું અને તેમાં પાણી ભરાવા લાગ્યું. બધાને થયું કે વહાણ ડૂબી જશે. હ્યુએનસંગની બધી મહેનત નિષ્ફળ જવાનો પ્રસંગ ઊભો થયો. હવે શું કરવું? વહાણ આટલો બધો ભાર હવે ઝીલી શકે તેમ નથી.

આવી કટોકટીની વખતે આ વિદ્યાર્થી બ્રહ્મચારીઓએ અસાધારણ સાહસનો પરિચય કરાવ્યો. એમણે વિચાર્યું કે આ મૂર્તિઓ અને આ અમૂલ્ય ગ્રંથો પાણીમાં ડૂબી જશે અને તેથી આપણી સંસ્કૃતિ ને ધર્મનો પ્રચાર ચીન દેશમાં થઈ શકશે નહિ. ગમે તેમ કરીને આ પવિત્ર સ્મારકો બચાવવાનો તેમણે નિશ્ચય કર્યો અને દેહલાલસા દૂર કરીને નદી પ્રવાહમાં એક પછી એક કૂદી પડ્યા, ને જળમાં તેમના દેહ તણાઈ ગયા. આમ, વહાણનો ભાર હલકો કર્યો અને હ્યુએનસંગે પુસ્તકો અને મૂર્તિઓનું રક્ષણ

કર્યું.

નાલંદા વિશ્વવિદ્યાલયના આ વિદ્યાર્થીઓના અપૂર્વ બલિદાનમાં વિદ્યાલયની વિદ્યા ને સંસ્કારનો પ્રભાવ હતો.

- દેવશંકર દવે ('ફૂલછાબ'માંથી)

## નવા રચાતા ગ્રહો

જોકે આ અંક આપના હાથમાં આવશે ત્યારે તો આકાશમાં મૃગ તારામંડળ પશ્ચિમે આકાશમાં અસ્તાચળે જઈ ચૂક્યું હશે, પણ બહુ જાણીતું આ તારામંડળ ઘણાને બરાબર યાદ હશે. મૃગમંડળનું દર્શન આકાશમાં સૌથી સુંદર દૃશ્ય છે. આ તારામંડળનું વર્ણન જુદા જુદા ધર્મના ગ્રંથોમાંથી મળે છે. મૃગમંડળનું એક નામ 'ભરત' પણ છે. બીજી કલ્પના અનુસાર ભગવાન રુદ્રનું કાલપુરુષનું રૂપ છે. સામાન્ય ગ્રામજનો એને 'હરણી' નામે સારી રીતે ઓળખે છે. અંગ્રેજીમાં તેને 'ઓરાય' (Orion) એટલે કે 'શિકારી' કહે છે.

આ મૃગમંડળમાં એને વાગેલા 'બાણ'ના ત્રણ તારાઓની નીચે એક વિશાળ નિહારિકા આવેલી છે. આ 'બાણ'ના તારા મૃગમંડળની વચ્ચે એટલે કે એના પેટમાં આવેલા છે, જે શિકારીનો કમરબંધ પણ ગણાય છે. આ નિહારિકા આપણા તારાવિશ્વથી અતિરિક્ત છે. ખગોળશાસ્ત્રીઓએ હમણાં ઓરાયન નેબ્યુલામાં વાયુ અને રજ શોધી કાઢ્યાં છે, જે નવા રચાતા ગ્રહો હોવાનો નિર્દેશ કરે છે. આ નિહારિકા આપણાથી ૪.૫ અબજ પ્રકાશ વર્ષ દૂર છે. જર્મનીના મૅક્સ પ્લાંક ઇન્સ્ટિટ્યૂટ ફૉર એસ્ટ્રોનૉમિ (હાઈડલબર્ગ) ઓરાયન તરામંડળમાં આ શોધ કરી ત્યારે કહેલું કે આપણી પૃથ્વી સહિતની સૂર્યમાળા રચાતી હતી ત્યારે આવું દૃશ્ય હતું.

યુરોપિઅન હબ્બલ સ્પેસ ટેલિસ્કોપ દ્વારા ડૉ. મૅક્ડફટીઅન અને એના સાથીદારો સાથે ડૉ. સી. રૉબર્ટ ઓ'ડેલ રાઈસ-યુનિવર્સિટી ઇન હ્યુસ્ટ - ટેક્સાસ, એમણે છ વિશાળ વાયુ અને રજની તાસકો નવા તારાની આસપાસ ઘૂમતી જોઈ. મનાય છે કે આ ગ્રહો બની રહ્યા છે. ઓરાયન નેબ્યુલા આપણાથી લગભગ ૧૫૦૦ પ્રકાશવર્ષ દૂર છે અને 'તારાઓનું જન્મસ્થાન' ગણાય છે. ઘણા મોટા તારાઓ અને આપણા સૂર્ય જેવા હળવા વજનના તારાઓ પણ ત્યાં બન્યા હોવાનું મનાય છે. ખગોળશાસ્ત્રીઓએ ઓરાયન નેબ્યુલામાં ૭૦૦ જેટલા તારાઓ નવા બન્યા હેવાનું શોધી કાઢ્યું છે.

## કરોળિયા ઉછેરો

ઘરમાં કરોળિયાનાં જાળાની એ આળસની નિશાની છે. પણ જાણો છો, કરોળિયા કેટલા ઉપયોગી છે ?

ડાંગર, કપાસ, મગફળી, આંબા, ચીકુ જેવા અનેક પાકોને નુકસાન કરતા કીટકોનો નાશ મિત્ર કરોળિયા કરી શકે છે. પરિણામે ઝેરી જંતુનાશક દવાઓનો ઉપયોગ જરૂરી રહેતો નથી.

આંતરરાષ્ટ્રિય ડાંગર સંશોધક કેન્દ્ર ફિલિપાઈન્સમાં સંશોધન કરીને પુરવાર થયું છે કે ૧૦ થી ૧૫ જાતના કરોળિયા ડાંગરના ખેતરમાં થાય છે. તે પાકને નુકસાન કરનારા ૫૦ થી ૭૫ જેટલા કીટકોનો નાશ કરી શકે છે.

ભારતમાં પણ કરોળિયાનો આ ઉપયોગ સમજાવા લાગ્યો છે. ત્રીજી નવેમ્બર, ૧૯૯૫ના દિવસે મદ્રાસમાં આવેલ 'સેન્ટર ફૉર ઇન્ડિયન નૉલેજ સિસ્ટમ'ના વિજ્ઞાનીઓએ આસપાસની ત્રીસ શાળાઓના શિક્ષકોને પોતાની પ્રયોગશાળામાં કરોળિયાના ઉછેરની પદ્ધતિની માહિતી આપી પ્રત્યક્ષ બતાવ્યું કે ઘરગથ્થુ કરોળિયા ઉછેરવાનું સહેલું છે અને તે ખેતીમાં ઘણા ઉપયોગી છે. ૧૮ નવેમ્બર, ૧૯૯૫ના દિવસે તેમાંથી આઠ શાળાના ત્રીસ વિદ્યાર્થીઓને આ કેન્દ્રમાં એક દિવસના શિબિરમાં કરોળિયા-ઉછેરનું જ્ઞાન આપીને જે ઇચ્છે તેને કરોળિયા ઉછેરવાનાં બચ્ચાંઓ આપ્યાં હતાં. આપણી શાળાઓ અને વિજ્ઞાનકેન્દ્રો આ વિશે વિચારી શકશે ?

- રાજુભાઈ જંત્રાણિયા

## પ્રવાસીઓને ઉપયોગી સરનામાં

| | | |
|---|---|---|
| ૧. | અલ્હાબાદ (પ્રયાગ) | ૧. શ્રી ગુજરાતી સમાજ, પ્રયાગ અતિથિગૃહ, હાથીભાટા, ગેડાલાલ રોડ. |
| ૨. | આકોલા | ૧. શ્રી ગુજરાતી સમાજ, જી.પી.ઓ. પાછળ. |
| ૩. | આબુરોડ | ૧. શ્રી ગુજરાતી સમાજ, સ્ટેશન પાસે. |
| ૪. | આગ્રા | ૧. શ્રી ગુજરાતી સમાજ, કચેરીઘાટ, બેલનગંજ. ૨. શ્રી ગુજરાત મૉડર્ન ક્લબ, દરેસી નં. ૨. |
| ૫. | આસનસોલ | ૧. આસનસોલ ગુજરાતી સમાજ, ઉષા ગ્રામ (વેસ્ટ બૅંગાલ) |
| ૬. | ઇંદોર | ૧. શ્રી ગુજરાતી સમાજ, ગુજરાતી સમાજ માર્ગ, નસિયા રોડ, સંયોગીત ગંજ. |
| ૭. | ઉદેપુર | ૧. ઉદેપુર ગુજરાતી સમાજ. |
| ૮. | ઉજ્જૈન | ૧. શ્રી ગુજરાતી સમાજ, અવન્તિકાલય તિલક માર્ગ. |
| ૯. | ઔરંગાબાદ | ૧. સમરવાલા દેવડા ૨. હિન્દુ ધર્મશાળા. ૩. ટૂરિસ્ટ હોમ. |
| | કન્યાકુમારી | ૧. શ્રી વિવેકાનંદ સ્મારક ટ્રસ્ટની લૉજ. |
| ૧૦. | કલકત્તા | ૧. શ્રી કલકત્તા ગુજરાતી સમાજ, પી-૫, કૅનિંગ સ્ટ્રીટ, શાહજહાં બિલ્ડિંગ. ૨. કચ્છી જૈનભવન, ૫૯-ઇઝરા સ્ટ્રીટ. ૩. છગનબાપા અતિથિ ગૃહ. |

લક્ષ્મીનારાયણ મંદિર, ભવાનીપુર, ૪૨-શરદ બોઝ રોડ.

૧૧. કાનપુર — ૧. શ્રી ગુજરાતી સમાજ ૬૦/૨૯ પુરાન દાલમંડી, નયાગંજ ચાર રસ્તા.

૧૨. કાશ્મીર — ૧. બોલેવાર્ડ રોડ, ડાલ સરોવર,શ્રીનગર. ૨. હોટેલ મમતા, શ્રીનગર. ૩. હોટેલ પૂર્ણિમા, ગુલમર્ગ. ૪. ગુજરાત લોડ, જેલમ નદીના કિનારે, બસ સ્ટેન્ડ પાસે, શ્રીનગર.

૧૩. કોઈમ્બતુર — ૧. કોઈમ્બતુર ગુજરાતી સમાજ ૧૨/૨ શિરીઅન ચર્ચરોડ.

૧૪. કોચીન — ૧. ગુજરાતી મહાજન, ન્યૂ રોડ, જૈન મંદિરની બાજુમાં. ૨. પોપટલાલ ગોરધનલાલ જૈન સમાજ અતિથિગૃહ.

૧૫. કોટા — ૧. શ્રી વિવેકાનંદ સ્મારક ટ્રસ્ટની લૉજ.

૧૬. ખડ્ગપુર — ૧. શ્રી ગુજરાતી સમાજ, ગન્નાઘર, મસ્જિદ નીચે.

૧૭. ચંદીગઢ — ૧. પંચાયત ધર્મશાળા, સેક્ટર-૧૨ બી.

૧૮. જગન્નાથપુરી — ૧. ધનજી મૂળજીની ધર્મશાળા, ગ્રાન્ડ રોડ, મુખ્ય મંદિર પાસે.

૧૯. જમશેદપુર — ૧. શ્રી ગુજરાતી સનાતન સમાજ, ખરકાઈ લિન્ક રોડ, બિસ્તુપુર.

૨૦. જયપુર — ૧. જયપુર ગુજરાતી સમાજ, સી સ્કીમ, મહાવીર માર્ગ, જય ક્લબની સામે.

૨૧. તિરૂચીરાપલ્લી — ૧. શ્રી ગુજરાતી સમાજ, ૫૨, ગુજલી સ્ટ્રીટ.

૨૨. ત્રિવેન્દ્રમ — ૧. શ્રી મૂળજી જેઠાની ધર્મશાળા. ૨. આર્યભવન, ૩- શ્રી નિવાસ ટૂરિસ્ટહોમ.

૨૩. દિલ્હી — ૧. શ્રી દિલ્હી ગુર્જરાતી સમાજ, રાજનિવાસ માર્ગ, સિવિલ લાઈન્સ.
૨. શ્રી સ્વામિનારાયણ અતિથિગૃહ, બસ સ્ટેન્ડ પાસે, ૧૩, બેલારોડ.
૩. ગુજરાત ભવન, અશોકા હોટલ પાસે, ચાણક્યપુરી.

૨૪. દુર્ગાપુર — ૧. શ્રી ગુજરાતી સમાજ, અનુરાધા સિનેમા પાસે, બેનાચેટી.

૨૫. નાગપુર — ૧. શ્રી ગુજરાતી નવ સમાજ, લાડપુરા, જૈન દેરાસરની પાસે, ઇતબારી.
૨. શ્રી લોહાણા સેવા મંડળ, અતિથિગૃહ, સેન્ટ્રલ એવન્યૂ ગાંધીબાગ.

૨૬. નાસિક — ૧. મુક્તિધામ, સ્ટેશન રોડ. ૨. ઝવેરબાઈ આરોગ્ય ભવન, પંચવટી-૩. ૩. મારવાડી ધર્મશાળા, પંચવટી. ૪. ભક્તિધામ, સ્ટેશન રોડ, ૫. ભાટિયા ધર્મશાળા, પંચવટી.

૨૭. નાંગલ — ૧. સરકારી ટૂરિસ્ટ બંગલો.

૨૮. પટના — ૧. શ્રી પટના ગુજરાતી સમાજ, આબદીન હાઉસ, ફેઝર રોડ, ઑલ ઇન્ડિયા રેડિયો પાસે.

૨૯. પૂના — ૧. શ્રી આદિનાથ સોસાયટી ટેમ્પલ ટ્રસ્ટ, દેવીચંદ કેસરીમલ અતિથિગૃહ, સતારારોડ. ૨. શ્રી જે.પી. ત્રિવેદી અતિથિગૃહ, ગોલે રોડ, શિવાજીનગર. ૩. મોરારજી ગોકુલદાસ ધર્મશાળા, સ્ટેશનની સામે. ૪. એચ.એમ.સી. ગેસ્ટ હાઉસ, બુધવાર પેઠ.

૩૦. બૅંગ્લોર — ૧. જૈન ધર્મશાળા (જૈનો માટે) ચીકપેટ. ૨. જૈન ભવન (જૈનો માટે) ગાંધીનગર. ૩. વૈષ્ણવસમાજ. ૪. મહારાષ્ટ્રમંડળ.

૩૧. મથુરા — ૧. સુરતવાળાની ધર્મશાળા, મુખ્ય મંદિર પાસે.
૨. મથુરાદાસ મુંબઈવાળાની ધર્મશાળા, બંગાળી ઘાટ.

૩૨. મદુરાઈ — ૧. બિરલાધર્મશાળા મીનાક્ષી મંદિર પાસે. ૨. બાંગડની ધર્મશાળા, સ્ટેશન પાસે. ૩. મંગામલ ધર્મશાળા, સ્ટેશન પાસે. ૪. મીનાક્ષી ભવન.

૩૩. મદ્રાસ — ૧. ગુજરાતી મંડળ, ૧૧૬ બ્રોડ વે સાઈકલ બજાર, મહારાષ્ટ્ર બૅન્કની ઉપર.
૨. કચ્છી જૈન સમાજ, વેંકટ નારાયણસ્ટ્રીટ.
૩. ગુજરાતી ધર્મશાળા, સ્ટેશન પાસે.

૩૪. માથેરાન — ૧. માણેકલાલ ટેરેસ.

૩૫. મૈસૂર — ૧. જૈન ધર્મશાળા (જૈનો માટે) ૨. અગ્રવાલ ચોલ્ટ્રી. ૩. નાગરાજ ઉર્ષ ચોલ્ટ્રી. ૪. નંદબહાદુર છત્રમ.

૩૬. રતલામ — ૧. શ્રી રતલામ ગુજરાતી સમાજ, જવાહર માર્ગ (મ.પ્ર.)

૩૭. રાઉરકેલા — ૧. શ્રી ગુજરાતી સનાતન સમાજ, બીસરા રોડ, ગુજરાતી કૉલોની પિન-૭૬૯૦૧૧.

| | | |
|---|---|---|
| ૩૮. રામગંજમંડી | ૧. શ્રી ગુજરાતી સમાજ, રામગંજમંડી (જિ. કોટા) |
| ૩૯. રામેશ્વર | ૧. બાગલાની ધર્મશાળા. |
| ૪૦. રાયપુર | ૧. શ્રી ગુજરાતી સમાજ, ગુજરાતી સ્કૂલ પાસે. કે.કે. રોડ, મહુધાપારા. |
| ૪૧. વારાણસી | ૧. રેવાબાઈની ધર્મશાળા, ચોક. ૨. ભાટિયા ધર્મશાળા, ગોલઘર. |
| ૪૨. સિકંદરાબાદ | ૧. શ્રી ગુજરાતી સેવા મંડળ, રાષ્ટ્રપતિ રોડ, ઝીરા. |
| ૪૩. શ્રીનગર | ૧. હોટેલ ડ્રીમલેન્ડ/હોટેલ સનસાઈન, |
| ૪૪. શ્રીરંગમ | ૧. બોગડ ધર્મશાળા, સાઉથ ગેટ, મંદિર પાસે. |
| ૪૫. હરિદ્વાર | ૧. શ્રી ગુજરાતી ભવન, જસારાવ ફતેચંદ રોડ, સ્ટેશન સામે. ૨. નાનજી કાલિદાસ ગુજરાતી ભવન, નિરંજની, અખાડા રોડ, ગંગાકિનારે. |
| ૪૬. હૈદ્રાબાદ | ૧. શ્રી ગુજરાતી પ્રગતિ સમાજ, 'દીપક ભવન' ૪-૩-૧૪૮ હનુમાન ટેકડી, મસ્જિદ પાસે. ૨. શ્રી ગુજરાતી પ્રગતિ સમાજ, વાડી કંદાસ્વાતી લેન, પ્રેમબાગ, સુલતાન બજાર. ૩. કચ્છી ભવન અતિથિગૃહ, રામકોટ, ઈડનગાર્ડન રોડ. ૪. અમૃત અતિથિગૃહ, કંદાસ્વામી લેન, કાપડિયા માર્કેટ સુલતાન બજાર. |

(સંકલિત)

અનુસંધાન] સ્થિર નદી, સરતાં નીર [પૃ. ૧૮૯થી

પ્રેક્ષક-ગણ શાંતિથી વિખેરાઈ જાય. બધાં ચાલતાં કે સાઈકલ પર આવ્યાં હોય, એટલે આપણે ત્યાં થાય છે એવો, મોટરોના હોર્નનો અવિચારી કકળાટ પણ નહિ.

વુશિમાં અમને પાંચ જણને નાટ્ય-મંચ પર જવાની, અને કળાકારોને નજીકથી જોવાની અસાધારણ તક મળી હતી, તે બાકીનાંને યાદ હતું. એવી તક અહીં મળે એવી એમણે આશા રાખી હતી, પણ એવું કાંઈ બન્યું નહિ! એવા સૌભાગ્યને લાયક કાંઈ બધાં હોય?

મને તો જોકે, ફુલાઈ જવાય તેટલાં વખાણ મળી ગયાં હતાં. સંગ્રહાલયમાં કામ કરતી પેલી યુવતીઓ ખૂબ શોખથી મારી સાથે વાત કરવા આવી હતી. મને કહે, 'તમે બહુ જ સુંદર છો. તમારી આંખો, તમારી ભમ્મરો.' પછી કહે, 'તમે કેટલી નાની ઉંમરનાં લાગો છો!' પછી પૂછે, 'તમે સિનેમામાં કામ કરો છો? તમે અભિનેત્રી છો?' હેઈ, સફેદ ચામડી ને સોનેરી વાળવાળાં પરદેશીઓની જેમ ભલે ચીનીઓ મારી આસપાસ ટોળે ના ભરાય; મારી તરફ એમનું ધ્યાન નહોતું ખેંચાતું એવું ન હતું!

અનુસંધાન] વાચકો લખે છે [પૃ. ૧૭૦થી

૮. 'રાધે તારા ડુંગરિયા પર' - ભોળાભાઈ પટેલ, (ભ્રમણવૃત્ત), ૧૯૮૭, પૃ. ૧૧૯, ૧૨૯, તેઓશ્રી બારસો કારીગર અને બાર વર્ષનો નિર્દેશ કરે છે.

મહાકાય ગજરાજના પ્રસ્તુત શિલ્પને સામેથી નીરખતાં આગલો જમણો પગ (વાસ્તવમાં આગલો ડાબો પગ) ગોઠણથી વળેલો છે, મુખ અને આંખ ક્રોધાયમાન છે, યોદ્ધાના બંને હાથ અને શિર સૂંઢમાં લટકે છે, કાન ફૂલેલ છે. ગજરાજની દેહયષ્ટિ અનુકમ્પાની નહિ પરંતુ વેરની વસૂલાતની છે.

શ્રી રૂસ્તમ મહેતાના ગ્રંથ 'Konarak-The Sun Temple of Love' માં વિવરણ છેઃ "The colossol, Free-Standing, Monolithsic sculpture of a pachyderm (ગજરાજ, હસ્તી) massive and vicious in action tossing away the trampled down remains of its attacker."

હસ્તી હુમલાખોરના શરીરના અવશેષોને ફેંકવાની પ્રક્રિયામાં છે.

- વી.બી. ગણાત્રા (મુંબઈ)

અનુસંધાન] કંકાવટી [પૃ. ૧૭૦થી

પણ એટલું જ ઉપયોગી નિવડે તેમ છે. એકાદ-બે ઈંગિત તેમાંથી :

* તાજા દૂધમાં રાઈના તેલનાં ટીપાં નાખી ચિનાઈ માટી કે કાચના વાસણમાં તે ભરીને રાખવાથી વગર ફ્રિઝે દસ દિવસ સુધી ખાટું કે બેસ્વાદું થતું નથી. (પૃષ્ઠ : ૨૨૮)

* મહુડા, જેઠીમધ અને ખાંડનું મિશ્રણ ઝાડના મૂળમાં સિંચવાથી ફળનાં બીજ નાનાં થાય છે તથા ફળ મોટાં થાય છે. જો આ માવજત લાંબો સમય ચાલુ રાખવામાં આવે તો બીજ સાવ જતાં રહે છે.

- શ્રુતિ ત્રિવેદી

નમતાંને સહુ કો નમે, સહુ કો દે સન્માન;
સાગરને નદીઓ ભજે છોડી ઊંચાં સ્થાન.
સ્નેહરશ્મિ

હિન્દુસ્તાનના સુપ્રસિદ્ધ દેશભક્ત મહાદેવ ગોવિન્દ રાનડેના વિદ્યાર્થીકાળનો આ પ્રસંગ છે. કુટુંબમાં સમૃદ્ધિ હોવાથી માતા તેમને માટે વારંવાર ઘરેણાં કરાવી પહેરવાનો આગ્રહ કરતી. એક વાર સોનાની કંઠી તો બીજી વાર સોનાની વીંટી માતાએ કિશોર રાનડેને પહેરવા આપી. ઘરેણાં પહેરવાને બદલે રાનડેએ તે કબાટના ખાનામાં મૂકી દીધાં. એક વાર નાહ્યા પછી રાનડેના ઉઘાડા શરીર પર અલંકારો ન જોતાં માતાએ તે ઘરેણાં કેમ નથી પહેર્યાં અને ક્યાં છે તે પૂછ્યું. કબાટમાંથી ઘરેણાં કાઢીને બતાવતા રાનડેએ જણાવ્યું કે મારા વર્ગમાં કેટલાક વિદ્યાર્થીઓ ફી ભરી શકતા નથી, કેટલાકની પાસે પૂરતાં કપડાં નથી તો પછી હું આપણા વૈભવનું પ્રદર્શન કઈ રીતે કરી શકું ? માતા ચૂપ થઈ ગયાં !

*

કમળો કે કમળીમાં ગળોની એકથી બે ચમચી જેટલા રસમાં એટલું જ મધ ઉમેરી સવાર, બપોર અને રાત્રે એમ ત્રણ વખત લેવાથી ફાયદો થશે.

*

હંસની ડોકમાં ઓગણીસ સાંધાઓ હોય છે, જ્યારે જિરાફની લાંબી ડોકમાં માત્ર સાત જ સાંધા હોય છે !

*

બાફેલા બટાટાના પાણીમાં ચાંદી અને પિત્તળનાં વાસણો ધોવાથી તે ચકચકિત થાય છે.


*

ઈ.સ. ૭૯માં માઉન્ટ વિસુવીઅસના વિસ્ફોટમાં નાશ પામેલા પૉમ્પીઆઈ નગરના એક મકાનની આગળ 'કૂતરાથી સાવધ રહો' એ મતલબના લખાણવાળું પાટિયું મળી આવ્યું છે.

ઝીબ્રાના શરીર ઉપરના પટ્ટા માણસની આંગળાની છાપ જેમ તદ્દન આગવા જ હોય છે. કોઈ પણ બે ઝીબ્રાના શરીર પરના પટ્ટા એકસરખા હોતા નથી.

*

જયપુરના રાજા સવાઈ જયસિંહે પૈડાં પર ચાલતીફરતી 'જયવંત' નામની આ તોપ ઈ. ૧૭૨૦માં બનાવરાવેલી. આ તોપ



મોટામાં મોટી ગણાય છે. એની નાળ ૬.૦૭ મીટર લાંબી અને નાળચું લગભગ ૧ મીટર પહોળું છે. એનાં પૈડાંનો વ્યાસ ૨.૭૪ મીટર અને એનું વજન ૫૦ ટન છે. એક વખતના ધડાકા માટે તેમાં ૧૦૦ કિ.ગ્રા. દારૂ વપરાયો હતો. અત્યાર સુધીમાં ફક્ત એક વેળા, અજમાએસ ખાતર, એ વપરાઈ છે; જ્યારે ૫૦ કિ.ગ્રા. વજનનો ગોળો ૩૫ કિ.મી. દૂર ફેંકાયો હતો.

*

ગણિતગમ્મત

૪૧૧૫૨૨૬૩ને ૩ વડે ગુણતાં ૧૨૩૪૫૬૭૮૯ રકમ આવે છે, જે ચઢતા અનુક્રમે છે.

(મનુભાઈ ગુ. દેસાઈ)

જાણો છે કે પ્રકાશ વર્ષની શોધ કરનાર ભારતના આર્ય ભટ્ટ હતા ?

*

વડોદરાના ૨૨ વર્ષના નરેન્દ્ર પાસે લગભગ ત્રણ સાડા ત્રણ હજાર રેકૉર્ડનો સંગ્રહ છે. ભારતમાં ઈ. ૧૯૦૨ની સાલથી રેકૉર્ડ બનાવવાનું શરૂ થયું ત્યારથી આજ સુધીમાં તૈયાર થયેલી અનેક ભાષાની રેકૉર્ડોનો તેમની પાસે અદ્ભુત સંગ્રહ છે.

*

તમે જાણો છો કે મીનળદેવીએ બંધાવેલું મુનસર તળાવ અમદાવાદ જિલ્લાના વીરમગામ ખાતે આવેલું છે ? આ તળાવને ફરતી પથ્થરની કોતરેલી ૩૬૦ દેરીઓ હતી અને પ્રત્યેકમાં ઘંટડી હતી, જે સાંજે આરતીટાણે એક સાથે વગાડાતી.

*

દરિયાઈ બિલ્લી પાણીમાં રહેવા છતાં પણ પલળતી નથી. જાણો છે કેમ ? એના શરીરની રુવાંટીના બે થર હોય છે માટે !

**કલાકણિકા** • લગભગ ઈ.સ. ૧૮૦૦ની આસપાસ રુમાનિયામાં તૈયાર થયેલાં શોભન-ચિતરામણયુક્ત કપ-રકાબી.



## વૈશાખ

આજ વૈશાખ શો ઠીબમાં ઝૂલતો!
ને પણે નેજવે હાંફતી ચાંચમાં ખૂલતો.
ગંધ-કુપ્પી સમી સાખમાં ફોરતો
ઘોરતો ઓરડે કો'ક એદી તણી આંખમાં.

સૂસવતી લૂ મહીં દોડતો, ને વળી
ખોડતો જાતને શ્વાનના ખોળિયે બોડમાં.
બંધ પાંખો કરી બેસતો પર્ણના ઝુંડમાં
તો ખડો થૈ જતો ડમરીલા થંભમાં.

જૈ ઊંડે વાવ ને કૂપમાં કુંડમાં
કાય કૈં ઠારતો.
આજ વૈશાખ આ
થાક ઉતારતો છાંયડે પરબની પ્યાસમાં.

ડારતો નભતપ્યા ચંડ લોચન થકી
મૂળમાં ટૂંટિયે ફફડતી છાંયને
મોકળે મન જરી અંગ લંબાવતાં.

ખોરડા બ્હાર ભાગી ગયાં
નાગડાં-પૂગડાં બાળને બરકતો
રતૂમડું મરકતો ગુલમહોરે છક્યા છાકમાં.

અરવને અલસ બપ્પોરમાં
મેં દીઠો આજ વૈશાખ કો રાજવી
જેમ જીતી બધું
હોય ઊભો પ્રતાપે બડા લાંકમાં !

**ધીરુ પરીખ**

નીતિ એ મનુષ્યના નાવને દોરનાર ધ્રુવ છે. પણ નાવ પાણીનાં મોજાંથી ડરીને સમુદ્રમાં જ પડે નહિ તો ધ્રુવનું દર્શન કશા ઉપયોગનું નથી, ધારેલે બંદરે વહાણ પહોંચતું નથી. નીતિનું તત્ત્વ પોતે પોતાની મેળે સાચવી સાચવીને, ફૂંકી ફૂંકીને, ચાલવામાં, કે પોતાનાં કર્તવ્યોની સન્મુખ થતાં જે સંબંધ સંસર્ગાદિ કરવા પડે તેમનાથી ડરી જઈ કર્તવ્યોનો ત્યાગ કરવામાં રહ્યું નથી; પ્રાપ્ત થતા કર્તવ્યમાં આંખો મીંચીને ઝોકાવ્યાં છતાં, ઈષ્ટાનિષ્ટ કે કનિષ્ટ ગમે તેવા સંબંધ સંસર્ગ અવશ્ય રીતે પ્રાપ્ત થાય તે વહોર્યા છતાં, કર્તવ્યને પાર ઉતારતાં, સંબંધ કે સંસર્ગની અસર પોતાના નીતિનિમય ઉપર ન થવા દેતાં તે તે સંસર્ગાદિકનો ઉપયોગ કર્તવ્ય કરવામાં થઈ શકે તેટલો કરી લેતા જવો એમ ઉત્તમ વીર્યનું આધાન કરી આપવામાં નીતિનું તત્ત્વ રહેલું છે.

મણિલાલ નભુભાઈ દ્વિવેદી

# આષાઢ

અમસ્તાં અમસ્તાં ન વાદળ હસે છે;
સમંદરની માયા ગગનને રસે છે!

ઢળેલી ક્ષિતિજોની પાંપણ ભીની છે,
ઝૂક્યાં ઓ જલોની શી પાંખો શ્વસે છે !

અમોને શું પૂછો ધરા વીજ સ્હશે ?
ધરાનાં જ ધાવણ ઘનોની નસે છે !

હવાની લીલાને તો પર્ણો હીંચોળે,
પુરાણાં થડોમાંય ઝાંયો વસે છે.

ધગેલા કિરણને તો છાંયો મળી ગ્યો,
વહેતી ભીનાશોની કાયા હસે છે.

સીધા નિર્ઝરેમાંય છલતી જુવાની,
જાણું : નદીનાં જલો ક્યાં ધસે છે ?

મળી ગઈ છે મોસમ ગગન રોપી લેશું;
લપાયલ નિસાસા ભલે-ને ધસે છે !

અમસ્તાં અમસ્તાં ન વાદળ હસે છે;
અમારાંય હૈયાં ગગંનને રસે છે !

['એકાંતોની સોડમાં']

વ્રજલાલ દવે

**સદ્ગત કવિ વ્રજલાલ દવેની**
**સ્મૃતિમાં**
**તેમનાં પરિવારજનો તરફથી**
**સ્થાનસમર્પિત**